ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No.:9 - ISSUE : 08 • November 2021 • PAGES : 48 • PRICE 30/-

ગુજરાતી અંગ્રેજી વર્ષ : ૯ (કુલ વર્ષ ૯૩) અંક : ૮ • નવેમ્બર ૨૦૨૧ • પાનાં : ૪૮ • કિંમત : ૩૦/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈનઃ ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈનઃ ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશનઃ ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધઃ**


- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.

- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | આપણી દીવાલ પર આપણી પોતાની સહી! | સેજલ શાહ | ૦૩ |
| ૨. | ગંગાથી વોલ્ગા સુધી | કુમારપાળ દેસાઈ | ૦૮ |
| ૩. | કરૂણા-સેવા યજ્ઞ સંસ્કાર | બકુલ ગાંધી | ૧૦ |
| ૪. | અધ્યાત્મ સાધનાનો પાયો છે, સમતા | તત્વચિંતક વી પટેલ | ૧૪ |
| ૫. | Atmasiddhi Shastra : Six Spirirual Truths of the Soul | રશ્મિ ભેદા | ૧૬ |
| ૬. | કોરોનાએ મને શું આપ્યું? | સોનલ પરીખ | ૧૭ |
| ૭. | આદરાંજલિ કમલા ભસીન (૧૯૪૬-૨૧) | વિભૂતિ પટેલ | ૧૯ |
| ૮. | ફરીએ તો વિસ્તરીએ-૧૫ : જીતના કમ સામાન રહેગા... | જેલમ હાર્દિક | ૨૧ |
| ૯. | લેખનકલા અને લિપીની ગઈકાલ અને આજ | ભારતી શાહ | ૨૩ |
| ૧૦. | શબ્દ ચિંતન | પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજયમહારાજ | ૨૬ |
| ૧૧. | જ્ઞાન સંવાદ | સુબોધી મસાલિયા | ૨૮ |
| ૧૨. | જ્ઞાન સંવાદ - ૧૧ | પાર્વતીબેન ખીરાણી | ૨૯ |
| ૧૩. | મનની નિર્મળતા : ધર્મ | પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. | ૩૧ |
| ૧૪. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૩૨ |
| ૧૫. | Acarya Amrtacandra | Kamini Gogri | ૩૫ |
| ૧૬ | Interception of Inflow of Karma | Prachi Shah | ૩૮ |
| ૧૭. | સત્ય | મહેશ પઢારિયા | ૪૧ |
| ૧૮. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૪૪ |
| ૧૯. | ભાવ-પ્રતિભાવ | – | ૪૬ |
| ૨૦. | અપીલ | – | ૪૭ |
| ૨૧. | જો મારો હોય અંતિમ પત્ર તો... | ભારતી દિપક મહેતા | ૪૮ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૮ • વીર સંવત ૨૫૪૮ • કારતક સુદ - ૧૨

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ


**તંત્રી સ્થાનેથી...**

## આપણી દીવાલ પર આપણી પોતાની સહી!

**ભા**રતીય ધર્મશાસ્ત્ર અનુસાર આ વિશ્વના રચેયતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહેવાય છે. આ ત્રણેય આપણા સ્વભાવનું પ્રતિબિંબ છે, દાદા ભગવાન કહે છે તેમ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ પ્રકૃતિના ત્રણ ગુણને નામ (રૂપક) આપ્યા છે, કે જે દરેક વ્યકિતની અંદર હોય છે:

૧. પિત્ત (બાઈલ જ્યુસ) શરીરમાં સાત્ત્વિક પ્રકૃતિ (ગુણો) લાવે છે (સદ્‌ગુણ, રીલેટીવ જાગૃતિ),

૨. વાયુ જે રજસ પ્રકૃતિ માટે જવાબદાર છે (જુસ્સો, ઇચ્છા), અને

૩. કફ કે જે તમસ પ્રકૃતિમાં પરિણમે છે (અંધકાર, રીલેટીવ અજાગૃતિ, આળસ).

આ પ્રકૃતિ અનુસાર ગુણો પ્રગટ થાય છે. દરેક વ્યક્તિની પ્રકૃતિ હોય છે અને પ્રકૃતિ જડ પરમાણુની બનેલી છે. મૂળ જડ પરમાણુનો સ્વભાવ પરમેનેન્ટ છે, જ્યારે પ્રકૃતિના પર્યાય દરેક ક્ષણે ઊભા થાય છે અને મરે છે (ક્ષય) થાય છે. પર્યાય નિરંતર ઉત્પન્ન થાય છે ને વ્યય થાય છે. એવી જ રીતે, જીવમાત્રમાં આત્મા શાશ્વત (અવિનાશી) તત્વ છે, જ્યારે આત્માના પર્યાય નિરંતર ઉત્પન્ન થાય છે અને વિનાશ થાય છે. કોઈ પણ એક સ્વભાવ આજીવન નથી હોતો તે સતત બદલાય છે. એ સ્વભાવને કાયમ કરવાનો પ્રયત્ન કરતા કરતા યોગી બનાય છે.

સાધના દ્વારા માત્ર ઇચ્છા કાબૂમાં નથી આવતી પણ સ્વભાવ પર પણ પકડ મેળવાય છે. નિરંતર સ્થિર રહેવા માટેની સાધના માત્ર યોગીની જ નથી હોતી પણ માતાની-શિક્ષકની પણ હોય છે. આ બન્ને વ્યક્તિત્વે પણ પોતાના સ્વભાવમાંથી બહાર આવીને બાળ-હિતાય પ્રવૃત્તિ કરવાની હોય છે. ગુફામાં રહીને એકાંતમાં સાધના કરવી કે પછી ઘોંઘાટમાં રહીને ઉદ્દેશ્યથી ચલિત થયા વગર જે સાધના કરે, તે પણ એક રીતે તો સાધક જ. શિક્ષકની સામે અનેક શક્યતાઓ છે. એક કેન્દ્ર સાથે અનેક દોરા બાંધેલા હોય, તેવી કલ્પના કરો. દોરાનો એક છેડો શિક્ષકના હાથમાં છે, બીજે છેડે વિદ્યાર્થી. જેટલી ક્ષમતા તેટલો દોરો લાંબો ખેંચાય. કેટલાંક મૂળ લાંબે જાય તો કેટલાંક સાવ ટૂંકા છે. તો કેટલાંકને તો બીજા છેડે, બીજો દોરો જોડવો પડે ત્યારે તે પોતાના નિશ્ચિત પડાવે પહોંચી શકે. પણ શિક્ષક / ગુરુ એકપણ દોરાને પોતાના કેન્દ્રથી

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી ઈન્દુમતીબેન એસ. વસા**


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઈન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

છૂટા  નથી મૂકી દેતા. બન્ને છેડે એટલે ધ્યાન રાખવું પડે જેથી દોરામાં ગાંઠ ન પડે, ગુંચ ન પડે. આ કેન્દ્ર સાથેનું જોડાણ એ બંધન નથી પણ જ્યાં સુધી લયમાં ન આવીએ ત્યાં સુધીનું માર્ગદર્શન છે.

જીવનનો બીજો પડાવ એટલે કે શિક્ષણ ખૂબ મહત્વનો છે. એ પડાવમાં જ્ઞાન મેળવવાની અને એના ઉપયોગની બન્ને ક્રિયા સાથે ચાલે છે. યાદ રાખવાનું છે કે જ્ઞાન માહિતી ન બને પણ પ્રજ્ઞા બને. સૂઝ અને સમજના દરવાજા ઉઘાડે. જ્ઞાનને બીજામાં આરોપી નથી શકાતું, એ ઉગે છે, પોતાના વિદ્યાતપથી. વિનય અને વિનમ્રતાથી.

* * *

જ્ઞાન દ્વારા પ્રજ્ઞાનો વિકાસ ન થાય તો એ જ્ઞાનનો શું અર્થ? જ્ઞાન મેળવવા પાછળનો ઉદ્દેશ્ય શું છે? જ્ઞાન મેળવીને અર્થ સંપન્ન થવું છે, જ્ઞાન મેળવીને વક્તા બનવું છે, લોકપ્રિય બનવું છે, કે જાત પ્રયોગના માર્ગે ચાલવું છે? છેવટે જ્ઞાન પ્રાપ્તિનો ધ્યેય શું છે? ધ્યેયને અનુરૂપ શક્તિ, પ્રયાસ કરવાના રહે છે. આત્મામાં એ ગુણો રહેલા છે પરંતુ તે ગુણને બહાર લાવવા પડે છે. તમારામાં કૌશલ છે, શક્તિ છે પણ તેને વ્યક્ત કરવા માટે જ્ઞાન આવશ્યક છે. સમ્યક્ જ્ઞાનના પ્રભાવથી અંતરનો અંધકાર દૂર થાય છે. ભૌતિક રીતે જ્ઞાનના વિકાસથી કૌશલ્ય કેળવી અર્થને પ્રાપ્ત કરી શકાય. આ બન્ને માર્ગ મહત્વના છે. આવશ્યકતા બન્નેની છે. કારણ વગરનો દંભ જીવનમાં વધુ અવ્યવસ્થા સર્જે. સફળતા અને અસફળતા વચ્ચેનો ભેદ પ્રજ્ઞાથી સમજાય છે. જ્ઞાન, અભાવ વચ્ચે પણ ચલિત નથી કરતુ. એ આંતરિક પ્રસન્નતા અને અંતરવૈભવનો અનુભવ કરાવે છે. સ્કુલમાં આ વિષયો શીખવી નથી શકાતા, પણ શિક્ષકનો વ્યવહાર જ આ વિષય શીખવે છે. તમારી બાજુમાં બેસીને તમારો શિક્ષક, તમને જાણ પણ ન થાય તેમ, તમારા અંધકારને દૂર કરતો હોય છે. આત્મવિશ્વાસ, સાહસ, સત્ય, દઢતા, સંશોધનના પ્રયોગો કરવા પ્રેરતો હોય છે.

* * *

શાશ્વત તત્વ સાથેનો લય જાળવતા આપણો પ્રવાસ નિરંતર ચાલુ છે. ઘરના મકાન પછી શાળાનું મકાન અને પછી ઓફિસનું મકાન, જીવનના ત્રણ મહત્વના મુકામ. પહેલા મુકામે જીવન, નામ, સંબંધો આપે છે. બીજા મુકામે સ્વપ્નો, જવાબદારી અને જ્ઞાનની સફરનો આરમ્ભ થયો. ત્રીજા મુકામે જીવનના કર્તવ્યપાલન માટેની ભૂમિકા ધારણ કરીને કાર્યનો આરમ્ભ થયો. દરેક નવા મુકામ સાથે આગળના મુકામ સાથેનો સંબંધ ઓછો થતો ગયો. પણ જીવનની દૌડ અને સ્પર્ધા એવી હતી કે પાછળ ફરીને જોવાનો કે રોકાવાનો સમય જ નહોતો!

દરેક મુકામ પર આરમ્ભબિંદુ મળ્યું અને વિસ્તાર સધાતો ગયો, જેટલી શક્તિ હતી તેટલું ઉડ્ડયન, ઊંચાઈ સાધી શકાયા. આ પ્રવાસમાં જાણકારી ઉપરાંત મહત્વનું બન્યું જ્ઞાન, પ્રજ્ઞા, સૂઝ-સમજ વગેરે.

દિવાળીના દિવસોમાં વરખ લગાડેલી મીઠાઈ જોઈને અનેકવાર થતું કે મીઠાશ ઉપરાંત આ શણગારની શું જરૂર? પણ આજે સમજાય છે. મનુષ્યમાત્રને શણગારનું આકર્ષણ છે. પહોંચવું છે પર્વતની ઉચાઈ પર, પણ તળેટીથી વાત કર્યા કરવી છે પર્વતના પરિભ્રમણની અને તળેટીના વિસ્તાર સાથેનો મોહ નહીં છૂટે ત્યાં સુધી ઊંચાઈ સાથેનો લગાવ કઈ રીતે જોડાશે! કેટલીક વ્યક્તિઓ માત્ર સ્વપ્નો જોતી હોય છે, સ્વપ્નો જોવા, તે અંગે વાત કરવી તેમને બહુ જ ગમે છે પણ કેટલાંક લોકો એવી કોઈ વાતો કર્યા વગર ધીમી મક્કમ ગતિએ પોતાનો પ્રવાસ અવિરત ચાલુ રાખતા હોય છે. અને તેઓ ક્યારે ટોચ પર પહોંચી જાય છે તેનો ખ્યાલ, આ વાતો કરતા સમૂહને નથી આવતો. પણ જ્યારે તે પહોંચી જાય ત્યારે તેમની પાસે, તેની પણ વાતો કર્યા સિવાય બીજું કાઈ જ નથી હોતું. ડીગ્રીનો શણગાર કે માહિતીનો શણગાર કે સર્ટીફિકેટનો શણગાર – દીવાલ પર તેને મૂકી શકાય, ઘરના એક ટેબલ પર તેને સજાવી શકાય, પણ વ્યવહારનું શું? આજે ભારતમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ૮માં ધોરણ સુધીનું શિક્ષણ ફરજીયાત અને મફત જાહેર થયું છે. એ ઉપરાંત પુસ્તકો, મધ્યાહન ભોજન બધી વ્યવસ્થા પણ છે. જો ભારતના દરેક બાળકને શિક્ષણ અપાતું હોય અને તે શિક્ષિત થતો હોય તોપણ શા માટે ધર્મ, જાતિ, લિંગ આધારિત ભેદભાવો જોવા મળે છે? શિક્ષણનું ધ્યેય માત્ર માહિતી આપવાનું છે કે વૈચારિક વ્યક્તિમત્તાનું ઘડતર? એ શિક્ષિત વ્યક્તિ સ્ત્રી-પુરુષનો ભેદ કરે, ધર્મ આધારિત ભેદભાવમાં માને, તો એને શિક્ષિત કહેવો કે નહીં? શિક્ષિત વ્યક્તિ પાસેથી આપણી અપેક્ષા શું? ચાલતા, બોલતા, લખતાં, વાંચતા શીખવા ઉપરાંત ઘડતર-ચણતર એ કોની જવાબદારી? સ્વાવલંબી બનાવવું

એટલે શું માત્ર આર્થિક સધ્ધરતા કે કેટલાંક પાયાના કામો અંગેની સૂઝ હોવી? શું આપણે શ્રમનું મહત્વ આંકી શક્યા છીએ? શું શિક્ષિત વ્યક્તિ આજે પોતાના બધા જ કાર્ય જાતે કરવા તૈયાર છે? શું તેના માટે મનુષ્યની કિંમત એ કયું કામ કરે છે તે આધારે અંકાય છે? સફળતા અને અસફળતા શબ્દનો અર્થ કઈ રીતે નિશ્ચિત થાય છે? ધર્મગુરુ કે શિક્ષક, શું પોતાના શિષ્યને પ્રશ્ન પૂછતાં કરે છે? શબ્દનું મહત્વ તેના આદેશાત્મક ભાવમાં નથી હોતું. તેમાંથી બીજા કેટલા શબ્દો નિર્માણ થઈ શકે તેવા અંકુરની શક્યતામાં હોય છે. જ્યાં શક્યતા છે ત્યાં અવકાશ છે, વિકાસ છે, જ્યાં આંધળો ભક્તિભાવ છે ત્યાં સંકુચિતતા છે.

વર્ગની ચાર દીવાલની બહાર ન લઈ જાય તે શિક્ષણ શા કામનું? ગયા અંકમાં 'શિક્ષકની નોંધપોથી'માંથી થોડીક વાતો ટપકાવ્યા પછી આ વખતે થોડીક વધુ વાત કરીને વિરામ લેશું. એક શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગની દિવાલ સજાવવાનું કહ્યું. બીજે દિવસે બધા વિદ્યાર્થીઓ જાતજાતના ફોટા લઈને આવ્યા, કોઈ નેતાનો ફોટો તો કોઈ દેશના નકશાનો. શિક્ષક વર્ગમાં આવ્યા ત્યારે તેમને જોયું કે આખા વર્ગમાં ફોટા લગાડવામાં આવ્યા હતા. બધા વિદ્યાર્થીઓ ખૂબ અધીરાઈથી શિક્ષક સામે જોતા હતા કે શિક્ષક તેમને શું પ્રતિભાવ આપે છે. પણ શિક્ષકે પાઠ્યપુસ્તકમાંથી વાંચન શરૂ કરી દીધું. એટલે એક વિદ્યાર્થી બોલ્યો કે પહેલા અમારી આજની વાર્તા. ત્યારે શિક્ષકે કહ્યું કે હવેથી હું તમને વાર્તા નથી કહેવાની. તમને એકપણ વાર્તા યાદ નથી રહેતી. તરત જ અડધા ઉપરનો વર્ગ બોલ્યો, ના ટીચર અમને ઘણુંબધું યાદ છે. શિક્ષક કહે કે ખોટી વાત. હવે વિદ્યાર્થીઓ તો સાબિત કરવા લાગી પડ્યા, એટલે શિક્ષકને કહે કે 'તમે અમને એકવાર બોલવાનો ચાન્સ આપો, અને જો અમે વાર્તા ન કહી શકીએ તો તમારી વાત સાચી અને અમે વાર્તા કહી શકીએ તો તમારે અમને વાર્તા કહેવાની.'

શિક્ષક હસ્યા અને બોલ્યા, 'એમ, મારી સાથે શરત લગાડો છો? બધા હારી જશો!' પણ હવે વિદ્યાર્થીઓ તેમના બાળ-મુડમાં આવી ગયા હતા એટલે કહે કે 'ના, અમે તો જીતી જ જવાના છીએ.' એક પછી એક વિદ્યાર્થીઓ આવ્યા અને વાર્તા કહેવા માંડ્યા. મોટાભાગના વિદ્યાર્થીઓને વાર્તાઓ યાદ હતી, કેટલાંકે પોતાના તરફથી થોડું ઉમેર્યું તો કેટલાકે બે વાર્તા ભેગી કરી, પણ બધાને વાર્તા કહેતા આવડી. એટલે ક્લાસના એક બોલકા છોકરાએ કહ્યું કે 'ટીચર તમે હારી ગયા, હવે તમારે અમને રોજ વાર્તા કહેવાની.' હવે શિક્ષકે કહ્યું કે 'ચાલો, આજે હું હારી ગઈ, હવે તમે મને કહો કે આપણને આજે બધાએ જે વાર્તા કહી તેમાં કોને ઈનામ આપશું?' એટલે બધાએ એકસાથે ક્લાસની એક શાંત ચૂપચાપ રહેતી છોકરી, જેને વાર્તા રજૂ કરી હતી, તેનું નામ આપ્યું. પછી ટીચરે પૂછ્યું કે તમને આની વાર્તામાં શું ગમ્યું? તો એકે જવાબ આપ્યો કે તેને વાર્તા કહેતી વખતે પાત્રોના નામ બદલાવીને ક્લાસના છોકરા-છોકરીના નામ જોડી દીધા હતા, એટલે મજા આવી ગઈ. આ વાત સાંભળી શિક્ષક ખૂબ ખુશ થયા અને બોલ્યા, 'જેમ તમે મારી કહેલી વાર્તામાં તમારી વિશેષતા ઉમેરી, તેમ તમે આ વર્ગની દિવાલ પર દોરવાના ચિત્રમાં વિશેષતા ઉમેરો તો મને કેવું ગમે? તમે બધા જ ગુગલમાંથી સર્ચ કરીને નેતા, ઝાડના ફોટા એ બધું લઈ આવ્યા પણ એમાં આપણો ક્લાસ 'આપણો વિશેષ ક્લાસ' કઈ રીતે લાગે? જેમ આપણા ઘરની દિવાલ પર આપણો ફોટો હોય તેમ આપણા વર્ગની દિવાલ પર આપણી સહી હોવી જોઈએ, કોઈ ચિત્ર દોરે, તો કોઈ તોરણ લગાડે, તો કોઈ કાર્ટુન ચીપકાવે, જેને જેમ ગમે તેમ કરે!' ત્યારે એક વિદ્યાર્થીએ પૂછ્યું, 'પણ ટીચર એમ કરતા તો આ દીવાલ વિચિત્ર નહી લાગે? બધા જ અલગ અલગ કરશે તો કેવું લાગશે' 'ટીચરે કહ્યું કે 'વાત તો સાચી છે કદાચ, પણ કરી તો જોઈએ! ભલે એ બહુ સરસ ન પણ બને, પણ એ આપણા વર્ગની દીવાલ લાગશે.' છેવટે બધા વિદ્યાર્થીઓએ વર્ગની દીવાલોને પોતપોતાની રીતે ચીતરી મારી. એમાંથી કોઈ એબ્સર્ડ પેન્ટિંગ ન સર્જાયું, કોઈ કોલાજ પણ ન બન્યું, જાતજાતના અને ભાતભાતના રંગો, ચિત્રો લટકણીયા દીવાલ પર ગોઠવાયા. આ કોઈ આર્ટગેલેરીનું પિક્ચર પણ ન બન્યું છતાં એ દીવાલ પૂરી થયા પછી જ્યારે બાળકોનો બધાનો સામુહિક ફોટો પડયો ત્યારે તેમની આંખોમાં આખા વિશ્વના બધા જ રંગો છલકાતા દેખાતા હતા. અને એ જોઈને શિક્ષકના મોઠા પર સ્વર્ગ પ્રાપ્તિનો આનંદ! વર્ગમાં પ્રવેશનારને આ દીવાલો જોઈને એટલું સમજાતું કે અહીની દીવાલમાં છોડના અંકુરણની પૂરેપૂરી શક્યતા છે, અને આ વર્ગમાં ભણનાર કોઈ ડર, સજા કે આદેશપાલનના અંકુશથી બંધાયેલો નથી.

શિક્ષકે એક સરસ વાત સાબિત કરી કે તમારી દીવાલને તમે

જ સજાવી શકો તે ઉત્તમ. પોતાની દીવાલ પર પોતાની જ સહી હોવી જોઈએ, નહીં કે બીજાની. **આપણે પોતાને, બીજાના આધારે નહીં પણ પોતાની ઓળખથી ઓળખાવીએ,** જે એમ કરવાનો આત્મવિશ્વાસ આપે તે જ સાચું શિક્ષણ.

* * *

ધર્મમાં પણ જ્ઞાનને આગવું મહત્વ અપાયું છે. ધર્મનું જ્ઞાન પણ અંદરના અવરોધો જેમ કે મોહ, અહંકાર, રોષ, મિથ્યાત્વ આદિને દૂર કરવા કહે છે. એ જ્ઞાન નિજાનંદના સ્વરૂપનો અનુભવ કરાવે છે. જ્ઞાનનો ઉદેશ્ય ક્રિયા નથી, ક્રિયા એક સાધન છે અને તરતા શીખ્યા પછી સ્વીમીંગ બોર્ડને છોડવું જ પડે. જો એ હાથટેકણની આદત પાડે તો કદી આખો મહાસાગર ન તરી શકાય.

* * *

જ્ઞાનના બે પ્રકાર છે, સમ્યક્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન. મનુષ્ય માત્રની પ્રત્યેક ક્રિયા જ્ઞાન આધારિત હોય છે. ધર્મ કહે છે કે જે જાણે છે તે આત્મા છે. આત્મા જાણે છે અને જ્ઞાન એ જાણવાનું સાધન છે. કર્તા અને કારણની અપેક્ષાએ જ્ઞાન અને આત્મા બંને ભિન્ન છે, પરંતુ વાસ્તવમાં જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. જ્ઞેય અને જ્ઞાન બંને સ્વતંત્ર છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ જ્ઞેય છે,  જ્યારે જ્ઞાન એ આત્માનો નીજી ગુણ છે.

પરંતુ જાણવા માત્રથી જ્ઞાન નથી થતું. જાણવું એ તો પ્રવૃત્તિ કે પ્રયોગ છે. જ્ઞાનની ક્ષમતા અનુસાર દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણી શકાય છે. આ જાણવાના માધ્યમ ઈન્દ્રિય અને મન છે. આ બંનેની શક્તિ મર્યાદિત છે આથી એક સમયે એક જ પર્યાયને જાણી શકાય છે. પરંતુ અનાવૃત્ત જ્ઞાન (કેવળજ્ઞાન) થી એકી સાથે તમામ પદાર્થોને જાણી શકાય છે.

અનાવૃત્ત-કર્મના આવરણ વિનાનું જ્ઞાન એક છે, તે છે કેવળજ્ઞાન. પરંતુ કર્મની આવરણનીઅવસ્થામાં જ્ઞાનના ચાર પ્રકાર બતાવાયા છે. આવૃત્ત અને અનાવૃત્ત જ્ઞાન બંને મળીને પાંચ પ્રકારના જ્ઞાન છે. તે આ પ્રમાણે છે.

મતિજ્ઞાન : પાંચ ઈન્દ્રિય અને મન – આ છ વડે જે જણાય તે મતિજ્ઞાન છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર - પાંચ ઈન્દ્રિયો છે. તે બહારના વિષયોને ગ્રહણ કરે છે અને જાણે છે, પરંતુ તેની અનુભૂતિ મન કરે છે. મન મનન કરે છે. ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરેલા વિષયોને જાણવાનું, માનવાનું અને તેનું મનન કરવાનું એ કામ કરે છે. આ મન સમગ્ર શરીરમાં વ્યાપ્ત છે. ઈન્દ્રિય અને મનના જાણવામાં આટલો ફરક છે. ઈન્દ્રિયો માત્ર મૂર્ત – દ્રવ્યના વર્તમાન પર્યાયને જ જાણે છે. જ્યારે મન મૂર્ત અને અમૂર્ત બંનેના ત્રૈકાલિક અનેક રૂપોને જાણે છે. મન ઈન્દ્રિયોની મદદ વિના પણ જાણી શકે છે. મન અનેકવિધ રીતે વિચારે છે. વિચાર  – પ્રક્રિયા અનુસરી મતિજ્ઞાનના મુખ્ય ૨૮ ભેદ છે અને વિસ્તારથી તેના ૩૪૦ પ્રકાર છે.

**શ્રુતજ્ઞાન**

સાંભળવાથી કે જોવાથી જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન છે. અમુક શબ્દનો અમુક અર્થ થાય છે. આ પ્રકારે વાચ્ય - વાચકનો જે સંબંધ થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે. શ્રુતજ્ઞાનના ૧૪ પ્રકાર છે. ઉક્ત મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષીરનીર જેવો ગાઢ સંબંધ છે. જગતનો દરેક જીવ આ બે જ્ઞાન ધરાવે છે. મતિજ્ઞાનના વિવિધ પ્રકારમાં જાતિસ્મરણ જ્ઞાનનો પણ સમાવેશ થાય છે. આ જ્ઞાનથી પૂર્વજન્મોનીસ્મૃતિ અકબંધ તાજી થાય છે. આ જ્ઞાનથી ઉત્કૃષ્ટા એ ભૂતકાળના ૯૦૦ ભવ જોઈ શકાય છે.

**અવધિજ્ઞાન**

મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી - મૂર્ત પદાર્થોને ઈન્દ્રિયોની મદદ વિના જાણી શકાય તેને અવધિજ્ઞાન કહે છે. તે ૮ પ્રકારનું છે. તીર્થંકરો, દેવતાઓ અને નારકી - આ ત્રણેયને જન્મતાંની સાથે જ અવધિજ્ઞાન હોય છે. માણસો અને તિર્યંચોને આજ્ઞાન કર્મોના ક્ષયોપશમથી થાય છે. અવધિજ્ઞાન દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકચારે ગતિવાળાને થાય છે.

**મનઃપર્યવ જ્ઞાન**

માણસ જે કંઈ મનમાં વિચારે છે, તેનેઅનુરૂપ ચિંતક - પ્રવર્તક પુદ્ગલ દ્રવ્યોની આકૃતિઓ બને છે. આ જ્ઞાનથી એ પર્યાયો જાણી શકાય છે. મતલબ કે મનના પ્રવર્તક કે ઉત્તેજક પુદ્ગલ દ્રવ્યોને સાક્ષાત્ જાણનાર આ જ્ઞાનને મનઃપર્યવ જ્ઞાન કહે છે. અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવ જ્ઞાનનું ક્ષેત્ર સીમિત છે. પરંતુ વિશેષ અને વિશુદ્ધ છે. મનઃપર્યવજ્ઞાન માત્ર સાધુને જ થાય છે.

**કેવળજ્ઞાન**

જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ નાશ થતાં આજ્ઞાન ઉપલબ્ધ થાય છે. આ જ્ઞાન પ્રાપ્તિ પછી ઈન્દ્રિય અને મનની મદદની

જરૂરનથી રહેતી. કેવળજ્ઞાની લોક અને અલોક બંનેને જાણે છે.

* * *

સાધના પોતે જ કરવી પડે, કોઈ આપણા બદલે એ ન કરી શકે, આપણા ચેક પર સહી કરવા માટે આપણે કોઈને નીમી શકીએ પણ જીવન પાર પાડવા કોઈની સહી નહી પોતાના જ હસ્તાક્ષરમાં કરેલી સહી જોઈએ, નહીં તો લાઈફનો ચેક બાઉન્સ થઈ જશે.

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :

(૧) sejalshah702@gmail.com

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિકનું કાર્ય તંત્રીના નિવાસસ્થાનેથી થતું હોવાને કારણે પત્રવ્યવહાર, લેખ નીચેના સરનામે જ મોકલવું.

**સરનામું :**
૧૦/બી, ૭૦૨, અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુલી રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

# વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૦૪-૧૨-૨૦૨૧ના રોજ સાંજના ૪:૩૦ કલાકે મારવાડી વિદ્યાલય હાઈસ્કૂલ, વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪ ખાતે મળશે. જેમાં નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઓડીટેડ થયેલા હિસાબો મંજુર કરવા.

(૩) સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવી.

(૪) સન ૨૦૨૨ થી ૨૦૨૩ના વર્ષ માટે પદાધિકારી અને કાર્યવાહક સમિતિના સભ્યોની નિમણુક કરવી.

(૫) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનસંધાનમાં જણાવવાનું કે સંઘના ઓડિટ થયલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા.૨૨-૧૧-૨૦૨૧થી તા. ૨૭-૧૧-૨૦૨૧ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૫ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લિખિત મોકલવા વિનંતી.

જે સભ્યોને ઓડિટ કરેલા હિસાબોની નકલ જોઈએ તો એમની તેમની લેખિત અરજી મળતા નકલ મોકલવામાં આવશે.

**નીરૂબેન એસ. શાહ**
**ડૉ. સેજલબેન શાહ**
**મંત્રીઓ**

**કાર્યાલયનું કામચલાઉ સરનામુંઃ**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,**
૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ,
૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯

# મારો અસબાબ –૭
# ગંગાથી વોલ્ગા સુધી

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

૧૯૬૫નું વર્ષ તે મારું એમ.એ.નું અંતિમ વર્ષ હતું. એ માટે પરીક્ષાની તૈયારીઓ ચાલતી હતી. તો બીજી બાજુ 'ગુજરાત સમાચાર', 'ઝગમગ' અને 'નવચેતન'માં નિયમિત કૉલમ પ્રગટ થતાં હતાં. એમાં વળી સમયગાળામાં ખેલાતી ટેસ્ટમૅચમાં રોજેરોજની સમીક્ષા લખવાનું આવ્યું. આમ ભારે રોમાંચક વર્ષ હતું એ. અને એ વર્ષ લાલબહાદુર શાસ્ત્રીની જીવનગાથાને વર્ણવતું 'લાલ ગુલાબ' પુસ્તક કર્યું. પુસ્તકના બીજા પૃષ્ઠ પર લખ્યું,

જવાહરને પ્રિય ફૂલ કયું?
લાલ ગુલાબ.
આપણી રાજ-વાડીનું શ્રેષ્ઠ ફૂલ કયું?
લાલ ગુલાબ.
માતા ભારતીનો સાચો લાલ કોણ?
શ્રી લાલબહાદુર.
અને આ પુસ્તક અર્પણ કર્યું,
માતાને!
જન્મદાત્રીને,
જન્મભોમને.

સર્જક જયભિખ્ખુ એમ માનતા કે પુસ્તકને કલાદષ્ટિએ એવું આકર્ષક બનાવવું જોઈએ કે બાળક એની પસંદગીનું રમકડું જોઈને જેવો હરખ પામે, એવો આનંદ વાચકને આવવો જોઈએ. આથી એમણે જયેન્દ્ર પંચોલી અને દિવ્યકાંત જેવા ચિત્રકારોને બોલાવીને પુસ્તકના પ્રત્યેક પ્રકરણ શીર્ષકની સાથે એને લગતું એક ચિત્ર મૂક્યું. એ પુસ્તકના પ્રસંગાનુરૂપ ચિત્રો મૂક્યાં અને રૂપકડું પુસ્તક તૈયાર કર્યું. એ પુસ્તકના પ્રારંભે 'બે બોલ' રૂપે છટાદાર શૈલીમાં લખેલું આ લખાણ વાચકને મારા ચિત્ત પર લાલબહાદુર શાસ્ત્રીએ કેવી ભૂરકી છાંટી હતી, તેનો ખ્યાલ આપશે. એમાં લખ્યું,

''જે ચરિત્ર સાંભળવાથી જીવન પવિત્ર બને ને જેના લેખનથી કલમ ધન્ય બને, એવી મહાન ભારત-જ્યોતિનું આ ચરિત્ર છે.''

''માત્ર એ રાજનીતિના મહાન પુરુષ હતા, એમ માનનાર ભૂલ ખાશે.''

''માત્ર એ મહાન સેનાનાયક હતા ને દેશના જવાનો માટે પ્રેરણામૂર્તિ હતા, એમ કહેવું પણ યોગ્ય થશે નહીં.''

''એ આદર્શ વિદ્યાર્થી હતા કે આદર્શ ગૃહસ્થ હતા, એમ સમજનારા પણ એમના ચરિત્રને અન્યાય કરશે.''

''એ દેશના આજીવન સેવક અને અકિંચન ફકીર હતા, એમ કહેવું પણ પૂરતું થશે નહીં.''

''એ ભારતના ભીષ્મપિતામહની, મહારથી કર્ણની, મહર્ષિ ચાણક્યની કે વીર પરશુરામની પ્રતિમા હતા, એમ કહેનારા પણ પૂરતો ન્યાય કરશે નહીં!''

''એ એક મહામાનવ હતા, આદર્શ ભારતીય હતા, નિષ્કામ યોગી હતા, માનવતાથી મહેકતા ભારતની વાડીના સ્વયંસંપૂર્ણ ગુલાબ હતા એમ કહેવું યોગ્ય થશે.''

''ગુલાબ ખીલતું હતું ત્યારે આંખોને અને મનને તૃપ્ત કરતું હતું. ગુલાબ કરમાઈ ગયું, ત્યારે યુગો સુધી ચાલે તેવી અમર સુવાસ મૂકતું ગયું.''

એ સમયના ગુજરાતના કેળવણીપ્રધાન ડૉ. ભાનુપ્રસાદ પંડ્યાએ આ પુસ્તકને ઉમળકાભેર આવકારતાં લખ્યું, 'કુમારપાળ દેસાઈએ સ્વ. શાસ્ત્રીજીના જીવનમાંથી યોગ્ય પ્રસંગોની પસંદગી કરીને આમાં તેનું રસાળ અને સરસ ભાષામાં વર્ણન કરેલું છે. તેમની પ્રમાણભૂતતા અને રજૂઆતની ચોકસાઈ વિદ્યાર્થીઓને પણ આકર્ષશે. આ પુસ્તકથી કુમારપાળ સાહિત્યના ક્ષેત્રમાં રીતસર પ્રવેશ કરે છે. તેમના પિતા શ્રી જયભિખ્ખુની માફક તેમની લેખનયાત્રા શુભ, ફળદાયી અને ઊર્ધ્વમુખી નીવડે એવી મારી શુભેચ્છા છે.'

અને બન્યું પણ એવું કે 'લાલ ગુલાબ' પુસ્તક પ્રગટ થતાંની સાથે એની ચાલીસ હજાર પ્રત ખપી ગઈ. ગુજરાતમાં એક પુસ્તક આટલી મોટી સંખ્યામાં વેચાયું હોય, તેવી કોઈ ભાગ્યે જ ઘટના બની હશે. ગુજરાતભરમાં ચાલતી શિષ્ટ વાચનની પરીક્ષામાં એ પાઠ્યપુસ્તક તરીકે પસંદ થયું. ગુજરાત સરકારની ઉચ્ચ ગુણવત્તાવાળા બાળસાહિત્યની સ્પર્ધામાં 'લાલ ગુલાબ'ને પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો.

આમ આ પુસ્તક ચોતરફ લોકચાહના પામતું રહ્યું. એવામાં ૧૯૬૬ની ૧૧મી જાન્યુઆરીએ રશિયાના તાશ્કંદ શહેરમાં હૃદયરોગના હુમલાથી ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું એક અને બત્રીસ મિનિટે અવસાન થયું. આ આ દિવસે વળી એક નવો પાઠ

શીખવા મળ્યો. એ જમાનો ટેલિપ્રિન્ટરનો હતો અને એકાએક ટેલિપ્રિન્ટરમાંથી અવાજ આવતાં 'ગુજરાત સમાચાર'નો સ્થાનિક સમાચાર વિભાગ સંભાળનાર દોડી ગયા. એમણે જાણ્યું કે લાલબહાદુર શાસ્ત્રીના અવસાનના સમાચાર છે, એટલે તરત જ લાલબહાદુર શાસ્ત્રી અને અયૂબખાન વચ્ચે તાસ્કંદમાં થયેલી સફળ મંત્રણાના સમાચારનું મુખ્ય હેડિંગ બદલીને આજુબાજુ બોર્ડર મૂકીને લાલબહાદુર શાસ્ત્રીના અવસાનના સમાચાર લખ્યા.

કટોકટીનો એ સમય હતો. સમયસર અખબાર પ્રકાશિત ન થાય, તો ફેરિયા, ટેક્સી, મોટર કે રેલવે દ્વારા ગોઠવેલી એના વિતરણની વ્યવસ્થા ખોરવાઈ જાય. આથી ખૂબ ઝડપથી ટાઈપો ગોઠવીને પહેલું પાનું બાંધીને આ સમાચાર મૂકવામાં આવ્યા અને પછી અખબાર પ્રકાશન માટે ગયું.

એ સમયે એમને વિશે લખવાનું કહ્યું, ત્યારે અનુભવ થયો કે પત્રકારની કેવી કસોટી થતી હોય છે! પોતે એક બાજુ પરિચિત વ્યક્તિના અવસાનનો આઘાત અનુભવતા હોય છે અને બીજી બાજુ એમનાં સ્મરણો યાદ કરીને લખવું પડે છે. એટલે કે કલમની સાથોસાથ આંખનાં આંસુથી સર્જન થતું હોય છે અને એ પછી બન્યું પણ એવું જ કે ગુજરાતનાં અખબારો સામયિકોમાં લાલબહાદુર શાસ્ત્રી વિશે ઘણા ચરિત્રલેખો લખવાનો આગ્રહ થયો. તે લખ્યા ને પ્રગટ પણ થયા. પણ સાથોસાથ એમ થયું કે 'લાલ ગુલાબ' એ તો માત્ર એમના જીવનની પૂર્વાર્ધ ગાથા છે. એમના ઉત્તરાર્ધની કેટલીય ભવ્ય કામયાબીઓએ વાત તો બાકી છે.

પાકિસ્તાન સામેના યુદ્ધ સમયે આખાય દેશને એક દોર એમણે બાંધી રાખ્યો અને એવો વિજય અપાવ્યો કે સહુ કહેવા લાગ્યા કે, 'અબ લાહોર તક ચલેગી, યે તેગ હિન્દુસ્તાન કી.' વળી ભારતીય છાંબ વિસ્તારોમાં ચોકીઓ કબજે કરી. ભારતનાં નાનાં જેટ વિમાનોએ અમેરિકા પાસેથી પાકિસ્તાને મેળવેલાં મોટાં વિમાનોને ભૂમિ પર પછાડ્યાં. જનાબ ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ કહ્યું કે, 'કાશ્મીર માટે અમે એક હજાર વર્ષ સુધી લડીશું,' ત્યારે લાલબહાદુરે જવાબ આપ્યો, 'એક હજાર વર્ષ તો શું, કિંતુ શાશ્વત કાળ સુધી લડશો, તો પણ કાશ્મીર તમને મળવાનું નથી.'

એ સમયે ભારતીય દળો લાહોરના સીમાડે આવીને અટક્યાં અને ચારેકોર એક જ નાદ ગુંજતો હતો, 'જો ભારત સે ટકરાયેંગા, વો મિટ્ટી મેં મિલ જાયેગા.'

લાહોર – સિયાલકોટમાં ભયંકર ટૅંકયુદ્ધ ખેલાયું અને એમાં પણ સિયાલકોટમાં અઢી મિનિટમાં ભારતે ચૌદ ટૅંકો તોડવાની અદ્‌ભુત સિદ્ધિ મેળવી. તકસાધુ ચીને પણ ભારતની સરહદે તોફાન શરૂ કર્યું, પરંતુ એમના પેંતરા નિષ્ફળ બનાવ્યા. એ સમયે ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અને સંરક્ષણપ્રધાન યશવંતરાવ ચૌહાણ – બંને ધોતિયું પહેરતા હતા. પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાને શેખી મારી હતી કે આ ધોતીવાળાઓને સહેલાઈથી હરાવી દઈશું. એને બદલે સત્તર દિવસનો સંગ્રામ ખેલીને અયૂબખાનને ધોળે દિવસે તારા દેખાડ્યા. ૪૮ દિવસ ચાલેલી લડાઈમાં ભારત કરતાં પાકિસ્તાનની ચારગણી વધુ ખુવારી થઈ. એ પછી ૧૯૬૫ની ૨૩મી સપ્ટેમ્બરે પાકિસ્તાને યુદ્ધવિરામના કરાર કર્યા.

૧૯૬૫ની ૨૧મી ઑક્ટોબરે શાસ્ત્રીજીએ અઠવાડિયામાં એક ટંકનું ભોજન છોડવા અપીલ કરી અને આખા દેશે એમની એ અપીલને હર્ષભેર સ્વીકારી લીધી. એમણે 'જય જવાન, જય કિસાન'નું સૂત્ર આપ્યું અને દેશ આખો થનગની રહ્યો. આવી તો ઘણી ઘણી ઘટનાઓ 'લાલ ગુલાબ' પ્રસિદ્ધ થયા પછી જોવામાં અને સાંભળવામાં આવી. આને પરિણામે લાલબહાદુર શાસ્ત્રીના જીવનનાં તમામ પાસાઓને આલેખતું ૩૦૦ પૃષ્ઠનું 'મહામાનવ' પુસ્તક તૈયાર કર્યું. આરંભે 'બે બોલ'માં લખ્યું – સંસારમાં સાવ સાદો ને સામાન્ય માણસ પોતાના પુરુષાર્થથી, પોતાના ગુણોથી અને પોતાનાં કાર્યોથી મહામાનવ બને છે. એવા એક મહામાનવની આ જીવનગાથા છે.

અમેરિકાના જ્યોર્જ વૉશિંગ્ટન એવા મહામાનવ હતા. એમણે યુદ્ધ અને શાંતિ – બંનેમાં કુશળતાથી કારભાર ચલાવ્યો. આપણા માનીતા સ્વ. શાસ્ત્રીજીએ એવું જ આચરી બતાવ્યું. યુદ્ધમાં અગ્રિમ ને શાંતિમાં પહેલા સાબિત થયા.

ઇંગ્લૅન્ડના વિન્સ્ટન ચર્ચિલ એમની મક્કમતાથી મહામાનવ બન્યા હતા. વિશ્વયુદ્ધમાં ઇંગ્લૅન્ડને તેમણે વિજય અપાવ્યો. એવી જ રીતે શાસ્ત્રીજી એ ભયંકર પળોમાં મક્કતા બતાવી પાકિસ્તાન સાથેના યુદ્ધમાં આપણને વિજય અપાવ્યો, ને ચીન સામે મક્કમ વલણ અપનાવી દેશની શાન બઢાવી.

અબ્રાહમ લિંકન પણ એક એવા જ મહામાનવ હતા. સામાન્ય માનવીમાંથી પુરુષાર્થને બળે અમેરિકાના પ્રમુખ બન્યા હતા. લાલબહાદુર પણ પુરુષાર્થને બળે આગળ વધ્યા, ને દેશના વડાપ્રધાન બન્યા.

તુર્કસ્તાનમાં તારણહાર અતાતુર્ક કમાલ પાશા તબેલામાં જન્મ્યા હતા, માસિક છ રૂપિયાની આમદનીથી જીવનનો આરંભ કર્યો હતો. એમણે આગળ વધી તુર્કસ્તાનની સૂરત પલટી નાખી. સ્વ. લાલબહાદુર પણ એક ગરીબ ઘરમાં જન્મ્યા, ઊછર્યા ને આગળ વધી ભારતની રોનક પલટી નાખી.

ગાંધીજી એક મહામાનવ હતા. નમ્ર ને સિદ્ધાંતનિષ્ઠ પુરુષ હતા. ગાંધીજીના અનુયાયી લાલબહાદુરમાં એવી જ નમ્રતા ને સિદ્ધાંતનિષ્ઠા હતી.

શિવાજી કદમાં નાના હતા, પણ કામમાં જબ્બર હતા. યુદ્ધમાં એક્કા, પેંતરા રચવામાં પક્કા ને મંત્રણાઓમાં કુશળ હતા. શિવાજીની જેમ શ્રી શાસ્ત્રી કદમાં નાના હતા અને કાર્યશક્તિમાં અજોડ હતા. શત્રુને ભરી પીવો, મિત્રોનો કદી સાથ ન છોડવો ને દેશને સદાકાળ નજર સામે રાખવો, એ એમની તમન્ના હતી અને એ પુસ્તકના પ્રકાશન-સમારોહ અંગે ગુજરાતના જાણીતા બાળસાહિત્યકાર સ્વ. ધીરજલાલ ગજ્જરે નોંધ્યું,

''મહામાનવ શાસ્ત્રી'' પુસ્તકનો પ્રકાશન-સમારોહ ૧૯૬૬ની ૨૦મી એપ્રિલે અમદાવાદના એચ. કે. કૉલેજ હૉલમાં યોજવામાં આવ્યો. ગુજરાતની પુસ્તક પ્રકાશન ક્ષેત્રે પ્રસિદ્ધ એવી સંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે વિખ્યાત સાહિત્યકાર ધૂમકેતુના અવસાન પછી એમની અપૂર્ણ રહેલી નવલકથા 'ધ્રુવદેવી' તેમ જ નવોદિત લેખક કુમારપાળના પુસ્તક 'મહામાનવ શાસ્ત્રી'નો પ્રકાશન-સમારોહ ગોઠવ્યો. આ સંયોગ કેવો વિરલ કહેવાય! એક મહાન સાહિત્યકારના અક્ષરદેહનું અંતિમ સ્વરૂપ અને એક નવોદિત સાહિત્યકારના અક્ષરદેહનો પ્રારંભ! આ સમારંભના પ્રમુખ ભારતના તત્ત્વચિંતક પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી હતા, એમણે આ નવોદિત લેખક પર અંતરના આશીર્વાદ વરસાવ્યા. જ્યારે સમારંભમાં પ્રા. ફિરોઝ દાવર, શ્રી પ્રભુદાસ પટવારી, ડૉ. ધીરુભાઈ ઠાકરે પ્રવચનો કર્યાં. **ફિરોઝ દાવર તો કુમારપાળના આ કાર્ય પર ખુશ થઈ ગયા અને હસતાં હસતાં માર્મિક ટકોર પણ કરી કે કુમારપાળનું આ એક જ પુસ્તક બતાવી જાય છે કે તેઓ એમના પિતાનો વારસો જાળવશે!** આ સમારંભ **પછી ચાર દિવસ બાદ શ્રી કુમારપાળ દેસાઈનાં લગ્ન થયાં.**

ખેર! 'મહામાનવ શાસ્ત્રી'ના સર્જન પછી પણ 'ઉકાળા અને ત્રણ ખાખરા' મને સતત પરેશાન કરતા રહ્યા. 'મહામાનવ શાસ્ત્રી' પુસ્તકમાં એમને અંજલિ આપતા આવો હૃદયોદ્‌ગાર પ્રગટ કર્યો – જનતામાંથી જાગેલો જનતાના હૃદયસમો માનવી ચાલ્યો ગયો. શાસ્ત્રીજીનું યુદ્ધનું ખમીર ને એમની શાંતિની ચાહના જગત માટે પ્રેરણારૂપ બની.

ઓગણીસ મહિના અંગાર ઉપર ચાલી આ ગંગાનો પુત્ર વોલ્ગા શું મેળવવા ગયો હતો? ચિર નિંદ્રા, ચિર શાંતિ?

ચિર નિંદ્રા પોતે મેળવી, ચિર શાંતિ જગતને બક્ષી. હે વોલ્ગા નદી, તારું શાંતિપત્ર અત્યંત કીમતી છે. તને પણ યાદ રહેશે કે ગંગાના પુત્રો કંજૂસ નથી, શાંતિ માટે મોં માગી કિંમત આપી શકે છે!

એમના અવસાન બાદ એક અર્થમાં કહીએ તો એમને વિશેનાં પુસ્તકોનો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં ધોધ વહેવા લાગ્યો. એ ધોધમાં સ્મરણોના સથવારે હું સ્નાન કરવા લાગ્યો.

લાલબહાદુર શાસ્ત્રીનાં પત્ની લલિતાદેવીને નિરાંતે મળ્યો અને એ જ સાદાઈનો અનુભવ થયો. હવે તો લાલબહાદુર શાસ્ત્રી વિશે એટલાં બધાં સ્મરણો અને સામગ્રી છે કે એક વિસ્તૃત જીવનચરિત્ર લખી શકું, પણ એમ લાગે છે કે એ સ્મરણોના સાગરને શબ્દોમાં સમેટવા હવે મારે માટે શક્ય નથી. માત્ર એ સ્મરણોના સાગરનાં આનંદભર્યા મોજાંઓની મનોમન મોજ માણતો રહું.

(ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

# કરૂણા–સેવા યજ્ઞ સંસ્કાર

## બકુલ ગાંધી

**ત**મે ખુશ રહેવા માંગો છો? તમે કેવી રીતે ખુશ થાશો? ખાવા માટે સારો ખોરાક, પહેરવા માટે સારા કપડાં અને પગરખાં, સારું રહેવા માટેનું ઘર, મોબાઈલ / આઈપેડ, ટેલિવિઝન વગેરે મેળવીને? તમારા માટે આ બધું કોણ મેળવશે? તમારા માતાપિતા. તેઓ ધંધો / નોકરી કરીને પૈસા કમાશે. આ પૈસાથી તેઓ કરિયાણા, શાકભાજી, દૂધ, રસોઈ, વગેરે ખરીદશે, કેમ કે તેઓ રોજ પોતાને દ્વારા બધું જ કરી શકતા નથી, તેથી તેઓ ઘર, વાસણો, કપડા વગેરે સફાઈ માટે નોકરની નિમણૂક કરશે. શું તમે આ બધાથી ખુશ થશો? ના, તમે હોટલનું ખાવાનું, મૂવી, ક્રિકેટ અને અન્ય રમતો જોવા પણ જોઈએ છે. એટલેથી સંતોષ ન પામતા અને એકલતાનો કંટાળો ન આવે તે માટે મિત્રો સાથે મળવા અને રમવા, સગા વ્હાલાને મળવું. સારા નાગરિક બનવા માટે સારું ભણતર, વગેરે પણ ઇચ્છતા હોવ છો. આ આપણને સમજાવે છે કે માણસ એક સામાજિક પ્રાણી છે અને તે સમાજનો ભાગ બનવા માંગે છે. હવે

તમે તમારા મકાનમાં, મોહલ્લામાં, શહેરમાં આજુબાજુ નજર કરો. શું બધાને આ બધી વસ્તુઓ મળતી હોય છે? જવાબ છે ના. સમાજમાં બેરોજગાર, ઓછી આવકવાળા ગરીબ, મધ્યમ આવકવાળા અને પૈસાદાર વર્ગ જોવા મળે છે. શું પૈસાદાર વર્ગ પૈસાના બળે બધું મેળવી શકે અને હંમેશાં સુખી રહેતો હોય છે? જવાબ છે ના.

વર્તમાન પરિસ્થિતિનો દાખલો લઈએ. વૈશ્વિક મહામારી કોરોનાએ ચોતરફ હાહાકાર મચાવેલ છે. મનુષ્ય જીવન સામાન્ય રીતે ખોરંભાયેલું અનુભવાય છે. કોવિદ-૧૯ એ આપણા રોજિંદા જીવન, વ્યવસાયો, વિશ્વવેપાર અને હલનચલનને અસ્થિર ડિસ્ટર્બ કરી દીધા છે. મહામારીએ ધર્મ, જાતિ, ઉંચ-નીચ, અમીર-ગરીબ, રાજા-નેતા-પ્રજા પ્રત્યે ભેદભાવ રાખ્યો નથી. માનવ લાચારી અસહાયતા અનુભવી રહ્યો છે. અને સમાજના અન્ય તરફની પોતાની ફરજની રૂએ તબીબી વિજ્ઞાન. ડૉક્ટરો, નર્સ અને અન્ય આરોગ્ય કર્મચારીઓ, સ્વચ્છતા કર્મચારીઓ, પોલીસ સ્ટાફ પોતાના જાનના જોખમની પરવા કર્યા વગર દિવસ-રાત કોઈપણ ભેદભાવ વગર દરેક પીડિતોની સારવાર આપવાની તબીબી-સ્વચ્છતા-નાગરિક અને કાયદો વ્યવસ્થા સેવાનો મહાયજ્ઞમાં જોડાયા છે.

બીજો દાખલો લઈએ. ગાલવાન-લડાખ ખાતે નદીનું તાપમાન શૂન્યની નજીક હતું (અને તેની નીચે કેટલાંક સ્થળોએ) કે સિયાચીન-કાશ્મીર ખાતે અત્યંત પ્રતિકૂળ ઠંડા વાતાવરણ હવામાનને હાઈપોક્સિયા (ઉંચાઈને કારણે નીચું ઓક્સિજનનું સ્તર) અને હાયપોથર્મિયા (અતિશય ઠંડી) જેવા જીવલેણ જોખમોની પરવા કર્યા વિના દેશ અને દેશવાસીઓની રક્ષા સેવા માટે આપણા સૈનિકો ચોકી કરી રહ્યા છે.

આવા જાનના જોખમવાળા કામ તેઓ શા માટે અને કોના માટે કરે છે? શું આપણે તેમના નજીકના સગાં કે ઓળખાણ વાળા મિત્રો કે સ્નેહીજન છીએ? શું આ ફક્ત તેમનું અને તેમના કુટુંબનું ભરણપોષણ માટે જ કરે છે? શું આવા કામ આપણે સર્વે વ્યક્તિગત રીતે કરી શકીએ છીએ? ઉત્તર સ્પષ્ટ ''ના''માં છે. આ આજીવિકાનું સાધન છે તો પણ પ્રાથમિક કારણ સેવાભાવનું રહે છે. તેઓ ધારે તો પોતાના જ સ્વાર્થ માટે ઓછા કે બિન જાન-જોખમી આજીવિકાના સ્ત્રોતની પસંદગી કરી શકે છે, પછી ભલે તે ઓછા વળતરનું હોય.

વૈશ્વિક મહામારી કોરોનાને કારણે જ્યારે રોજી, રોટી અને આશ્રયના પ્રશ્ને મનુષ્ય જીવન સામાન્ય રીતે ખોરંભાયું છે ત્યારે ધાર્મિક-સામાજિક સંસ્થાઓએ. વ્યાપાર જગતની સંસ્થાઓએ અને ઘણાં સેવાભાવી વ્યક્તિઓએ સ્વેચ્છાએ તન, મન અને ધનથી સહયોગ આપી પીડિતોને રાહત પહોચાડવા આગળ આવ્યા છે. જ્યારે જ્યારે આવી કુદરતી આફતો-ધરતીકંપ, સુનામી, પૂર-જળબંબાકાર વગેરે બની છે ત્યારે રાહત સેવાની જરૂર આવશ્યક બને છે.

પ્રત્યેક સંસારી પ્રાણી પોતાના વ્યક્તિગત રૂપમાં અપૂર્ણ છે. બધા જીવન એક-બીજા પ્રત્યેનો પરસ્પર ટેકો અને પરસ્પર નિર્ભરતા દ્વારા બંધાયેલા છે. શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે નિરાધાર, ગરીબ, નીચલા કે નબળા વર્ગના લોકોને મદદ કરવાની ફરજ છે. જો તેનો સકારાત્મક જવાબ નહીં આપવામાં આવે તો. હતાશા, અસ્તિત્વ માટે લડવું, ઈર્ષ્યા લૂંટ ચલાવશે, મારામારી, અરાજકતા ફેલાવશે. સંકુચિત અને સ્વાર્થી વ્યક્તિ સમાજનું શોષણ અને અહિત કરે છે. આવા પ્રકારની વ્યક્તિ સમાજની ઘાતક શત્રુ હોય છે. જે સદાય સમાજમાં અસહયોગની ભાવના ફેલાવે છે અને તેમાં અનેક અવ્યવસ્થાઓ ઉત્પન્ન કરે છે. સ્વાર્થપરતાને સમસ્ત પાપોની જનની સમજવી જોઈએ. આથી સુખી અને સંપન્ન સમાજનું નિર્માણ ત્યારે જ થઈ શકે છે, જ્યારે માનવ દષ્ટિવાદી વિચારધારા છોડીને સમષ્ટિવાદી બને, તેમાં જ સમાજનું કલ્યાણ છે અને વ્યક્તિનું પણ હિત છે. સમાજમાં પારસ્પરિક હમદર્દી, અરસપરસ મદદ, પ્રેમ ભાવના, ઉદારતા, સેવા અને સંગઠનની ભાવનાઓ અત્યંત આવશ્યક છે, ત્યારે જ સમાજનો વિકાસ અને સમૃદ્ધિ સંભવ છે. સમાજમાં વ્યક્તિની સૌથી મોટી જવાબદારી સમાજકલ્યાણ અને પરમાર્થ છે. સમાજમાં દીન-હીન, અપંગ, વૃદ્ધ, જર્જર અને નિરાશ્રિતપ વ્યક્તિઓની સેવા-શુશ્રૂષા અને પાલન કરવું એ દરેક વ્યક્તિની એક મહાન જવાબદારી છે. બીજા પ્રત્યે પ્રેમ, સહયોગ, સહાયતા, ત્યાગ અને સહાનુભૂતિની ભાવનાના અભાવે જે વ્યક્તિ સમાજ માટે હિતકારી સાબિત થઈ શકતી નથી, તે સમાજ માટે કલંક છે. તે પોતે જ પોતાના વિકાસને રોકી દે છે, તેનાથી સમાજનો વિકાસ આપોઆપ અટકી જાય છે. આથી સમાજની સમૃદ્ધિ અને વિકાસ માટે વ્યક્તિસએ બીજાનું કલ્યાણ કરવું અને પરમાર્થી બનવું અતિ આવશ્યક જવાબદારી છે. આ સંસાર પરિવર્તનશીલ અને ગતિશીલ છે, જે આ પરિવર્તન સાથે તાલ નથી મિલાવતા તે હંમેશા પાછળ ત્યાં ને ત્યાં રહી જાય છે અને નવી પ્રગતિ કે વિકાસના તેઓ પોતાના અવરોધક બની જાય છે.

જૈન ધર્મ કરુણા, મૈત્રીભાવ, ગરીબ-બિમાર-વૃદ્ધોની સેવા સાથે

એકબીજાની સેવા કરવાનું કહે છે. તત્ત્વાર્થ સૂત્ર અધ્યયન ૫-૨૧ ''परस्परोपग्रहो जीवानाम'' દ્વારા સમજાવેલ છે કે પ્રત્યેક પ્રાણી એક બીજાની સેવા કરે, પોતાની યથાયોગ્ય શક્તિ દ્વારા એકબીજાને કામ આવે. મહાવીર ભગવાનની નિર્વાણ ૨૫૦૦મી વર્ષગાંઠની ઉજવણી સમયે જૈનધર્મના તમામ સંપ્રદાયો દ્વારા અપનાવવામાં આવ્યું હતું. આ ઉદ્દેશ વાસ્તવિકતામાં સમજવા માટે કોરોનાની મહામારી સૌથી યોગ્ય જીવંત દાખલો આપણે સહુ અનુભવી રહ્યા છીએ. ૨૦૨૦માં, ૨૦૨૦માં યુરોપ, યુએસએ અને અન્ય દેશો જેવા વિકૃત દેશોમાં, જ્યારે જીવલેણ કોરોનાએ વિનાશ કર્યો, ત્યારે ભારત લાખોમાં દવાઓ પ્રદાન કરીને મદદ કરવા સામે હતું અને હવે જ્યારે એપ્રિલ ૨૦૨૧માં ભારત દવાઓ, ઓક્સિજનની અછતને કારણે કોરોનાની બીજા વેવથી ખરાબ રીતે પટકાઈ રહ્યું છે, ત્યારે દવાઓ, ઓક્સિજન, પરિવહન વાહનો, વેન્ટિલેટર વગેરે બનાવવા માટે સજ્જ પ્લાન્ટ આપવા માટે ઘણા દેશો આગળ આવ્યા છે.

નાના બાળકો કે આપણે ભુખ્યા બિલાડી અને તેના બચ્ચાને, કૂતરા-ગલુડિયાને ચકલી-કબુતરને કે ગરીબ-ભુખ્યાને દૂધ-રોટલી બિસ્કિટ, ચણ કે અન્ન આપવાનું મન થાય છે એ શું દર્શાવે છે? કરુણા-અનુકંપા ભાવ. કરુણાના મૂળ એ માનવ સ્વભાવમાં ઉંડા છે; મગજ અને શરીરમાં તેનો જૈવિક આધાર છે. મનુષ્ય ચહેરાના હાવભાવ સ્પર્શ દ્વારા કરુણાને સંદેશાવ્યવહાર કરી શકે છે, અને કરુણાના પ્રદર્શન મહત્ત્વપૂર્ણ સામાજિક કાર્યો કરી શકે છે, તે કરુણાના વિકાસના આધારને ભારપૂર્વક સૂચવે છે. કરુણા જન્મજાત છે અને તેને સંસ્કારોથી સિંચીને વધારે ખીલવી શકાય છે. કરુણા નાસ્તિક, અજ્ઞેયવાદી અને આકસ્મિક ધાર્મિક લોકોમાં ઉદાર, સહકારી અને પરોપકારી વર્તણૂકોને પ્રોત્સાહન આપવા માટે ઘણી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.


परस्परोपग्रहो जीवानाम्

જૈન ધર્મમાં બાર ભાવના અને ચાર પરાભાવનામાં કરુણા એક છે. આ સંદર્ભમાં ભગવાન મહાવીર અને ગણધર ગૌતમ વચ્ચે થયેલો સંવાદ જ્યાં મહાવીર સ્વામી ગૌતમને જણાવે છે કે જે દીન દુઃખીની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે અને મારા ધન્યવાદને પાત્ર છે. ત્યારે જિજ્ઞાસા સાથે ગૌતમે પૂછ્યું કે ભન્તે! દુઃખીઓની સેવાની અપેક્ષાએ તો આપની સેવા વધુ મહત્ત્વની છે. આપ તો પવિત્ર આત્મા છો. ક્યાં આપ અને ક્યાં આ સંસારનાં પ્રાણીઓ. જે પોતાના કર્મનાં ફળ ભોગવી રહ્યા છે. મહાવીર સ્વામીએ ગૌતમને સમજણ આપતાં કહેલ-ગૌતમ! મારી સેવા મારી આજ્ઞાનું પાલન કરવામાં છે. એનાથી ઉપર કશું નથી. મારી આજ્ઞા તો દીન-દુઃખીની સેવા અને પ્રાણીમાત્ર પર દયા રાખવી તે છે અને તે જ મુક્તિનો ખરો માર્ગ છે.

સામાન્ય શ્રાવક-સાધક તરીકેની અમારી સમજણ મુજબ ત્રીજા અભ્યંતર તપ-વૈયાવચ્ચ એટલે ગુરુજનો, તપસ્વીઆ, ગ્લાન, ઉપકારીઓ, ગુણીજનો, વડીલજનો, બાળક, દીન દુઃખી તથા રોગીની સેવા સારવાર, ભક્તિ કરવી તે તન, મન ધન. ભાવથી તેમને પ્રસન્નતા અને શાતા પહોંચે તે પ્રમાણે સેવા કરવી.

આપ સર્વે કરુણાભાવ સાથે સેવા અને વૈયાવચ્ચ તપ સહલાઈથી કરી શકો છો. જૈન ધર્મના ઉપવાસ કે એકાસણાના તપ કરતાં ઘણી સહેલાઈથી વૈયાવચ્ચ તપ જે બે જીવો-સેવા આપનાર અને સેવા લેનાર બન્નેને શાંતિ-શાતા આપે છે. આ કેવી રીતે કરી શકશો? (૧) શરૂઆત તમારા ઘરથી કરી શકશો. દાદા-દાદી, નાના-નાની ઉંમર થવાથી એમનું હલનચલન ધીમું થઈ ગયું હોય છે અને પોતાની મેળે દરેક કામ કરી શકતા નથી હોતા. એમને દવા-જમવાનું સમયસર આપવું, તેમના હાથ પગ દુઃખતા હોય તો દાબી આપવા, તેમને બહાર બગીચામાં ફરવા લઈ જવા વગેરે. તેમના સુખ-દુઃખની વાતો તમારી સાથે શેર કરવાનો આધાર મળશે. તેમની જીવન જીવવાની જિજીવિષા ફરીથી પ્રજળશે અને તમારી આ હૂંફથી તેમનાં મુખ પર કેટલો આનંદ વ્યાપે છે તે આપ ખુદ નિહાળો. (૨) તમારાં પાછળનાં ધોરણનાં પડેલાં જૂનાં પુસ્તકો, નોટબુકો, કંપાસ, કલર્સ દફ્તર, સ્ટેશનરી, ટૂંકા પડી ગયેલા કે આઉટ ઓફ ફેશન થયેલા કે વપરાશમાં ન લેવાતા કપડાં, બુટ-ચંપલ વગેરે જરૂરિયાતમંદ ગરીબોને આપીને પુણ્યનું કામ ટ્રસ્ટ, સંસ્થાઓ તથા સેવાભાવી મંડળો અથવા તમારી સોસાયટી કે ચાલીના યુવાનો ભેગાં મળીને આ કામ કરી શકો છો. (૩) તમને તમારા મિત્રોને મળેલા પોકેટ મનીનો એક ભાગ, બર્થ ડે કે પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થતા ઉજવણી પાર્ટી કરતી વખતે ભેગો કરી ગરીબ બાળકોને બિસ્કિટ, ચોકલેટ કેળા વગેરે વહેંચી શકો છો.

સામાજિક અને માનવતાવાદી સેવાના ઘણા પ્રેરણાદાયી

ઉદાહરણો છે. તેમના જીવનકાળ દરમિયાન **મધર ટેરેસા** કેથોલિક સાધ્વી તરીકે પ્રખ્યાત થઈ, જેમણે કલકલત્તા-ભારતની ઝૂંપડપટ્ટીમાં – નિરાધાર લોકોની સંભાળ રાખવા અને મૃત્યુ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. લોહી વગરની ક્રાંતિ તરીકે ઓળખાતા ભૂદાન ચળવળ (જમીન ઉપહાર આંદોલન) એ ભારતમાં સ્વૈચ્છિક સુધારણા આંદોલન હતું. જેની શરૂઆત ગાંધી આચાર્ય **વિનોબાભાવે** ૧૯૫૧માં પોચમ્પલી ગામમાં કરી હતી, જે હવે તેલંગાણામાં છે, અને ભૂદાન પોચામ્પલી તરીકે ઓળખાય છે. ભૂદાન ચળવળએ શ્રીમંત જમીન માલિકોને તેમની જમીનનો એક ટકા ભૂમિહિન લોકોને આપવા માટે રાજી કરવાનો પ્રયાસ કર્યો. તત્ત્વજનિક રીતે, ભાવે મહાત્મા ગાંધીના સર્વોદય ચળવળ અને ગ્રામ સ્વરાજ્યથી પ્રભાવિત હતા. **ભાવેશ ચંદુભાઈ ભાટિયા.** (જન્મ ૨૯ ડિસેમ્બર ૧૯૭૦) તે દૃષ્ટિથી પડકારજનક પ્રજ્ઞાચક્ષુ ઉદ્યોગસાહસિક અને સનરાઈઝ મીણબત્તીઓ બનાવતી કંપનીના સ્થાપક છે. જે મહાબળેશ્વર, મહારાષ્ટ્ર, ભારત સ્થિત છે. જે મોટાભાગે દૃષ્ટિની અક્ષમ પ્રજ્ઞાચક્ષુ લોકો દ્વારા ચલાવવામાં આવે છે. ભાવેશ પેરાલિમ્પિક કેટેગરીમાં ભાગ લઈ રહ્યા છે અને ૧૧૭ એનએબી, આઈબીએસએ મેડલ મેળવ્યો છે. ફ્લોરેન્સ નાઈટીંગેલ (Florence Nightingale), જેક પૈસાદાર જમીનદારની દીકરી હતી, ક્રેમીયન લડાઈના (૧૮૫૩-૫૬) સમયે બીમાર, ઘવાયેલાં અને મૃત્યુ શૈય્યા પર છેલ્લા શ્વાસ લઈ રહેલાની નિઃસ્વાર્થે સેવા દ્વારા અને ત્યાર બાદ નર્સિંગ ટ્રઈનીંગ સ્કુલ સ્થાપીને નર્સિંગ વ્યવસાયને નવો વળાંક આપ્યો. મેરી ક્યુરીને (Madame Marie Curie) તેની રેડિયમ અને પોલોનિયમની શોધ અને કેન્સરની સારવાર શોધવા માટેના તેમના વિશાળ યોગદાન માટે યાદ કરવામાં આવે છે. જે માનવજાતની સેવા કરે છે. રક્તપિત વસાહતની શારીરિક, આધ્યાત્મિક અને ભાવનાત્મક જરૂરિયાતોનો અગિયાર વર્ષ સંભાળ્યા પછી, **ફાધર ડેમિયન**ને રક્તપિત્ત રોગ થયો. ચેપ હોવા છતાં તેણે પોતાનું કામ ચાલુ રાખ્યું પણ આખરે ૧૫ એપ્રિલ ૧૮૮૯ના રોજ આ રોગનો ભોગ બન્યા. **આલ્બર્ટ શ્વેત્ઝર** (Albert Schweitzer) એક ધર્મશાસ્ત્રી, સંગીતકાર, લેખક અને છેવટે એક તબીબી ડૉક્ટર બન્યા. તેજસ્વી કારકિર્દી, ધીકતી પ્રેક્ટિસ છોડી ફ્રેન્ચ ઈક્વેટોરીઅલ આફ્રિકામાં હોસ્પીટલો બંધાવી સેવામાં જીવન વિતાવ્યું. જીન હેનરી ડુનાન્ટ, સ્વિસ માનવતાવાદી, ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર હતા. તે સ્વપ્નદષ્ટા, પ્રમોટર અને રેડ ક્રોસના સહ-સ્થાપક હતા. જીન હેનરી ડુનાન્ટ (Jean-Henri Dunant), સ્વિસ માનવતાવાદી ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર હતા. તે સ્વપ્નદ્રષ્ટા. પ્રમોટર અને રેડ ક્રોસના સહ-સથાપક હતા. ઘાયલ સૈનિકોની સંભાળ રાખવા માટે સ્વતંત્ર સંસ્થા માટે ડ્યુનન્ટના વિચાર પર આધારિત ૨૮૬૪ જિનીવા સંમેલન હતું. બેડેન પોવેલ Lt. Gen. Robert Baden-Powell) એક પ્રખ્યાત લેખક હતા જેમણે તેમના કામોના વિષયો તરીકે હંમેશા તેમના લશ્કરી અનુભવો પસંદ કર્યા. તે વિશ્વવ્યાપી બોઈઝ સ્કાઉટ મૂવમેન્ટ ચળવળ શર કરવા માટે જાણીતા છે.

ગૂગલ પર આવી પ્રેરણાદાયી હસ્તીઓની વધુ વિગતો વાંચી ફાયદાકારક રહેશે.

જૈન દર્શનમાં – ધર્મમાં, કર્મો જે એક શારીરિક પદાર્થ પોતાને વ્યક્તિગત આત્મા સાથે જોડે છે અને તેનું ભાગ્ય નક્કી કરે છે. પુણ્ય કર્મ અને પાપ કર્મ સુખ અને દુઃખમાં પરિણમે છે. કર્મો આશ્રવ દ્વારા આત્મામાં એકઠા થઈ રહ્યા છે. આ કર્મો તમારા આત્માની વિશેષતાઓને આવરી લે છે, અને આ કર્મોને સભાનપણે ઈરાદાપૂર્વક દૂર-નિરાકરણ-વિનાશ કરવાના પુરુષાર્થને સકામ નિર્જરા કહેવામાં આવે છે. આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે, અથવા પુનર્જન્મથી મુક્તિ મેળવવા માટે અસ્તિત્વમાં રહેલા કર્મને ખંખેરી નાખવા જોઈએ અને નવા કર્મનો સંચય થવો અટકાવવો જોઈએ. નિર્જરામાં, કર્મોના વિનાશને તેમના પ્રાકૃતિક સમય પહેલા વિશેષ પ્રયત્નો દ્વારા, તાપસ (કઠોરતા) દ્વારા, ઉપાયનિર્જરા કહેવામાં આવે છે. ઉત્તરાધ્યયન ૩૦(૩૩) તપ બે પ્રકારના છે. બાહ્ય છે – ઉપવાસ ઉણોદરી (મર્યાદિત આહાર), વૃત્તિ સંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, પડિસંલીનતા અને અભ્યંતર છે – પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસગ્ગ. જ્ઞાતાસૂત્ર અધ્યયન ૮ના આધારે તીર્થંકર નામકર્મ બાંધવાના ૨૦ કારણો પૈકી ૧૬મું કારણ દસ પ્રકારની વૈયાવચ્ચ કરવું એ છે. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૯-૪૫ **वेयावच्चेणं भंते! जीवे किं जणयइ? वेयावच्चेणं तित्थयर्-णामगोयं कम्मं णिबंधइ!** નિઃસ્વાર્થ અને નિષ્કામભાવે વૈયાવચ્ચ કરતાં જીવ જ્યારે તેમાં ઉત્કૃષ્ટ રસને પ્રાપ્ત કરે ત્યારે તે જીવ તીર્થંકર નામ કર્મનો બંધ કરે છે.

જૈન ધર્મ સમજાવે છે કે મનુષ્ય ભવ અમૂલ્ય છે અને મનુષ્ય ગતિ જ મુક્તિનો માર્ગ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮

# અધ્યાત્મ સાધનાનો પાયો છે, સમતા

**તત્વચિંતક વી. પટેલ**

**મા**નવ જીવનમાં અધ્યાત્મની સાધના, સમતામાં, સ્થિતપ્રજ્ઞમાં, પ્રજ્ઞામાં, નિર્વિચારમાં, નિર્ગ્રંથમાં, વિતરાગતામાં અને શૂન્યમાં, સ્થિર થયા વિના અધ્યાત્મની સાધના સંભવ જ નથી. સમતા એ જ તેનો પાયો છે અને જાતને જાણી તેમાં સ્થિર થવું એજ એનું સુમધુર ફળ છે.

આજે પશ્ચિમમાં દાર્શનિક તત્વજ્ઞાન જ સમાપ્ત થઈ ચૂક્યું છે, તો પૂર્વમાં અધ્યાત્મ અને ભક્તિ માત્ર અંધ વિશ્વાસ અને અંધશ્રધ્ધામાં ગરકાવ થઈ ગયેલ છે. સત્યનો અને આંતરિક સાધના કરી શુધ્ધ થવાનો અંશ જ ધર્મમાં રહેવા જ પામેલ નથી. પણ માનવ બન્ને જગ્યાએ વર્તમાનમાં છે, પણ તે વર્તમાનમાન કાળમાં સ્થિર નથી, જેથી જીવનના અમૃત ફળથી વંચિત રહે છે.

વર્તમાનમાં સ્થિર હોવુ એટલે આંતરિક સાધના કરી પોતાની જ જાતમાં પોતાના સ્વભાવમાં અને પોતાના જ આત્મામાં સ્થિરતા હોવી, એનું નામ વર્તમાન છે. આજનો માનવ ભૂત અને ભવિષ્યકાળના સંકલ્પ વિકલ્પમાં સ્થિર છે, જેથી ચિંતાગ્રસ્ત છે. તનાવમાં જ જીવે છે.

માનવજીવન પોતે જ આનંદ સ્વરુપ છે. કારણકે આપણે આત્મસ્વરૂપ છીએ, ને આત્મા આનંદ સ્વરૂપ છે, માટે આપણે આનંદ સ્વરૂપ છીએ, પણ જીવનને જાણીને જીવનના સ્વભાવમાં સ્થિર થતા નથી, તેથી જીવનનો આનંદ મેળવી શકાતો નથી. ખરેખર જીવન જ આનંદ છે, પણ તેનાથી વંચિત રહીએ છીએ.

અધ્યાત્મ સાધનનો હેતુ જ આંતરિક શુધ્ધતા પ્રાપ્ત કરી સ્વધર્મમાં સ્થિર થવનો છે, એ જ સમતા છે, એ જ ધર્મ પણ છે. આપણા આત્માને જે સત્ય લાગે તે પ્રમાણે વર્તન વ્યવહાર કરવો તે ધર્મ છે અને જે આત્માને અરુચીકર હોય તેનું આચરણ અને વ્યવહાર કરવો તે અધર્મ છે, એટલું જાણીને ચાલો જરૂર શાંતિ મળશે.

સમતા એટલે ગીતાની સ્થિતપ્રજ્ઞતા, ત્રિગુણાતીતતામાં,સ્વધર્મમાં, મહાવીરની વિતરાગતામાં,નિર્ગ્રંથતામાં સમ્યક્ શ્રધ્ધામાં, સમ્યક્ જ્ઞાનમાં અને સમ્યક્ ચારિત્રમાં બુધ્ધની શીલ, સમાધિપ્રજ્ઞામાં, મૈત્રીમાં અને કરૂણામાં અને વેદની બ્રહ્મસ્વરૂપતામાં અને ઉપનિષદમાં આત્માને જાણી આંતરિક રીતે શુધ્ધ થઈ, આત્મામાં સ્થિર થવું એ જ જ્ઞાન છે, એ જ પૂર્ણતા છે.

જીવનમાં જ્યાં પૂર્ણતા છે, ત્યાં જ પરમ આનંદની સ્થિતી છે, ત્યાં જ પોતાની જાતમાં સ્થિરતા છે. પૂર્ણ થવું એટલે પરમ આનંદથી જીવન જીવવા માટે આંતરિક સાધાના કરી શુધ્ધ અને સ્થિર થવું, એ જ જીવનનો પાયો છે, પણ આજે આ બધુ જ હવામા ઉડી ગયુ છે અને રહી છે. માત્ર ને માત્ર ધર્મની પાખંડતા.

પશ્ચિમમાં બધી જ વ્યવસ્થાઓને તોડીને સમાજ વ્યવસ્થાના નવા નવા આયામો શોધાઈ રહ્યા છે, ને માનવજાતને સુખી કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે, તો બીજી તરફ પૂર્વમાં સનાતન ધર્મના નામે સમાજમાં કલુષિત પ્રવૃત્તિને કારણે વ્યક્તિ વૈરાગ્ય લઈને સમાજનું શોષણ કરી. જ્યાં ભય અને ભ્રમ હોય ત્યાં અધ્યાત્મને કે ધર્મને સ્થાન નથી. ત્યાં તો પાખંડતા હાજરાહજૂર હોય છે.

પશ્ચિમ પોતાની સારી સમૃધ્ધિ પોતાની પાસે હોવા છતાં આંતરીક રીતે ઉદાસ અને ચિંતાગ્રસ્ત છે. કારણ કે પદાર્થ કદી શાંતિ, સુખ અને આનંદ આપી શકે જ નહીં, માટે તે પરેશાન છે અને જીવનનો આનંદ પદાર્થની પ્રાપ્તિ ખૂબ જ હોવા છતાં આનંદ લૂટી શકતો નથી. કારણ કે પદાર્થમાં આનંદ નથી, આનંદ તો આત્મામાં છે. તેઓને આંતરિક સાધના કરી આત્માને જાણી તેમાં સ્થિર થવાનું જ્ઞાન નથી.

જ્યાં વેદ અને ઉપનિષદ દ્વારા આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ચોક્કસ પદ્ધતિ નક્કી થયેલી છે અને તેમાં સ્થિર થવાથી આત્માનું જ્ઞાન થાય છે. તેમાં સ્થિર થવાની આખી સાધના પધ્ધતિ છે, ત્યાં તેનું આચરણ કરવાનું સાવ જ ભુલાઈ ગયું છે. માટે બન્ને જગ્યાએ માણસો દુઃખી છે, ચિંતાગ્રસ્ત છે. તનાવમાં જ જીવન જીવે છે અને જીવનને વેડફે છે.

પૂર્વ પાસે વેદ અને ઉપનિષદનું જ્ઞાન છે, પણ પોતાની જ આંતરિક ખામીઓને કારણે અને ગરીબ છે, ને આંતરિક રીતે દુઃખી છે. તો પણ બાહ્ય રીતે શાંત દેખાય છે, પણ આંતરિક રીતે સુખ અને શાંતિ શોધવા ખર્ચ કરીને પ્રેક્ષકની ગેલેરીમાં સ્વર્ગ મળશે, સુખ મળશે તેની લાલસામાં બેઠો છે, સ્વર્ગ છે, કે નહીં તેની તેને ખબર નથી. પણ ટીકીટ તો ખરીદી છે.

પશ્ચિમ સદાય ગતિમાન રહ્યુ છે. એનું જીવન ગતિશીલ હતું

અને છે. એટલે નવા નવા સાહસ કરીને નવા નવા સ્વાદ તો કર્યા અને તેનાં જુદા જુદા અનુભવો મેળવ્યા. એમાંથી કાંઈક પ્રાપ્ત પણ કર્યું અને કાંઈક ખોયું પણ ખરું.

પૂર્વ સદાય નિષ્ક્રિય સ્થિર જ રહ્યું છે, તે નિરંતર પોતાના બદલાવથી ભય અનુભવે છે. એમાં જરાક પણ નવું અને ગતિશીલતા આવે તો કાંપે છે, કંપન અનુભવે છે. જો પરિવર્તન થશે તો પોતાની જે વિરાસત છે, ને આ વિરાસત દ્વારા ફૂંકી ફૂંકીને ધર્મને નામે લોકોનુ શોષણ કરવામાં આવે છે,એટલે પરિવર્તન થતા વિરાસત ચાલી તો નહીં જાય ને તેનો ભય અનુભવે છે.

આ ભયને કારણે આધ્યાત્મિક પરિવર્તનતાને રોકે છે. અથવા નવા આયામોમાં તેને ફિટ કરવા પ્રયત્ન કરે છે. હવે તેને પોતાને જ સંદેહ થવા લાગ્યો છે, કે માણસને હવે જાજો વખત ભ્રમ અને ભયમાં રાખી શકાશે નહીં જુસ્સાથી આધ્યાત્મિક માહિતીનું ક્ષેત્ર આગળ વધી રહ્યુ છે, તેમ તેને લાગવા માંડ્યુ છે અને ભય અનુભવે છે.

માણસ પણ જાણવા માંડ્યો છે, કે યોગની સાધના કરી જીવનમા અહીં જ જાતને જાણી જાતમાં સ્થિર થઈને આનંદ પૂર્વક જીવવું એ જ સ્વર્ગ છે અને આત્માથી દૂર બાહ્યાચારોમાં જીવવું એ જ ચિંતા તનાવ ગ્રસ્ત જીવવું એ જ નરક છે.

બાકી સ્વર્ગ અને નરકની વાતો વાહિયાત છે. ભય અને ભ્રમમાં સ્થિર કરવાની વાતો છે, તેમાં કોઈ તથ્ય નથી, તેવું માણસને સમજાવવા માંડ્યુ છે.

જીવન જીવવા માટે ધ્યાનનો આંતરિક શુદ્ધિનો માર્ગ જ આનંદ આપી શકે તેમ છે, તે સમજાવા માંડ્યું છે અને ધ્યાન યોગનો વિસ્તાર વધી રહ્યો છે, જેમ જેમ ધ્યાન યોગનો બહોળો ફેલાવો થશે તેમ તેમ ધર્મની પાખંડતામાંથી માણસ બહાર નીકળશે, જ તે નક્કી જ છે.

પૂર્વ અને પશ્ચિમ બન્ને અત્યારે ધ્યાન યોગ તરફ વળેલ છે, તેજ માનવીય જીવન માટે શુભ સમાચાર છે. યોગ જ માણસને પોતાના પરમ આનંદમાં સ્થિર કરી શકશે, બીજો કોઈ આ જગતમાં માર્ગ જ નથી. આમ અધ્યાત્મની સાધના જ માનવજીવનનો ઉધ્ધાર કરી શકશે.

અધ્યાત્મ એટલે સંસાર છોડીને નવો સંસાર ઉભો કરી બીજાનું શોષણ કરવુ તે ધર્મ નથી. પણ સંસારમાં રહીને પરમ ચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને, આત્માના સત્ય પ્રમાણે ધંધો રોજગાર કરી આંતરિક સત્યને સાથે રાખીને જીવે જવું તેજ ધર્મ છે.

આત્મા એ જ પરમાત્મા છે, તેને જાણી તેમાં સ્થિર થઈને જીવવું એ જ આનંદ સ્વરૂપ જીવવાનો માર્ગ છે, અંતરથી જાણી અનુભવીને ચાલવું તે ધર્મનો માર્ગ છે. એ માર્ગ ઉપર જ મોક્ષ છે, મુક્તિ છે.

✦ ✦ ✦

સંપર્ક : sarujivan39@gmail.com, અમેરિકા


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ **વાર્ષિક લવાજમ** | **₹ ૩૦૦** | ✦ **1 વર્ષનું લવાજમ** | **$ 30** |
| ✦ **ત્રણ વર્ષનું લવાજમ** | **₹ ૭૫૦** | ✦ **3 વર્ષના લવાજમ** | **$ 80** |
| ✦ **પાંચ વર્ષનું લવાજમ** | **₹ ૧૨૫૦** | ✦ **5 વર્ષના લવાજમ** | **$ 130** |
| ✦ **દસ વર્ષનું લવાજમ** | **₹ ૨૫૦૦** | ✦ **10 વર્ષના લવાજમ** | **$ 250** |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જીસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બૅન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**


**SWIFT Code: KKBKINBB**

## Six Spirirual Truths of the Soul :

# Atmasiddhi Shastra

ડૉ. રશ્મિ ભેદા

**આ**સો વદ એકમ. વિ. સં. ૨૦૭૭, ૨૧ ઑક્ટોબર ૨૦૨૧ના ઓગણીસમી સદીના પરમતત્ત્વજ્ઞ આત્મજ્ઞાની સંત શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા રચાયેલ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની રચનાને ૧૨૫ વર્ષ પૂર્ણ થયા. એ અવસરે પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ દ્વારા લખાયેલ વિવેચન 'આત્મસિદ્ધિ શાસ્ત્ર : આત્માના છ આધ્યાત્મિક સત્યો' આ ગ્રંથનું વિમોચન શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના આંતરરાષ્ટ્રીય મુખ્ય મથકે હજારો વૈશ્વિક પ્રેક્ષકો સમક્ષ એક ભવ્ય સમારોહમાં કરવામાં આવ્યું.




''આત્મસિદ્ધિશાસ્ત્ર'માં શ્રીમદ્ રાજચંદ્રએ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ પ્રણીત કરેલા મોક્ષમાર્ગનું સુંદર નિરૂપણ કર્યું છે. અનાદિકાળથી ભ્રમણાનું કારણ મિથ્યાત્વ છે, જેના કારણે દેહમાં આત્મબુદ્ધિરૂપ વિભ્રમ ઊભો થાય છે અને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું વિસ્મરણ થાય છે. જે સ્વરૂપ સમજવા વિના જીવ અનંતકાળથી સંસાર ભ્રમણનું દુઃખ ભોગવ્યા કરે છે, તે સ્વરૂપ સમજાય એવી આત્મશ્રેણી પ્રાપ્ત કરવાનો માર્ગ આત્મસિદ્ધિશાસ્ત્રનાં દર્શાવ્યો છે. શ્રીમદ્જીએ પોતાના અનંત શક્તિમાન આત્મસ્વરૂપનો સ્વયં અનુભવ કરીને આત્માર્થી જીવને આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાવવા અને આત્માની અનુભૂતિ કરાવવા માટે આત્મસિદ્ધિશાસ્ત્રનું સર્જન કર્યું છે. તેમાં કૃત્રિમતાનો અંશ નથી, નિરર્થક પ્રયોગોની છાંટ નથી, તેમાં છે આત્માનુભવની અભિવ્યક્તિ, 'આત્મસિદ્ધિશાસ્ત્ર', 'અપૂર્વ અવસર' અને અન્ય રચનાઓમાં એમનો ઘૂંટાઈ ઘૂંટાઈ આવતો અનુભવરસ અને ગહન સિદ્ધાંતબોધ, દષ્ટિગોચર થાય છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર' એમની સર્વોત્કૃષ્ટ રચના છે. કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુભગ સમન્વય સરળ ભાષામાં થયેલો છે. તત્ત્વજ્ઞાનના ગૂઢ વિષયોનું દોહન કરીને, તેના ગૂઢ રહસ્યો સાદી સરળ ગુજરાતી ભાષામાં રજૂ કર્યા છે. ૧૪૨ ગાથાની આ કૃતિમાં તેમણે 'આત્મા છે', 'તે નિત્ય છે', 'તે કર્મનો કર્તા છે', 'તે કર્મફળનો ભોક્તા' છે, 'મોક્ષ છે' અને 'મોક્ષનો ઉપાય છે' – આ છ પદને સંક્ષેપમાં છએ દર્શનોના સારરૂપ ઘટાવીને, ગુરુશિષ્યસંવાદ શૈલીમાં આ અદ્ભૂત કૃતિની રચના કરી છે. અહીં વિચારોની તરલતા અને વાણીની પ્રવાહિતા પણ જોવા મળે છે. આત્મતત્ત્વના યથાર્થ સ્વરૂપનું નિરૂપણ કરતો આ પદ્યગ્રંથ સાધકને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાના માર્ગમાં પરમ સાધનરૂપ છે.

ભગવાન મહાવીર પ્રણીત પંથના પ્રરૂપક, શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત, શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના પ્રણેતા પૂજ્ય રાકેશભાઈ આધુનિક યુગના આધ્યાત્મિક આર્ષદૃષ્ટા છે. એમણે વૈશ્વિક સાધકો માટે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની દરેક ગાથામાં સમાવિષ્ટ મર્મને સમજાવતા અંગ્રેજી ભાષામાં, વિવિધ સ્તરના વાચકો સમજી શકે તેવી સરળ શૈલીમાં વિવેચન લખ્યું છે. પૂ. રાકેશભાઈએ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' પર લગભગ ૨૦-૨૧ વર્ષ પહેલા શોધપ્રબંધ લખી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. અને હવે ખાસ આજના યુવાનોને સમજાવવા આ લોકડાઉનના સમયગાળામાં અંગ્રેજીમાં અત્યંત સરળ અને રોચક ભાષામાં આત્મસિદ્ધિશાસ્ત્રનું વિવેચન કર્યું જે એક નોંધપાત્ર બાબત છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે પોતાનો ઊંડો આદરભાવ વ્યક્ત કરતા કહે છે, 'આત્મસિદ્ધિશાસ્ત્ર' દ્વારા શ્રીમદ્ રાજચંદ્રએ આત્માની સિદ્ધિનો માર્ગ સર્વ મુમુક્ષુ જીવો માટે અનાવરિત કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. અનુભવના ગહન ઊંડાણમાંથી લખાયેલ આત્માના વિષયમાં મહાગીતા એવા 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની અમૂલ્ય ભેટ આપીને શ્રીમદ્જીએ જગત ઉપર અમાપ અનુગ્રહ કર્યો છે.

આ પુસ્તક આત્મસાક્ષાત્કાર માટેના પ્રત્યેક કદમનું માર્ગદર્શક છે, જે વાચકને નિખાલસ અને તર્કસંગત સંવાદ દ્વારા મોક્ષના અવરોધ માર્ગ તરફ દોરી જાય છે. પૂજ્ય ગુરુદેવ રાકેશભાઈ વાચકને તેની ઊંડી માન્યતાઓને પડકારવા પ્રોત્સાહિત કરે છે અને અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નોના ઉત્તરો આ પુસ્તકમાં વણી લે છે.

આત્મા, પ્રારબ્ધ, કર્મ, મૃત્યુ, પુનર્જન્મ, ઈશ્વર અને મુક્તિની અદ્ભૂત છણાવટ કરી છે.

પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશજીના લખાણના સર્વ સમાવેશક અને વ્યવહાર અભિગમના કારણે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' પુસ્તકને વિશ્વભરના દરેક ક્ષેત્રના અગ્રણીઓની પ્રશંસા પ્રાપ્ત થઈ છે. દલાઈ લામા, શ્રી શ્રી રવિશંકર, સ્વામીનારાયણ સંસ્થા BAPSના આધ્યાત્મિક વડા શ્રી મહંત સ્વામી, શ્રી મોરરિબાપુ, આદિ આધ્યાત્મિક ગુરુઓ અને ચિંતકો તેમ જ ઈન્ફોસીસના કૉ-ફાઉન્ડર શ્રી નંદન નીલકેણી, શ્રી રતન ટાટા, જેવા ઉદ્યોતપતિઓ, સુપ્રસિદ્ધ લેખકો જેમ કે દીપક ચોપડા, અમીષ ત્રિપાઠી, ચેતન ભગત અને અન્ય અનેક લોકોએ સરાહના કરી છે. ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પુસ્તક પર હસ્તાક્ષર કરી, વિમોચન પહેલા જ પોતાની સરાહના મોકલી આપી છે. તેઓ વ્યક્ત કરે છે, 'યુવાઓના આધ્યાત્મિક ઉત્થાનના લક્ષ્યથી આત્મસિદ્ધિશાસ્ત્રના સારને અંગ્રેજીમાં રોચક રીતે રજૂ કરવાનો પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીનો આ પ્રયાસ સ્તુત્ય છે.' શ્રીમદ્ રાજચંદ્રનું ગહન આધ્યાત્મિક જ્ઞાન સાધકોની અનેક પેઢીઓને આત્મસાક્ષાત્કારના પથ પર ચાલવા માર્ગદર્શન આપી રહ્યું છે.''

ધરમપુરમાં થયેલ આ વૈશ્વિક વિમોચનના પ્રસંગને વિશ્વભરના લોકોનો સુંદર પ્રતિસાદ સાંપડ્યો છે અને આ પુસ્તક આંતરરાષ્ટ્રીય ફલક પર પહોંચ્યું છે. આ પુસ્તકનું હવે અનેક દેશોમાં સ્વતંત્ર રીતે વિમોચન કરવામાં આવશે જેમ કે યુ.એસ.એ., યુ.કે., હોંગકોંગ, ઑસ્ટ્રેલિયા, કેન્યા વગેરે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સે (ICCR) આ પુસ્તકના કવરના આવરણનું વિશ્વભરમાં સ્ટ્રીમીંગ કર્યું હતું અને ૧૯૦થી વધુ વિદેશી ભારતીય રાજદ્વારી મિશનો જેમ કે હાઈ કમિનશન્સ, કોન્સ્યુલેટ્સે આ સ્ટ્રીમીંગનું પ્રસારણ કર્યું હતું.

અનેક દેશોમાં બેસ્ટ સેલરના ચાર્ટમાં ટોચ પર આવી ગયેલ પ્રસ્તુત પુસ્તક એમેઝોન, ફ્લિપકાર્ટ, કિંડલ તથા પ્રસિદ્ધ બુક સ્ટોર્સમાં વેચાણ માટે ઉપલબ્ધ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૬૭૧ ૮૬૪૪૦

# કોરોનાએ મને શું આપ્યું?

**સોનલ પરીખ**

જિંદગી કોઈ પિકનિક નથી તેમ અમેરિકન સેલ્ફ હેલ્પ બુક્સ વર્ણવે છે તેવી'આઇ એમ ઓકે, યુ આર ઓકે' જેવી ફિલગુડ સ્થિતિ પણ નથી. જિંદગી સ્તબ્ધ કરી નાખતી ને આઘાતો આપતી ચીજ છે. કયા વળાંકે નવું દશ્ય ખૂલી જાય ને કયો વળાંક ડેડ એન્ડ સાબિત થાય તે કદી કહી શકાતું હોતું નથી.

દોઢ-પોણાબે વર્ષ પહેલા આપણે કોરોના વાયરસનું નામ પણ નહોતા જાણતા અને આજે એ નામ, બીજાં બધાં નામોને ઢાંકીને; આપણાં પૃથ્વી, આકાશ અને ક્ષિતિજને ઘેરીને ઊભું રહી ગયું છે. આપણું વિશ્વ બદલાઈ ગયું છે. ભય સર્વવ્યાપી બન્યો છે, માણસ-માણસને મળે એ દુર્લભ બન્યું છે, 'ડિસ્ટન્સિંગ' એ નવો આચારધર્મ બન્યો છે.

કોરોનાના લીધે આપણે એ સમજવું પડ્યું કે ટેકનોલોજીની હરણફાળ, માહિતી વિસ્ફોટ અને ભૌતિકવાદ આપણને જિંદગીનો અર્થ ને અસ્તિત્વની ગરિમા શીખવે જ એવું જરૂરી નથી. આપણું હોવું કેટલું ક્ષણભંગુર અને અનિશ્ચિત છે એવું આપણે કહેતા પણ સમજતા એવું કે દુનિયા આપણા કંટ્રોલમાં છે, પ્રકૃતિ અને પર્યાવરણ આપણા ભોગવટા માટે જ બન્યાં છે અને બધું સદાકાળ માટે આમ જ રહેવાનું છે. કોરોનાના લીધે આપણે એ સમજવું પડ્યું કે અદશ્ય વાઈરસ ગમે ત્યારે આપણામાં ઘૂસી શકે, આપણા શ્વાસ રુંધાવા માંડે અને હોસ્પિટલો આપણને દાખલ કરવાની ના પાડે એવું કોઈ પણ ક્ષણે બની શકે.

ગમે ત્યારે ચેપ લાગવાનો ભય અને કોરેન્ટાઈન-સોશ્યલ ડિસ્ટન્સનો લંબાતો જતો સમય – આ બેવડી અનિશ્ચતતાએ આપણને અકળાવ્યાં. આપણે પોતાનાં મૂળ તરફ પાછા ફરવાની જરૂર જોતાં થયાં. છેલ્લાં થોડાં વર્ષોમાં આપણે એક ભ્રામક વિશ્વમાં પોતાને કેદ કરી દીધા હતા. પાડોશી, સગાવહાલા કે કુટુંબીજનો દખલરૂપ લાગવા માંડ્યા હતા. મિત્રો સાથે ક્વોલિટી ટાઈમ વીતાવવાને બદલે ફેસબુક અને વોટ્સઅપની લાઈક્સમાં રાચતા હતા. દરેક બાબતમાં ગણતરી, સોદો અને સ્વાર્થ પ્રવેશી ગયા હતા. સોશ્યલ મિડિયા પર અનેક ફોલોઅર્સ ને સબસ્ક્રાઇબર્સ હોવા છતાં એકલા પડી ગયા હતા. હવે આપણે માણસ શોધતા, સાથે રહેતા, ઓછી ચીજોથી ચલાવતા, શ્રમ કરતા શીખવા લાગ્યા.

કોરોનાવાઈરસે શીખવ્યું કે સાવધ રહો, સતર્ક રહો, પણ સતત ફફડ્યા ન કરો. કોરોના, ચેપ, મૃત્યુઆંક, ટીવી ન્યૂઝ અને અખબારોની હેડલાઈન્સને ગંભીરતાથી લો, પણ ઓબ્સેસિવ ફિયર-ભયના અતિરેકના શિકાર ન બનો. સાવધાની અને કાળજી અગત્યનાં છે, પણ વોટ્સઅપયુગ તાકાત વધારવાને બદલે નકારાત્મકતા ફેલાવે તો ચેતો. આપણે શીખ્યા કે કટોકટીની અવગણના ન કરાય,

પણ તેને જ સર્વ કાંઈ ન માની બેસાય.

કોરોનાવાઈરસે આપણને વર્તમાનમાં જીવતાં શીખવ્યું. ક્ષણનું મહત્ત્વ સમજાવ્યું. ભૂતકાળની ઝાકઝમાળની નિરર્થકતા અને ભવિષ્યની અનિશ્ચિતતાની પ્રતીતિ આપી. આપણે સમજ્યા કે આજે જીવતા છીએ તો જીવી લઈએ. સાચા માણસ બની લઈએ, સ્વજનોને વહાલ કરી લઈએ, નકામી પળોજણોથી મનને મુક્ત કરી લઈએ અને સામે ઊભેલી જિંદગીથી લથબથ ક્ષણને પ્રેમ કરી લઈએ. બીજું કશું સાથે આવવાનું નથી.

૨૦૧૯ના ડિસેમ્બર મહિનામાં હું બેંગલોરના અમારા ઘરેથી નીકળી ત્યારે કલ્પના નહોતી કે આ ઘરમાં કદી પાછા ફરી નહીં શકાય. ફરતી ફરતી હું ૨૦૨૦ની ફેબ્રુઆરીના અંતે પાછી મુંબઈ આવી. માર્ચના પહેલા અઠવાડિયામાં દીકરો અને પુત્રવધૂ નાનકડી પૌત્રીને લઈને મુંબઈ આવ્યાં ત્યારે અખબારોમાં ચીનમાં ફેલાયેલા કોરોના વિશે સમાચાર આવતા હતા.

પછી તો ઝડપથી કોરોના અહીં આવ્યો, ઝડપથી ફેલાતો ગયો. બેંગલોર પાછા ફરવાના દિવસે જ જનતા કરફ્યુનું એલાન થયું. અમારી ટિકિટો ઓટોમેટિક કેન્સલ થઈ. નવી કરાવીએ એ પહેલા એક પછી એક લોકડાઉન ને અમે છ મહિના સુધી બેંગલોર જઈ ન શક્યાં.

એ છ મહિનાનું વર્ણન કરતી નથી. જે સૌએ ભોગવ્યું તે અમે પણ ભોગવ્યું. ત્યાર પછી હું દિલ્હી દીકરીને ત્યાં ગઈ અને દીકરો-પુત્રવધૂ બેંગલોર જઈ, ત્યાંનું ઘર ખાલી કરી, બધો સામાન લઈ કુર્ગ ગયાં. પુત્રવધૂના ગામમાં તેના ભાઈના ઘરની બાજુમાં ઘર ભાડે લઈ રહેવાનું શરૂ કર્યું. કામ તો ઘેરથી જ કરવાનું હતું અને બેંગલોર કરતાં કુર્ગમાં કોરોનાનો ઉપદ્રવ ઘણો ઓછો હતો.

દિલ્હી પણ છ મહિના રહી. મારી પણ એક યોજના હતી. કોરોનાએ, તેના પર ફોકસ કરવાની અનુકૂળતા સર્જી આપી. ૨૦૨૧નો ફેબ્રુઆરી આવીને ઊભો હતો. દિલ્હીથી નાગપુર જઈ હું અમદાવાદ પહોંચી ત્યારે બીજી લહેરની શરૂઆત હતી. મુનિભાઈ-અંજુબહેન સાથે લોકભારતી આવી, અમે ત્રણ દિવસ રહ્યાં. અરુણભાઈ સાથે વાતો કરી, બધું જોયું, જાણ્યું, અનુભવ્યું, અરસપરસ મન ઠર્યાં અને મહિના પછી જોડાવાનું નક્કી કરી હું મોરબી જઈ ત્યાંથી મુંબઈ આવી ત્યાં તો બીજી લહેર પૂરજોશમાં ફરી વળી હતી. મુંબઈથી ભાવનગરની પ્લેનની ટિકિટ ચારપાંચ વાર કેન્સલ થઈ. પંદર દિવસ મોડી પણ હું લોકભારતીમાં પહોંચી ને મે મહિનાથી કામે લાગી.

આમ કોરોનાના વર્ષમાં અંદર-બહાર ખૂબ મુસાફરી થઈ. એને હું નિયતિનો સંકેત સમજું છું. આમ તો દીકરો-દીકરી ગોઠવાવા લાગ્યાં ત્યારથી એટલે કે થી જ મન વાનપ્રસ્થાશ્રમની યોજનાઓ બનાવતું હતું. બન્ને કારકિર્દીમાં ને જિંદગીમાં ગોઠવાઈ જાય, એમનાં લગ્ન-સંતાન થઈ જાય, પછી એ લોકોને એમનો સંસાર સોંપી હું મારી રીતે ક્યાંક ગોઠવાઈ હોઉં; અમે મળતાં-હળતાં હોઈએ પણ પોતપોતાની સ્પેસમાં જીવતા હોઈએ આવાં દિવાસ્વપ્નો જોવા ગમતાં.

સમયાંતરે એબધું તો પાર પડતું ગયું પણ હું નવેસરથી માયામાં બંધાઈ. આ બધાંને મૂકીને ક્યાંય જવું નથી. વાનપ્રસ્થાશ્રમનું સ્વપ્ન સુંદર છે, પણ આ ટીનકુડાં ભટુરિયાં કેવાં મજાનાં છે! જઈશું, પછી કયારેક, નવરાશે. પણ કોરોના આવ્યો, અંતર્મુખ થવાની, અનિશ્ચતતાઓની મુખોમુખ થવાની જે તક મળી તેનાથી સૂતેલું સ્વપ્ન જાગીઊઠ્યું અને વેગ અને દિશા બન્ને પકડી શક્યું.

કોરોનાના વર્ષે મને શીખવ્યું કે તમામ અનિશ્ચિતતાઓ વચ્ચે જિંદગી સુંદર અને અર્થપૂર્ણ હોઈ શકે છે.

લોકભારતીમાં આવવું એટલે પ્રકૃતિની નિકટ આવવું અને મહાત્મા ગાંધીના વાઈબ્રેશનમાં પ્રવેશવું ને આખી દુનિયા વિશે વિચારતા થવું. થાય છે, કોરોનાગ્રસ્ત વિશ્વ કોરોના પહેલાના વિશ્વ કરતા સાવ જુદું હતું અને કોરોના પછીનું વિશ્વ પણ કોરોના પહેલાના વિશ્વ કરતા ઘણું જુદું હશે. રોગની આક્રમકતા ઘટી છે પણ માણસે ચેતવાનું તો છે જ. જીવનશૈલી, માનસિકતા અને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં ફરક લાવવો પડશે. હિંસા તરફથી સંરક્ષણ તરફ અને ભોગવાદ તરફથી સંવર્ધન તરફ વળવું પડશે.

આ કામ સરકારનું નહીં તેટલું નાગરિકોનું છે. લોકશક્તિને જાણી ચૂકેલા મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે શક્તિ શાસકમાં નહીં, પ્રજામાં હોય છે. આજે આ વાતમાં રહેલું સત્ય નવા સંદર્ભમાં સમજાઈ રહ્યું છે. દરેક માણસે ગાંધીજી કહેતા તેમ ધીમા પડવું, ઉત્પાદનના અને ઉપભોક્તાવાદના અતિરેકથી બચવું અને સ્વતંત્રતા, શાંતિ, નિ:શસ્ત્રીકરણ અને ભાઈચારાની સાધારણ નીતિ સાચવીને ચાલવું અનિવાર્ય બની ગયું છે

કોરોના કટોકટીએ સાબિત કર્યું છે કે વિશ્વ પાસે સહકાર અને સહયોગથી કામ કરવા સિવાય કોઈ વિકલ્પ છે જ નહીં. માત્ર 'મારો દેશ – મારો દેશ' કરવાથી કંઈ નહીં થાય. વૈશ્વિક અભિગમ અપનાવવો જ પડશે. ગાંધીજી હોત તો આપણને સાતત્યપૂર્ણ વિશ્વવિકાસ અને સહકારપૂર્ણ વિશ્વસલામતીનો રસ્તો બતાવત. આપણે એમનું સાંભળત કે નહીં એ વાત જુદી છે.

✦ ✦ ✦

# આદરાંજલિ
# કમલા ભસીન (૧૯૪૬–૨૧)

**ડૉ. વિભૂતિ પટેલ**

**ક**મલા ભસીન ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૧ના આપણને છોડી ગયાં આને લઈને નારીમુક્તિ આંદોલન અને અનેક સામાજિક ચળવળોને મોટી ખોટ વર્તાઈ. કમલાદીદી તરીકે ગ્રામણી, આદિવાસી, શહેરની વસ્તીઓની બહેનો અને દીકરીઓમાં જાણીતા બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. પોતાની વાક્છટા, ગીતો, પંક્તિઓ, સૂત્રો, વાર્તાઓ, ટૂચકાઓ, પુસ્તિકાઓ થકી બિનઅંગ્રેજી ભાષી આમ-જનતાના યુવાન-યુવતીઓમાં સૌથી વધુ પ્રખ્યાત નારીવાદી ચિંતક તરીકે ફક્ત ભારતમાં જ નહીં પણ દક્ષિણ એશિયાના બધા જ દેશોમાં ખ્યાતિ પામ્યા. કમલા ભસીનના સરળ અંગ્રેજી ભાષામા લખાયેલા નારીવાદી પ્રકાશનો જેમાં મહત્વના સિદ્ધાંતો – નારીવાદી, પિત્તૃસતા, મર્દાનગી, લિંગભાવનો ઉદાહરણો સાથે સમજ ઊભી કરવામાં આવી છે. તેનો તો આખા વિશ્વના નારી સંગઠનોએ પોતાના તાલીમ શિબિરોમાં ઉપયોગ કર્યો છે. કમલાના પ્રકાશનો ભારતની ઘણી બધી ભાષાઓમાં પ્રકાશિત થયા છે. બાંગ્લાદેશ, પાકિસ્તાન, નેપાલ, અફઘાનિસ્તાન, શ્રીલંકામાં પણ સ્ત્રી સંગઠનોએ કમલાના લખાણોને સ્થાનિક ભાષામાં ભાષાંતર કરી મોટા પ્રમાણમાં કાર્યકર્તાઓ સુધી પહોંચાડ્યા છે. સામાજિક માધ્યમોમાં કમલાના બધા જ લખાણો, ભાષણો, ગીતો ખૂબ સરળતાથી (ખર્ચ કર્યા વગર) મફત વાપરી શકાય છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના અન્ન અને કૃષિ સંગઠનમાં લગભગ ૩ દાયકા સુધી નોકરી કરવાને લઈને કમલા ભસીનને આંતરરાષ્ટ્રીય ફલક પર ઘણા બધા વિકાસશીલ દેશો સાથે જમીન સાથે જોડાઈને કામ કરવાનો મોકો મળ્યો. પોતાની નારીવાદી ધગશને લઈને કમલાએ પોતાની નોકરીની સાથે એ બધા દેશોના નારી સંગઠનોને પણ મજબૂત કર્યાં. બાળપણથી જ બહાદુર કમલા ભસીન, દીકરી અને દિકરા વચ્ચેના ભેદભાવને કદી સાંખી લેતા નહીં. રક્ષાબંધનના તહેવારમાં કમલા પોતાના ત્રણ નાના ભાઈઓની સાથે સાથે બે નાની બહેનોને પણ રાખડી બાંધતા. નાની ઉંમરે પગભર થયેલ કમલા પોતાના નાના ભાઈ-બહેનોને પણ ઉચ્ચ અભ્યાસ માટે પોતાની પાસે રહેવા લઈ આવ્યા. પોતાની બધી કમાણી સમાજ ઉપયોગી કામો માટે છોડી જનારા કમલાના બધા સગાવહાલાઓ તેમના નિર્ણયથી ખુશ છે. કમલાએ જે સંસ્કારો સીંચીને પોતાના ભાઈ-બહેનોના વ્યક્તિગત વિકાસમાં યોગદાન આપ્યું માટે એમણે કુટુંબીજનોમાં દરેક કામ માટે સાથ મળ્યો. નાનપણથી કમલાને ગ્રામીણ જીવન પ્રત્યે એક ખાસ પ્રકારની લાગણી હતી. રાજસ્થાનના લોકકલા, લોકસંસ્કૃતિ, લોકગીતોની ઊંડી અસર કમલાના સર્જનમાં દેખાતી.

૧૯૪૬માં શાહીદાનવાલી ગામ, પંજાબ અત્યારે પાકિસ્તાન સ્થિત)માં જન્મેલ કમલા બે વર્ષના હતા ત્યારે ભાગલાને લઈને તેમના ડૉક્ટર પિતા રાજસ્થાનમાં સ્થાયી થયાં. નીડર કમલા નાના-મોટા, સરકારી કે બિનસરકારી, રાજકારણી કે સામાન્યજન, બાળકોથી માંડી વૃદ્ધજન સાથે ચબરાકીથી વાત કરતા. બાળપણના દિવસોમાં તેમને ૧૪ પુરુષો દ્વારા જુદા જુદા સંદર્ભમાં જાતીય સતમાણીનો સામનો કરવો પડેલો. કુમારાવસ્થામાં પ્રવેશ થતા કમલાએ આવી અમાનુષી જાતીય સતામણી ઓળખીતા-પાળખીતા-પડોશી-સગા-સંબંધીઓમાંના આવા વૈશી પુરુષોને ઉઘાડા પાડ્યા. સાથે સાથે પોતે શરીરથી મજબૂત બનવા, શરીરને કસાયેલા રાખવા કસરત કરતા, ઝાડ પર ચઢતા, ઊંચા અવાજે બોલીને નેતૃત્વ લેતા. રાજસ્થાનમાં એમ.એ.ની પદવી લીધા બાદ, કમલાએ જર્મનીમાં વિકાસલક્ષી સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવાની સ્કોરશીપ મેળવી.

### વિકાસલક્ષી કાર્યોથી શરૂઆત :

ભણતર પૂરું થયા બાદ કમલાએ રાજસ્થાનના ગ્રામીણ વિભાગમાં કામ કરતી સંસ્થા સેવામંદિરથી કરી. કાયા ગામના તાલીમ કેન્દ્રમાં યુવાન-યુવતીઓને ગ્રામીણી વિભાગમાં વિકાસ સાથે સંયોજી શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગાર, પાણી, ઈંધન, વિજળી, ઘાસચારા, પશુપાલન, સામાજિક વનીકરણના પ્રકલ્પોમાં અસરકારક રીતે કામ કરવાની તાલીમ આપતાં-આપતાં કમલા ભસીનને લિંગભાવી અસમાનતા સમજાવા લાગી. ૧૯૭૫ની સાલને સંયુક્ત રાષ્ટ્રબંધ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે ઘોષિત કરાયું. દેશમાં સ્વતંત્રતા પ્રાપ્તિ પછી સ્ત્રીઓના પ્રશ્ન પર ગંભીર રીતે જાહેર ચર્ચા થવા લાગી. સરકારે 'સમાનતા તર્ફે' નામના દસ્તાવેજની ચર્ચા જ્યારે સંસદમાં આદરી ત્યારે દેશભરમાં મહિલાઓનું ભારતમાં ઘટતું જતું પ્રમાણ, મઝા

મૂકેલ માતૃત્વ મૃત્યુદર, મહિલા શ્રમશક્તિમાં, ધરખમ ઘટાડો અને મહિલાઓને 'પરોપજીવી' તરીકે જોવાનો દષ્ટિકોણ બાબતે ખૂબ મોટી મોટી ગરમા-ગરમ ચર્ચા થવા લાગી. ત્યારે કમલા ભસીનની ઉંમર ૨૯ વર્ષની હતી. સમુદાયમાં કામ કરવાને લઈને જમીની હકીકતોથી વાકેફ હતા. તેઓએ મહિલાઓના વિકાસલક્ષી પડકારો પર લખવાનું ચાલુ કર્યું. કમલા હંમેશા અંગ્રેજી અને હિંદીમાં લખી પોતાના લખાણો પર કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરતા. આથી તેમને ઘણા લોકસંગઠનો પોતાના સભ્યો સાથે ચર્ચા કરવા પણ આમંત્રણ આપતા. તેમની કાબેલિયતના આધારે કમલાને સંયુક્ત રાષ્ટ્રસંઘના FAO - અન્ન અને કૃષિ સંગઠનમાં નોકરી મળી અને કમલા દિલ્હી આવ્યા. કટોકટી કાળ બાદ દિલ્હીમાં ઘણા નવા નારીસમૂહો ઊભા થયાં એની સાથે કમલાનો નાતો બન્યો. નોકરીની સાથે સાથે કમલા સ્થાનિક સ્તર પર નારીવાદી કામ કરવા લાગ્યા.

આંતરરાષ્ટ્રીય સ્તર પર કામ (૧૯૭૫-૨૦૦૫) કમલા ભસીન આંતરરાષ્ટ્રીય નારીવાદી ચળવળમાં પણ અગ્રેસર રહ્યા. સંયુક્ત રાષ્ટ્રસંઘની મહિલા પાંખ સાથે મળીને કમલાએ એશિયા-પેસિફિક ખંડના ૪૨ દેશોમાં નવા નવા સ્ત્રી સંગઠનોના આધાર સ્તંભ લઈને રહ્યાં. પેસિફિક અને એશિયન મહિલા મંચ બનાવી વિવિધ દક્ષિણ-એશિયાઈ, દક્ષિણ-પૂર્વ એશિયાઈ, પૂર્વ એશિયાઈ અને પેસિફિક ટાપુઓના મહિલા કાર્યકર્તાઓ માટે હાથવગી માર્ગદર્શિકાઓ બનાવી. કુલ ૧૬ મહત્વના વિષયો લઈને આખા ખંડની બહેનોને એકસાથ આવવા માટે તૈયાર કર્યા. મહિલા સ્વાસ્થ્ય, વસ્તી નીતિ, સ્થળાંતર, શ્રમશક્તિ, જાતીય શોષણ અને યૌનકર્મ, માનવતસ્કરી, મહિલાઓ, પર્યાવરણ અને મહિલા શાંતિ સ્થાપન, યુદ્ધખોરી માનસિકતા, રાષ્ટ્રીયતાનો સવાલ, ઈત્યાદિ સવાલો જે એશિયાઈ દેશોમાં સળગતા પ્રશ્નો હતા અને સ્ત્રીજીવનને પાયમાલ કરતા હતા તે અંગે વ્યૂહરચના અને રોજબરોજની રણનીતિની ચર્ચાઓ થકી સમાનતાપૂર્ણ રીતે સાથ સહકારનું વાતાવરણ તૈયાર કર્યું. છેલ્લા ૩૦ વર્ષમાં કમલાએ પોતાના પ્રયાસો દક્ષિણ એશિયાના ૯ દેશો પર કેન્દ્રિત કરી વર્ષમા ૩-૪ કાર્યશાળાઓ દ્વારા મહિલા કાર્યકર્તાઓમાં એકબીજાના દેશોની મહિલા સમસ્યાઓ પ્રત્યે સંવેદના જગાવવાનું કામ કર્યું. દક્ષિણ એશિયાના દેશોમાં શાંતિ સ્થપાય એ કમલાની ખેવના હતી. દક્ષિણ એશિયાની બહેનોને અત્યાચાર, અન્યાય, શોષણ, યુદ્ધવાદ, ધર્માંતાથી આઝાદી મળે તે માટે સંયુક્ત પ્રયાસોની આવશ્યકતા પર કમલા હંમેશ ભાર મૂક્તા. પોતે વારંવાર પ્રવાસ કરી શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, નેપાલ, ભૂતાન, ઈત્યાદિ દેશોમાં જઈ કાર્યશાળાઓમાં ૬ અઠવાડિયાની તાલીમ આપતા.

દક્ષિણ એશિયાના દેશોની મહિલાઓને જોડવાના સફળ પ્રયાસ '૧૦૦ કરોડ ઉમડતી બહેનો' પ્રકલ્પની શરૂઆત કમલાએ ૨૦૧૩ સાલમા કરી. કમલાની ખાસિયત – મનમાં કંડરાઈ જાય તેવા ગીતો, સૂત્રો, પોસ્ટરો, નાટકો, વાર્તાઓ, ચોપાનિયાઓ દ્વારા દક્ષિણ એશિયાના દેશોમાં નારી અત્યાચાર વિરોધી પ્રવૃત્તિઓ આદરી. અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, બંગાળી, નેપાલી ભાષાની સર્જનાત્મક અભિવ્યક્તિઓને દશ્યમાન કર્યા. ખૂબ જ મોટા પ્રમાણમાં સામાજિક માધ્યમો, ફેસબુક, ટ્વીટર, ઈસ્ટ્રાગ્રામ, યુટ્યૂબ, સ્પોટિફાઈ, બ્લૉગ, પૌડકાસ્ટ દ્વારા નારી સંવેદનાને જોડતી, સામાજિક માધ્યમોના ઉપયોગ થકી કમલા લાખોની સંખ્યામાં મહિલાઓ-યુવાનોના દિલ-દિમાગ પર અસર કરવા લાગ્યા. તેમના હિંદી ગીતો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા અને પરદેશીઓ પણ 'તોડ તોડ કે બંધનો કરે દેખો બહને આતી હૈ', 'દરિયા કી કસમ, મૌમેંકી કસમ મે તાના-બાના બદલેગા, તૂ ખૂદકો બદલ, તૂ ખૂદકો બદલ તબ હી તો જમાના બદલેગા.' તો નારીમુક્તિના રાષ્ટ્રગીત બની બયા. બાંગ્લાદેશની બહેનોએ આ ગીતોને બંગાળીમાં રજૂ કર્યા, તો શ્રીલંકાની બહેનોએ સિંહાલીમાં, નેપાલની બહેનોએ નેપાલીમાં તો પાકિસ્તાનની બહેનોએ ઉર્દૂમાં. કમલાના કેટલાંક વિધાનો આખા દક્ષિણ એશિયાનના સ્ત્રી સંગઠનો વારંવાર ટાંકે છે, ''હું કોપીરાઈટમા નથી માનતી, કોપી કરવાના હકમાં માનું છું.'' Emailને કમલા shemail કહેતા અને હીરોને કમલા shero કહેતા. દક્ષિણ એશિયાની મહિલાઓનો ઐતિહાસિક, સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક વારસો એકસરખો છે અને બધા દેશોએ સંસ્થાનવાદ સામે માથુ ઊંચકીને સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે માટે દક્ષિણ એશિયાની બહેનોમાં સાથ-સહકાર લાવવા શક્ય છે એમ કમલા ભસીનને અડગ વિશ્વાસ હતો.

સાંસ્કૃતિક કાર્યોમાં નારીવાદને સંયોજવાની આવડત ૧૯૭૭થી દિલ્હી શહેરમાં જે નારીવાદી જૂથો ઊભા થયાં એમ સ્ત્રી સંઘર્ષ, જાગોરી, એક્શનઓ, સંગત, વીપ્સા (મહિલાઓ દ્વારા દક્ષિણ એશિયામાં શાંતિસ્થાપક સંગઠન)ની વિવિધ પ્રવૃત્તિઓમાં સમૂહભોજન, સાથે મળીને જુદા જુદા સાંસ્કૃતિક સ્થળોમાં જવું, સમુહગીત, શેરીનાટિકા, મોટી સાડીને લઈને સમૂહમાં ચિત્રકામ કરી પોસ્ટર બનાવવા, સંમેલન મીટીંગ, કાર્યશાળામાં કપડાની થેલીઓ (ભેટ આપવા માટે) પર સમાનતા, ન્યાય, શાંતિ, આઝાદીના સૂત્રો લખવાના કામમાં કમલા ખૂબ જ સર્જનશીલ હતા. આભા ભૈયા સાથે મળીને જાગોરી નામની સંસ્થા સ્થાપી. દેશભરના નારી સંગઠનોના શેરીનાટકોનું

દળદાર પુસ્તક કાઢી મોટા પ્રમાણમાં હિંદીભાષી રાજ્યોમાં વિતરણ કરાવ્યું. 'હમસબલા' નામક નારીવાદી માસિક કાઢી નારી આંદોલનના કાર્યો, માંગણી, લક્ષ્યોને વાચા આપી. સાથે સાથે ગ્રામીણ, આદિવાસી, જંગલવાસી, શહેરી શ્રમિક મહિલાના જીવનસંઘર્ષ અને શમણાઓ, કાવ્યો અને નિબંધોને પણ છાપ્યાં. આજે પણ નારી અભ્યાસ કે નારી આંદોલન માટે જાગોરીની વેબસાટ પરથી વગર મૂલ્યે તમે પ્રાપ્ત કરી શકો છો. કમલાએ લખેલા ગીતો, પુસ્તકો પણ મફતમાં કોઈપણ પ્રાપ્ત કરી શકે છે. સંગત, ઉમડતા ૧૦૦ કરોડ ઝુંબેશની વેબસાઈટ પણ આખા વિશ્વમાં ખૂબ જાણીતી છે. પાકિસ્તાન અને ભારતની નારીવાદીઓનું સ્નેહમિલન રાખ્યું તેમા લાહોર-કરાચીની નારીવાદીઓ દિલ્હી આવી અને ભારતની નારીવાદીઓ લાહોર-કરાચી ગઈ. સાથે મળી ગીતો ગાયા, સમૂહ ભોજન કર્યા, પોતપોતાના દેશના નારી આંદોલનની આવા પ્રયોગો બાંગ્લાદેશ, પાકિસ્તાન, શ્રીલંકા, ભારત, નેપાલ – ભારતની નારીવાદીઓ સાથે પણ કર્યા.

**અભૂતપૂર્વ વૈચારિક વારસો** – કમલાએ પોતાના ૫૦ વર્ષના જાહેરજીવનમાં અગણિત સામાજિક આંદોલનના કાર્યકર્તાઓના મન-મષ્તિષ્ક પર અમીટછાપ છોડી છે. પોતાના અંગત જીવનના દુઃખભર્યા પ્રસંગો – પતિની માનસિક બીમારી, દિવ્યાંગ દિકરો, જુવાન દીકરીની આત્મહત્યા, પોતાની છેલ્લે છેલ્લે અતિત્રાસદાયક કેન્સરની બીમારી છતાં, જીવનની આખરી ક્ષણો સુધી કમલા બધાની કાળજી લેતા, તેની ડાયરીમાં નોંધાયેલા કામો પૂરા થયા તેની ચિંતા કરતી. કમલાનો નાતો ચાર પેઢીના માણસો સાથે હતો. મોટી ઉંમરની નારીવાદીઓ સાથે, જૂના સંઘર્ષોના સંભાષણ, સહકર્મીઓ સાથે, સંગઠનાત્મક ચર્ચાઓ, જુવાન કાર્યકરોની રચનાત્મક સલાહ, એકલનારી સંગઠનોમાં ઉત્સાહવર્ધન, બાળકોને પોતે લખેલ કાવ્ય ગાઈ બતાવવું કે પોતાની બાળવાર્તાઓ વાંચી સંભળાવવી એ કમલાની રોજિંદા જીવનની નિયમ બની ગયો હતો. અતિશય વિદ્વતાપૂર્ણ ચર્ચા કરનાર નારી અભ્યાસુથી માંડી વસ્તીમાં જીવન સંઘર્ષ માટે ઝૂમતી શકુ કે ફાતિમા સાથે કમલા એકસરખા જ સહજભાવ અને ઉમળકા સાથે વાત કરતા. માનવઅધિકાર માટે કામ કરતા સંગઠનો, જમીન હક્ક માટે લડતા આદિવાસી-બહેનો, શહેરી શ્રમિકોના ટ્રેડયુનિયનો, લઘુમતિ કોમના સંગઠનોને જ્યારે જરૂર હોય ત્યારે કમલા પહોંચી જતી. કમલાનો દઢ વિશ્વાસ હતો કે માનવમુક્તિ વિના નારીમુક્તિ અધૂરી છે અને નારીમુક્તિ વગર માનવમુક્તિ અશક્ય છે. માટે આપણે નાત-જાત-ધર્મ-રંગ-દેશના ભેદ કર્યા વગર નારીમુક્તિ અને માનવમુક્તિના સામુહિક પ્રયાસોને સાથ આપવો જોઈએ. કમલા ભસીન, સલામ તમારી નિષ્ઠા, ધગશ, આશાવાદને અને તમારા નારીવાદી આદર્શને. તમારા વૈચારિક વારસો ભવિષ્યની પેઢી માટે અમૂલ્ય છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૧૦ ૪૦૦૪૮

## ફરીએ તો વિસ્તરીએ–૧૫ :

# જીતના કમ સામાન રહેગા...

### જેલમ હાર્દિક

**હ**વે જઈએ ચેક રિપબ્લિકનાં પહેલાંનાં અડધિયાં સ્લોવાકિયા. મૂળે ચેક લેન્ડ્સ તરીકે ઓળખાતો બોહેમિયાને મોરાવિયા સહિતનો એ આખો વિસ્તાર પહેલાં ઑસ્ટ્રિયા-હંગેરી સામ્રાજ્યનો ભાગ હતો. પહેલાં વિશ્વયુદ્ધમાં આ સામ્રાજ્યની પડતી થતાં ૧૯૧૮નાં વર્ષમાં એ એક સ્વતંત્ર રાષ્ટ્ર ચેકોસ્લોવાકિયા બન્યું. પછી બીજાં વિશ્વ યુદ્ધ અને નાનાં-મોટાં અનેક શાસન વચ્ચે એ તૂટતું ને ફરી જોડાતું રહ્યું. છેવટે ૧૯૯૩નાં વર્ષમાં એના શાંતિપૂર્ણ ભાગલા થયા, અને ચેક રિપબ્લિક ને સ્લોવાકિયા નામનાં બે સ્વતંત્ર રાષ્ટ્રનો જન્મ થયો. અત્યારે આ વાત કરવા પાછળનું એક ખાસ કારણ એ કે આપણે જે દેશમાં જઈ રહ્યાં છીએ એનો થોડો ઇતિહાસ ખબર પડે, ને બીજું એ કે, ભણવામાં જે એક દેશનાં નામનું અંગ્રેજી સ્પેલિંગને ઉચ્ચાર ખૂબ અટપટાં લાગ્યાં'તા, એના વિષે થોડો ફોડ પડે. કાંઈ નહીં તો ત્યાં ફરીએ છીએ ત્યારે. પણ પ્રાગ સાથેનો આપણો પ્રેમ અતૂટ થઈ જાય એ પહેલાં ચાલો, ઉપડીએ અહીંથી. મહાઅવતાર યોગી મનાતા બાબાજી જેમ એક જગ્યાએ અમુક સમય રોકાયા પછી કહેતા ને કે 'ડેરા ડંડા ઉઠાઓ?' બસ, એમ જ.

બીજા કોઈપણ દેશની જેમ યુરોપમાં પણ નજીક-નજીકના દેશોમાં ફરવા માટે આપણને બસ કે ટ્રેન સારાં પડે. પણ ભારતમાં મોટેભાગે જે ફ્લાઈટ્સની હોય, એ મુશ્કેલી આ દેશોમાં ટ્રેનની કે રજાઓ વખતે ભાવ ખૂબ ઊંચા જાય. એની સરખામણીએ જુદી-જુદી પ્રાઈવેટ કંપનીની બસ થોડી વાજબી. એટલે આ વખતે અમે 'ફ્લિક્સ' કંપનીની બસનો અખતરો કરવાનું નક્કી કર્યું. પહેલ કરી

વિયેનાથી પ્રાગમાં, જે ઘણો મજાનો રહ્યો. આપણે ત્યાં વૉલ્વો હોય એવી સરસ મજાની એની બસ. ચાર્જિંગ પ્લગ્સ, વાઈફાઈ ને ટોયલેટની સગવડવાળી, પાછી ઘણી ચોખ્ખી ને આરામદાયકને બીજી મસ્ત વાત એ કે બસનો ઘણો મોટોભાગ કાચનો, એટલે બધું ખુલ્લું-ખુલ્લું લાગે ને આસપાસનું જોવાની મજા પડી જાય. હા, ફ્લાઈટની જેમ આમાંય સામાનની મર્યાદા ખરી. પણ યાદ છે ને, ઈસ્ટર પ્રવાસની શરૂઆતમાં આપણી વાત થઈ'તી 'જીતના કમ સામાન રહેગા'. વાળી? અમે એને જીવનમંત્ર બનાવવાના મારગે છીએ, ને એટલે જ આજે પ્રમાણમાં હળવા હાથે યુરોપના રસ્તે છીએ. હજી એનો બીજો ફાયદોય કહું છું, રાહ જુએ ત્યાં પહોંચીએ એની. તો સાડા પાંચેક કલાકની મુસાફરી પછી આવી પહોંચ્યાં'તાં અમે સ્લોવાકિયાની રાજધાનીમાં. અહીંયા રોકાવાનું એવું હતું જાણે એક ફિલ્મમાં ઈન્ટરવલ. હા, પ્રાગથી બુડાપેસ્ટ, એટલે કે ચેકિયાથી હંગેરીના રસ્તે વચ્ચે અટક્યાં'તાં સ્લોવાકિયામાં. ત્રણ કલાકનો પોરો ખાવા બે દેશ વચ્ચે આવતા એ ત્રીજા દેશમાં. મૂળ તો એની પાછળ બને એટલું વધુ જોઈ લેવાની વચ્ચે આવતા જનમ જૂની લાલચ. એમાં ચડ્યાં અમે બ્રાતિસ્લાવા. બસ સ્ટેન્ડ હતું ભારતના બહુ મોટા નહીં એવા એકાદા મૉલ જેવડું. સરસ ચોખ્ખું ને જરૂરી બધી સગવડોવાળું, વાઈફાઈ સહિતની. હા, જો, વચ્ચે સારું યાદ આવ્યું તેમને કે'વાનું કે, આ વખતે પહેલીવાર અમે ફોનમાં ઈન્ટરનેશનલ રોમિંગ નો'તું લીધું. યુરોપના જૂના મોટાભાગના દેશોમાં હૉટેલ ઉપરાંત આવી ઘણી જગ્યાએ વાઈફાઈ મળ્યાના જૂના અનુભવોથી આ જોખમ લઈ લીધું'તું, જે એકદમ સફળ રહ્યું. અહીંયાં પણ ફોન એક નજર નાખી, થોડાં તાજાં-માજાં થઈ, આગળની બસની માહિતી લઈને નીકળી પડશું બૅગ ખેંચતાં બહાર એવું નક્કી કર્યું. પણ જેવાં અંદર દાખલ થ્યા'કે ખૂણામાં એક રૂમ દેખાયો, કોઈ બૅન્કના લૉકર રૂમ જેવો. માત્ર લૉકર્સની સાઈઝ મોટી. ઉપર લખ્યું'તું લગેજ રૂમ. જોતાં જ સારું લાગ્યું. ભલે, મનમાં તરત થ્યુ' કે ભાવ તો ખાસ્સા હશે, પણ જોઈએ તો ખરાં છે શું! અંદર જઈને સૂચના વાંચી, પૂરી સમજ્યાં નહીં, પાછા ક્યાંય ભાવ ન દેખાય. આસપાસ શોધ્યું તો એક ઑફિસ દેખાઈ. સ્ટેશન મેઈન્ટેનન્સ માટેની લાગી. એકાદા સફાઈના સ્ટાફને મુશ્કેલી સમજાવી તો એ અમારી સાથે આવ્યાં. અમને ખૂબ ધીરજપૂર્વક ખાનું બતાવ્યું, એને કેમ તાળું મારવું, ખોલવું એય સમજાવ્યું. પણ આખી વાતમાં ક્યાંય પૈસા ન આવ્યા. અમે તો પૂછી જ નાખ્યું, તો કે 'It's free.' તમારી જેમ અમનેય માનવામાં ન આવ્યું. એટલામાં ચહેરા પરથી અમારા ભાવ વાંચીને એણે પ્રેમથી ઉમેર્યું, 'It's a complimentary service for the community, and for the tourists like you. Enjoy Bratislava..' અમે તો ખુશ-ખુશાલ. વિચાર તો કરો, આવી સેવાને એય ગામનાં મુખ્ય સ્ટેશન પર નહીં, અહીંના કોઈ નીવી વિસ્તારની એકાદી બોતોવા શેરી પર આવેલાં આ બસ સ્ટેશને! અમે તો હરખાતાં-હરખાતાં ખોલ્યું એક લૉકર, ને બેયની બેગડીઓ એકેકાં ખાનામાં, ને થઈ ગ્યાં' હળવાં ફૂલ. આ જ તો 'જીતના કમ સામાન રહેગા' માર્ગનો બીજો ફાયદો. તો ખભે નાખ્યો એક ઝોળો, હા, આપણો બૅકપૅક જ, ને થ્યાં' ચાલતાં ગામ ભણી.

એનું જૂનું ગામ સ્ટેશનથી ખાસ દૂર નહીં. નજીક-દૂર, જોકે ઘણુંખરું આપણાં મનને શરીરની સ્થતિ પર આધાર રાખે, પણ બહારના દેશોના પ્રમાણમાં તો બહુ દૂર ન જ કહેવાય. જુઓ, એટલીવારમાં તો રસ્તાની એક તરફ ડૅન્યૂબ દેખાવા માંડી. આ વખતે તો એકદમ ઓળખીતી લાગી. કેમ, હજી બે દિવસ પહેલાં જ વિયેનામાં નો'તાં? યુરોપની બીજી સૌથી મોટી નદી એવી ડૅન્યૂબ જબરી ફેલાયેલી છે હો, આ સ્લોવાકિયા, ઑસ્ટ્રિયા જેવા યુરોપના દસેક દેશોને પાણી પાય છે. અહીંયાં એને કાંઠે સુંદર બગીચો હતો. ગામનાં લોકો બપોરનું જમીને એમાં લટાર મારતાં હોય એવું લાગતું'તું. આપણા જેવા મુસાફરો ઓછા દેખાતા'તા, કદાચ આ ગામ યુરોપના જોવાલાયક દેશની યાદીમાં, ખરેખર તો ટુર ઑપરેટર્સની યાદીમાં આગળ નથી, અમને ગામનો નકશો પણ ન મળ્યો. ફિકર નહીં. પૂછતાં-પૂછતાં ક્યાં નથી ફરી શકાતું. પાટણ કરતાં થોડી મુશ્કેલી વધુ પડે એટલું જ ને?

આ આવી પહોંચ્યાં જૂનાં ગામમાં મૂળ ચોકે. વિશાળ જગ્યા. ઓછાં માણસોને લીધે હતી એથીય વધુ વિશાળ ને ખાલી લાગતી'તી. બાજુની એક ગલીમાં થોડી ચહલ-પહલ દેખાતાં વળ્યાં અમે એ બાજુ. માણસો તો હતાં જ, સાથે દેખાયાં માણસ જેવડાં બાવલાં. જેમ જેમ આગળ વધતાં ગ્યાં' તેમ તેમ માણસોની સાથે એ ચિત્ર-વિચિત્ર સ્ટૅચ્યુઝ પણ વધતાં ગ્યાં. એક ખૂણે કોઈ ફોટોગ્રાફર બધાંની નજર ચૂકવીને ફોટો ખેંચતો હોય એવું સ્ટૅચ્યુ હતું, તો આગળ માથાની હેટ ઉછાળતું. થોડાં આગળ ચાલ્યાં ત્યાં બાંકડા પર નમીને એકાદુ આપણી રાહ જોતું મળી આવ્યું. અરે, ત્યાં સામે ગટરનું ઢાંકણનું ખસેડીને એક માણસ બહાર ડોકાતો હોય એવું શું દેખાય છે! લે, એ તો નીકળ્યો Bratislava Bronze. મોજથી હસતો એ

માણસ એવો તો રસપ્રદ લાગતો'તો કે એના ભેગું આપણનેય હસવું આવી જાય. સ્લોવાક લોકોના હ્યુમર વિશે, રમુજી સ્વભાવ વિશે સાંભળ્યું'તું, આજે નજરોનજર થ્યું'.

એ અવનવું જોતાં-જોતાં અમે આવી ઊભાં ત્યાંનાં નૅશનલ થિએટરનાં જૂનાં મકાન સામે. આસપાસ ખીલેલાં રંગબેરંગી ફૂલો વચ્ચે એની પરંપરાગત બાંધણી કેવી ઓર ખીલી ઊઠતી'તી! એની બરાબર સામે ત્યાંના એક ખૂબ લોકપ્રિય કવિનું સ્ટેચ્યુ હતું, જેને નામે હતો એ ચોક! સ્લોવાક લોકોનો વિનોદી સ્વભાવ હજી જોયો જ, ને હવે જોયો એમનો ભાષા-સાહિત્ય પ્રેમ! કેટલું સારું લાગ્યું!

એ ચોકમાં ઉમટી પડ્યાં'તાં છોકરાંઓનાં ટોળેટોળાં. એમની રજાઓ જાણે ગાજી રહી'તી એમની ધમાલમાં. સાબુવાળાં પાણીમાં ફૂંક મારી-મારીને એમણે ફુલાવેલા ફુગ્ગા જેવા પરપોટા-ફૂટીને એમની ધીંગામસ્તી આસપાસની હવામાં ભેળવી રહ્યા'તા. ઢળતી બપોરનો આખો મહોલ જ ખુશનુમા હતો. બૂલવાર્ડ, લીલાંછમ્મ વૃક્ષોવાળો એ લાંબો-પહોળો રસ્તો હવે કૉફીને આઈસ્ક્રીમ ખાતાં લોકોથી ઉભરાવા માંડ્યો'તો. બાજુનાં એક આઈસ્ક્રીમ પાર્લરની ઉપર લખ્યું'તું Luculus, since ૧૯૫૪. એની બહાર તો જે લાંબી લાઈન હતી કે ન પૂછો વાત! જે જુઓ એના હાથમાં હોય આઈસ્ક્રીમ કૉન, ને એમાં ખોસેલું એક વૅફર બિસ્કિટ. આપણેય ભાઈ, પીગળી ગ્યા' એ સ્વાદિષ્ટ દ્રશ્યમાં, ને ખાઈ જ લીધો ડબલ સ્કૂપ. વસંતની આવી બપોરે આપણનેય કૈંક ઍનર્જી તો જોઈએ ને!

એ પિસ્તાંના આઈસ્ક્રીમથી આવેલી નવી તાકાત સાથે અમે હવે ચાલી નીકળ્યાં બ્લ્યુ ચર્ચ શોધવા. હા, શોધવું પડે એમ હતું, એટલે નહીં કે જાણીતું નો'તું, પણ હાથમાં નકશો નો'તો ને ભાષાના વાંધા હતા એટલે. લોકોને પૂછ્યા છતાંય લગભગ નિષ્ફળ જવાની તૈયારીમાં જ હતાં, ને અચાનક રસ્તાની નિશાનીઓએ લાવી મૂક્યાં અમને એ ચર્ચની સામે. આહાહા. અદ્ભૂત! આકાશ નિચોવી, એમાં પીંછી ઝબોળીને જાણે રંગ્યું ન હોય! આકાર થોડોક બાર્સેલોનાનાં એન્ટની ગાવડીએ બનાવેલાં 'ધ સક્રિડ ફૅમિલી ચર્ચ જેવો, પણ મને તો કાર્ટૂન ફિલ્મમાં આવતા કોઈ કિલ્લા જેવું લાગ્યું. યુરોપ આંખમાં મોટાભાગે ચર્ચ સુંદર જ હોય, પણ આ તો કૈંક જુદું જ હતું. આવું ચર્ચ તો સાવ પહેલી વાર જોયું. આકાશી રંગની મોટી મજાની કેક જેવું!' એ કેકનો એક ટુકડો જાણે કોઈએ મોઢામાં મૂકી દીધો હોય ને, એવું ગળચટ્ટુ થઈ ગ્યું' મન. વસૂલ થઈ ગઈ પદયાત્રા અહીં સુધીની.

હવે વળ્યાં પાછાં અમે બસ સ્ટેશન તરફ. આ વખતે કોણ જાણે કેમ, યુરોપનો એક નવો જ ચહેરો જોયો હોય એવું લાગ્યા હતું'તું. હમણાં જ જોયેલાં વિયેનાની સામા મકાનોની બાંધણીનો પ્રકાર તો જુદો જ લાગ્યો, પણ એ દેશોની સરખામણીએ અહીંની અમને વિચાર આવ્યો કે આ ફરક હતો તો ખરેખર પ્રાગથી જ, માત્ર આપણાં ધ્યાનમાં નો'તો આવ્યો. જમીન પરનું અંતર તો આ દેશો વચ્ચે મુઠ્ઠીભર જ વધ્યું'તું, પણ લોકોનું જીવન કેટલું જુદું થઈ ગ્યું'!

આમ, જોતજોતાંમાં આપણા સમાજના દિવસો એક ટુકડો થઈ ગ્યો' યુરોપના આ થોડા મિજાજને નામે. મધ્ય યુરોપને નામે.

✦ ✦ ✦

સંપર્ક : jelamhardik@gmail.com

# લેખનકલા અને લિપીની ગઈકાલ અને આજ

**ભારતી શાહ**

**મા**ણસની મહત્વની શોધ લેખનકલા છે. મનુષ્યનો બહુમુખી વિકાસ પોતાની વાણીને લિપીબદ્ધ કરવાને લીધે થયો છે. આ લિપીનું ઘણું મહત્ત્વ એટલા માટે છે કે હજારો વર્ષ પહેલાં દેશ અને દુનિયાની લુપ્ત સંસ્કૃતિઓ વિશેની સાચી માહિતી લિપીને લીધે મળે છે.

આજે વિશ્વમાં ૪૦૦ જેટલી લિપીઓ દ્વારા વાણીને આકારરૂપ આપવામાં આવે છે. મનુષ્યએ લિપીને ખૂબ પવિત્ર ગણી છે. એટલે જ તેની ઉત્પતિ માટે દેવતાઓને નિર્માતા ગણવામાં આવ્યા છે. ભારતમાં બ્રાહ્મી લિપીના નિર્માતા બ્રહ્મા ગણાય છે. મિસરમાં ''થોત'', ''બેબીલોનમાં'' ''નેલૌ'', યહુદીમાં ''મૂસા'', ઈસ્લામમાં ''અલ્લાહ'', ગ્રીકમાં ''હર્મેસ'', જૈનોમાં ઋષભદેવ એમ દરેક પ્રજામાં ભગવાનને લિપીના રચયિતા ગણ્યા છે. ભારતમાં બનારસ એ દેવનગર ગણાતું, તેથી આ નગરમાં ઉદ્ભવ થયો એ લિપી દેવનાગરી ગણવામાં આવે છે. જો કે લિપીએ મનુષ્ય નિર્મિત છે. તેનું નિર્માણ કરનારને દેવસમાન ગણવાનો અહોભાવ લોકોમાં તે સમયે રહેતો હતો.

લિપી દેશ અને મનુષ્યો સંબંધોના સ્વરૂપને પ્રગટ કરવામાં ઉપયોગી બનતા. વ્યક્તિના વ્યક્તિત્વના વિવિધ પાસાઓને જાણી શકાય છે. વ્યક્તિમાં હકારાત્મક સૂઝના બીજારોપણ માટે અક્ષરલેખન

ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. એમ હસ્તાક્ષર વિજ્ઞાનીઓ માનવા લાગ્યા છે. આ માટેનું એક સૂત્ર પણ પ્રચલિત થયું છે. ''ચેઈન્જ યોર હેન્ડરાઈટીંગ, ચેઈન્જ યોર લાઈફ''. પ્રાચીનકાળ અને મધ્યકાળમાં પણ લોકોને લિપીનો મહિમા સમજાયો હતો.

લિપી અક્ષર અને શબ્દનો પરિચય આપે છે. અક્ષર અને શબ્દ દ્વારા વિચારભાવ સુધી પહોંચી શકાય છે, લેખકો માટે તો લિપી એ લેખન સૌંદર્યની ઉપાસનાના પ્રકાશપૂંજ સમાન છે. આર્ષદૃષ્ટાઓ માટે વિશ્વદર્શક પ્યાલા સમાન છે. મનુષ્યના વિચારોના રહસ્યને જાણવા માટે લિપી દૈવીધ ચિરાગ સમાન છે. લિપીએ મનુષ્યના હાથની જીત છે તે મનુષ્ય અને સમાજના આત્માને ધબકતો રાખે છે. લિપીએ સુદૂરવર્તી અને નિકટવર્તી બંને સમાજને જ્ઞાન પ્રદાન કરે છે.

સ્થૂળદર્શી લોકો લિપીને માત્ર કાળા રંગના આકાર તરીકે જુએ છે. પરંતુ સૂક્ષ્મદર્શી જ્ઞાનીઓ લિપીને જ્ઞાનના દીપક તરીકે જુએ છે. તે મનુષ્યના વિચાર સામ્રાજ્યની સૌથી પ્રાચીનકલા છે. લિપીમાં બુદ્ધિની સમૃદ્ધિને વારસો છે. લિપીએ અવિચલ હોવા છતાંય ગતિમાન છે. તેને વિચારરૂપે પાંખો છે. વિચાર જગતના દરેક ખૂણાના અંધકારને તે પ્રકાશમય બનાવે છે. લિપીએ ગગનયાત્રી છે. અને આંગળીઓની ઉર્જાથી તે પ્રગતિનું અંતર કાપે છે. અને પુસ્તકરૂપી (હસ્તપ્રત) સમૃદ્ધનગર સુધી લઈ જાય છે. લિપીનું સ્થાન પ્રાચીન હોવા છતાં મનુષ્યને નવા યુગનો પરિચય આપે છે. લિપી અક્ષરના ભાવને પ્રગટ કરે છે. અક્ષર વર્ણનો ધ્વનિ એ જ વિશ્વમાં સૌથી પ્રાચીન લિપી સુમેરીયન લિપી ગણવામાં આવે છે કે જે શરૂઆતમાં ચિત્રલિપી હતી. મિસરની પ્રાચીન લિપીનો આરંભ પણ ચિત્રલિપીથી થયો હતો. ચીની લિપીનો આરંભ પણ ચિત્રલિપીથી થયો હતો. ભારતમાં સિંધુલિપીમાં કેટલાંક ચિત્રાત્મક સંકેત મળ્યાં છે. પરંતુ પછીથી વર્ણ માલાત્મક લિપીનો આરંભ થયો એમ માનવામાં આવે છે. એક મત એવો પણ છે કે, બ્રાહ્મી લિપી જ સૌથી પ્રાચીન લિપી છે, પણ સિંધુલિપીમાંથી ઉતરી આવેલી છે. બીજો એક મત એવો છે કે દુનિયાનાં મોટાભાગના દેશોની લિપીની જનની બ્રાહ્મી લિપી છે.

ભારતની ગુજરાતી સહિત મોટાભાગની લિપી જનની દેવનાગરી છે અને દેવનાગરી લિપીનો આરંભ સાતમી સદીથી જોવા મળે છે. એ પછીથી ચૌહાણ, ગોહિલ, પાંડે, રાઠોડ, સોલંકી વગેરે શાસકોના તામ્રપત્રો દેવનાગરીમાં જોવા મળે છે. સંસ્કૃત, પ્રાકૃત ભાષાઓ એ અગાઉ બ્રાહ્મી લિપીમાં લખાતી હતી. જૈન ધર્મના અનેક ગ્રંથો એ લિપીમાં છે. જ્યારે વેદ વગેરે બ્રાહ્મીમાં લખાયેલા છે. જૂનાગઢમાં અશોકનો જે સ્તંભ છે એની ઉપરનું લખાણ બ્રાહ્મી લિપીનું છે.

સુલેખનકલાનું સ્થાન ભારતવર્ષ, ઈરાન અને ચીનમાં હંમેશા ઊંચુ રહ્યું છે. ભારતમાં સિંધુલિપીના ૨૮૮ જેટલા અક્ષરાત્મક સંકેતો પ્રાપ્ત થયા છે. સમ્રાટ અશોકે ધર્મ, દર્શન, નીતિને શિલાલેખમાં લિપીબદ્ધ કર્યા. જૈન અનુયાયી ખારવેલ (કલિંગ) લિપીમાં પરિવર્તન લાવી સુંદરતા વધારી હતી. આ શાસક ધર્મોધાર માટે ખૂબ ઉત્સાહી હતો. જો ભરયુવાનીમાં તેનું અવસાન થયું ન હોત તો કદાચ બૌદ્ધધર્મની જેમ જૈન ધર્મ પણ વિશ્વના દેશોમાં ફેલાયો હોત.

ઈ. સ. ૩૫૦૦ વર્ષ પહેલાં પણ ભારતમાં બ્રાહ્મીલિપી હતી. એવા પુરાણશેષો મળ્યાં છે. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં સિરિયાના સમ્રાટ સેલ્યુકસે ભારતમાં મોકલ્યો હતો. તે પાટલિપુત્રમાં પાંચ વર્ષ રહ્યો હતો. આ સમય દરમ્યાન તેણે 'ઇંતિકા' નામનો ગ્રંથ લખ્યો હતો. આ ગ્રંથમાં તેણે લખ્યું છે કે, ભારતમાં નવા વર્ષમાં આરંભમાં ભવિષ્યકાળ સંભાળાવવામાં આવતું હતું. જન્મકુંડળી લખવામાં આવતી હતી. ઈ. સ. પૂ. ૩૨૭માં ભારત પર આક્રમણ કરનાર સિકંદરના સેનાપતિ નિથાર્કસ લખે છે કે, ''ભારતમાં તેણે કાગળ બનાવવાની પ્રવૃત્તિઓ અને કાગળ જોયા હતા.''

બૌદ્ધના વિનયપટિકના ''મહાવગ્ગ'' ગ્રંથમાં વિદ્યાર્થીઓ પાઠશાળાઓમાં પાટીમાં લખતા બોલતા અને હિસાબ શીખતા એમ લખ્યું છે.

''લલિત વિસ્તરા'' નામના ગ્રંથમાં રાજકુમારો લિપીશાળામાં કઈ સોનાની કલમ અને ચંદનની પાટીમાં લખતા હોવાના ઉલ્લેખો છે. આ રીતે ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં સુલેખનકળાના પાઠો બાળકોને શીખવવામાં આવતા હતા. મહાભારત, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વશિષ્ઠધર્મનું સૂત્ર અને કામસૂત્ર જેવા ગ્રંથોમાં લેખનકલાના ઉલ્લેખો છે. અષ્ટાધ્યાયીમાં પણ ઉલ્લેખ છે. વેદોમાં એક લેખન છે. ગ્રીકોને લેખનકલાની જાણકારી ૧૦,૦૦૦ સુધી અને રોમનોને ૧૦૦૦ સુધીનું અંકલેખનનું જ્ઞાન હતું. આમ પ્રાચીન સમયમાં ભારતીય અંકલેખન ઘણું સમૃદ્ધ હતું.

અશોકના શિલાલેખો તેમ જ સિક્કાઓ દ્વારા જાણી શકાય છે. ઈ. સ. પૂર્વે ચોથી સદીથી ઈ. સ. ત્રીજી સદી સુધી ભારતમાં લિપીનો બે પ્રકારે ઉપયોગ થતો હતો. એક જમણી બાજુથી ડાબી તરફ અને ડાબી તરફથી જમણી તરફ લખવામાં આવતી. જૈન ગ્રંથ ''પન્નવણાસૂત્ર'' અને ''સમવાયાંગસૂત્ર''માં અઢાર લિપી દર્શાવે છે. જ્યારે બૌદ્ધગ્રંથ લલિત વિસ્તારમાં ૬૪ લિપીઓના ઉલ્લેખ જોવા

મળે છે.

ભારતમાં જૈન અને બૌદ્ધ ધર્મના હજારો ગ્રંથો બ્રાહ્મી અને ખરોષ્ઠીમાં લખાયા હતા. બ્રાહ્મી લિપીના સમયાંતરે બે ભાગ થયા હતા. એક ઉત્તર શૈલી અને બીજી દક્ષિણ શૈલી. ઈ.સ.ની ચોથી સદીના આરંભમાં જિનાનંદસૂરિજીના બહેન દુર્લભદેવી વલ્લભીમાં સુલેખનકલાની પ્રતોની સાચવવાનું કાર્ય સંભાળતા હતા. તેના પુત્ર મલ્લવાદી (ઈ .સ. ૩૫૮) પ્રખ્યાત વિદ્વાન હતા.

ઈ.સ. ૪૫૪માં વલ્લભીમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સંઘે તીર્થંકર – ગણધરોના પ્રવચનની સુંદર હસ્તપ્રતો લખાવી હતી. નાગાર્જુન અને સ્કંદિલાચાર્યએ આ કાર્ય સંભાળ્યું હતું. સુલેખનની આ પ્રતોનું કપૂર, ધૂપ દ્વારા પૂજન કરવામાં આવતું હતું. તેની આરાધના શુકલ-પંચમી - જ્ઞાન પંચમીના દિવસે કરવામાં આવતી હતી. આ હસ્તપ્રતો લખવા માટે ઉત્તમ સુલેખકોની પસંદગી કરવામાં આવી હતી. મલબારી તાડપત્રોમાં આ સુલેખકોએ સુંદર અક્ષરાંકન - સુશોભન કર્યું હતું. જૈન આગમોની મોટાભાગની હસ્તપ્રતો વલ્લભીમાં લખવામાં આવી હતી.

વલ્લભીના પતન બાદ પાટણના સોલંકી શાસકોએ સુલેખનકલાને પ્રોત્સાહન આપ્યું હતું. સિદ્ધારાજ જયસિંહ અને કુમારપાળે બહુમૂલ્ય સહાય આપી હતી. સિદ્ધરાજે ૭૦૦ જેટલા સુલેખકો રાખીને હજારો હસ્તપ્રતો લખાવી હતી. કુમારપાળે એકવીસ જેટલા જ્ઞાનભંડારો માટે હસ્તપ્રતો તૈયાર કરાવી હતી. તેણે હેમચંદ્રાચાર્યની હસ્તપ્રતોને સુર્વણક્ષરે લખાવી હતી. ધોળકાના વીરધવલના મંત્રીએ કરોડો રૂપિયા સુલેખનકલા માટે વાપર્યા હતા. ગુજરાતમાં સોલંકી અને વાઘેલાના શાસનકાળ દરમ્યાન લઘુચિત્ર શૈલીનો આરંભ થયો હતો. આ શૈલી મારું-ગુર્જર શૈલી તરીકે પ્રસિદ્ધ હતી.

૧૨ સદીમાં જૈન શ્વેતાંબર સંપ્રદાય અંગેની ''નિગીથચૂર્ણ'' તાડપત્ર પર લખાયેલી સચિત્ર હસ્તપ્રત સુલેખનકલાની ઉત્તમ જૂની કૃતિ છે. જ્યારે છાપખાના નહોતા ત્યારે લહિયાઓ રહેતા. આપણા ઘણાં બધાં ગ્રંથો આવા લહિયાઓએ લખેલા છે. સમયની સાથે ઈલેક્ટ્રોનિક મિડિયાની ક્રાંતિ આવી. સારાં અક્ષરવાળા ચોપડાઓ લખવાની બદલીમાં ટાઈપરાઈટર અને કૉમ્પ્યુટરે સ્થાન લીધું. છતાં પણ હસ્તલેખનનું મહત્વ તો છે જ. એ સ્થિતિમાં, સુલેખનને કલા જેટલું મહત્વ છે.

સુલેખન એ સૌંદર્યનો જ એક પ્રકાર છે.

પૂર્વ ભારતમાં દસમી સદીના અંત ભાગમાં સુલેખન બૌદ્ધમત્ત સાથે ફેલાયેલ હતું. જ્યારે પશ્ચિમ ભારતમાં જૈન મત આધારિત હસ્તપ્રતો લખાતી હતી.

બારમી સદીથી ગુજરાત અને મારવાડમાં સુલેખનકલા-લઘુચિત્રકલા શક્તિશાળી આંદોલનના રૂપે વિકાસ પામી. બૌદ્ધ, જૈન, હિન્દુ શાસકો અને ગૃહસ્થોએ સુલેખનકલાનો ખૂબ પ્રચાર કર્યો હતો. જૈન ધર્મમાં સુલેખનકલાને પવિત્ર-પ્રતોનો દરજ્જો આપવામાં આવ્યો હતો. મંદિરોમાં સુંદર હસ્તપ્રતોની ભેટ આપવામાં આવતી હતી. ગુજરાતી અને રાજસ્થાની સુલેખકોએ ભારતને સુલેખનકલાનો ભવ્ય વારસો આપ્યો હતો. પંદરમી સદીમાં આ કલાએ એક આંદોલનનારૂપે પ્રગતિ કરી હતી અમદાવાદ તેનું મુખ્ય કેન્દ્ર હતું. પાટણના શ્રી હેમચંદ્રચાર્ય જ્ઞાનમંદિરમાં ''કલ્પસૂત્ર'' (૧૨૩૭) સચિત્રપ્રત સુવર્ણ અક્ષરોમાં લખાયેલી છે.

ખંભાતના શ્રી શાંતિનાથ જ્ઞાનભંડારમાં ''દશવૈકાલિકસૂત્ર''ની હસ્તપ્રત છે. જેથી હેમચંદ્રાચાર્ય અને કુમારપાળની સમકાલીન ગણાય છે.

ભાવનગર પાસે આવેલા શિહોરના સુલેખનકલા ફાઉન્ડેશનમાં વાદ્યવિવેક વિલાસ, સુરતરંગિણી, સંગીતની સુંદર હસ્તપ્રતો છે.

સલ્તનકાળ દરમ્યાન સુલેખનકલામાં પરિવર્તન સાથે પ્રગતિ થઈ હતી. આ સમયની શૈલી પર ઈરાની શૈલીનો પ્રભાવ રહ્યો હતો. ઈરાન અને અરબીમાં સુલેખનને ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. પંદરમી સદીની ગુજરાતી સુલેખનની સર્વોત્તમ હસ્તપ્રતો બોસ્ટન મ્યુઝિયમ અમેરિકામાં છે. સોળમી સદી દરમિયાન ભારત, ઈરાન અને તુર્કીમાં સુલેખનકલાની આઠેક શૈલીઓ જોવા મળતી હતી. આ સમયમાં જૈન અને ઈસ્લામી સુલેખન પ્રભાવમાં ધીમે ધીમે પરિવર્તન થયું હતું.

આ હસ્તપ્રતોમાં પ્રથમ સુલેખકો લખતા ને પછીથી કોરી જગ્યામાં ચિત્રકારો લાલ, કાળા, રંગના રેખાંકનો કરતાં તેમાં અપારદર્શક રંગ ભરતા. આ રંગ ખનિજ પ્રકારના હતા. ઘેરાભૂરા રંગ માટે નીલમ જેવા કિંમતી પદાર્થને બારીક પીસીને રંગ બનાવવામાં આવતો. સોનેરી રંગ માટે સોનુ ઘસીને પ્રવાહી બનાવવામાં આવતું. ચિત્ર થયા પછી તેને ઘૂંટી ઘૂંટીને ચમક આપવામાં આવતી હતી.

સલ્તનત અને મોગલયુગ દરમ્યાન ઉત્તમ સુલેખાચાર્યો પોતાની કલાની સુંદરતા દ્વારા શાસકો, ધનવાનો અને લોકોના હૃદયમાં સ્થાન મેળવી લીધું હતું. અકબરના સમયમાં સુલેખનકલાનો સુવર્ણયુગ હતો. અકબરને સુલેખનકલા પ્રત્યે અતિ પ્રેમ હતો. તેમાં ગ્રંથાલયનાં બધાં જ ગ્રંથો હસ્તલિખિત હતા. ઈતિહાસકાર વિન્સન્ટ સ્મીથે લખ્યું

છે કે, હસ્તલિખિત ગ્રંથોમાં દુનિયાનું સૌથી મોટું ગ્રંથાલય અકબરનું હતું. આ પુસ્તકોમાં ૨૪,૦૦૦ પુસ્તકો તો અતિમૂલ્યવાન હતા. એક હસ્તપ્રતનું મૂલ્ય ૨૭ થી ૩૦ પાઉન્ડ જેટલું હતું. મહાભારતનું ફારસીમાં લેખન કરાવ્યું હતું.

સામાન્ય વ્યક્તિ સમજી શકે એ રીતે અનુવાદ કરવામાં આવ્યો હતો. આ હસ્તપ્રત માટે ભારે ખર્ચ થયો હતો. આજે આ હસ્તપ્રત રાજસ્થાનની સ્ટેટ લાઈબ્રેરીમાં સંગ્રહિત છે. દુનિયામાં સૌથી ઉત્કૃષ્ટતમ્ ગ્રંથોમાં એક ગણાય છે. તેનું નામ ''રફનામા'' છે. આ હસ્તપ્રતો માટેના સાધનોમાં તાડપત્ર, ભૂર્જપત્ર, કાગળ, શાહી, કલમ, રંગ વગેરેની પણ ઘણી રસપ્રદ છે. ભૂર્જપત્રો હાફમીરમાંથી, તાડપત્રો મલબારથી લાવવામાં આવતા હતા. પછીથી ચીનમાં કાગળો બનાવવાની પદ્ધતિ વિકાસ પામી હતી. ચીન પાસેથી આરબોએ આ કલા શીળી અને બારમી સદીમાં સમસ્ત યુરોપભરમાં તેનો ઉપયોગ થવા લાગ્યો હતો.

કલમ બરુની રહેતી, તાડપત્રને કોતરવા માટે અણીદાર શલાકા, હાંસિયા માટે લોઢાનું આંકણુ, લોટી દોરવા માટે આંકણું, ચિતરામણ માટે લોઢાની તુલિકા, કાગળ કાપવા લોઢાની કાતરણી, અંતરને ઓપ માટે પત્થરની ઓપણી, અંતરના ચળકાટ માટે પત્થર (અકેક), તાંબાના લીલાં, શાહી માટે પિત્તળનો ખડિયો શાહી, કાળી, લાલ, હરતાલ, હિંગળોર, ભૂરો, લાલ, લીલો, ગુલાબી, સોનેરી, રંગની રહેતી હતી. કલમ દ્વારા સુંદર અક્ષરો થઈ શકે. એવા પોઇન્ટ માટે છરી રહેતી હતી (આ સાધનો લાલભાઈ દલપતભાઈ પ્રાચ વિદ્યામંદિર અમદાવાદના સંગ્રહાલયમાં છે.)

આ હસ્તપ્રતને સાચવવા માટે સૂત્રગ્રંથિ, કાષ્ઠ પત્રિકા, વસ્ત્રબંધન, દબડી, પેટી, પટારા, વગેરે રહેતા. આ હસ્તપ્રતોના ખૂણાઓ વળીને તૂટે નહીં એટલા માટે સીસમ કે સાગની પટ્ટીઓ રાખીને હસ્તપ્રતોની જાળવણી કરવામાં આવતી હતી.

સુલેખનકલાએ ચિરંજીવી રહે એ માટે ધર્મતંત્ર, રાજતંત્ર, વ્યાપારીઓ, ગૃહસ્થો અને સુલેખકો પ્રોત્સાહન અને નિષ્ઠાથી કાર્ય કરતા હતા. સુલેખકો સૌના કલ્યણાની પ્રાર્થના કરતા હતા,

સુલેખનકલાએ આ પ્રાચીન સમયમાં ઉચ્ચ સ્થાન મેળવ્યું હતું. ભારતમાં જ્ઞાનભંડારોમાં લાખો હસ્તપ્રતોનો સંગ્રહ થયો છે. પરંતુ ભારતમાં પ્રિન્ટીંગ ગ્રંથો પ્રાપ્ત થતા, આ કલા પ્રત્યે દુર્લભ સેવવામાં આવ્યું છે. જૂના સમયમાં આ વ્યવસાય પ્રતિષ્ઠાભર્યો હતો. ૧૭૫૨માં કચ્છના મહારાજા શ્રી લખપતજીએ આ કલાને આશ્રય આપ્યો હતો. ભાવનગરના મહારાજશ્રી ભાવસિંહજી બીજા સુંદર અક્ષર હોય એવા સુલેખકને જ નોકરીમાં રાખતા હતા. બૌદ્ધભિક્ષુકો, જૈન મુનિઓ, પોતે જ સુલેખનકલાના ઉત્તમ કલાકારો હતા. આપણી લિપીની જે કોઈ સુંદરતા છે, તે આ લોકોને આભારી છે.

ગુજરાતમાં મુનિશ્રી ચર્તુવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી, શ્રીકાંતિ વિજયજી, બચુભાઈ રાવત, લક્ષ્મણભાઈ ભોજક, શ્રુતલેખનમ્ (અમદાવાદ) દ્વારા લિપીની સુંદરતા, તેના મરોડ, સુઘડતા માટેના પ્રયત્નો થતાં રહ્યાં છે. આપણો ગુર્જર ભૂમિમાં સુલેખનકળાનો સુવર્ણયુગ સ્થપાયો હતો. આ વિરાસતની પ્રતિષ્ઠા ચિરંજીવી રહે, તેની સુંદરતા વધુ સમૃદ્ધ અને તેમાં ગરવી ગુજરાતીનું ગૌરવ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૪૧૧૫૫૪૫, મુંબઈ

# શબ્દ ચિંતન

## પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજયમહારાજ

**અ**ક્ષર (Letter)ના બે વિભાગ છે. (૧) સ્વર અને (૨) વ્યંજન.

અક્ષરના સંયોજનથી શબ્દ બને છે. તેને નામ પણ કહે છે.

અભિધાન ચિંતામણિ કોશમાં નામની ઉત્પત્તિના ત્રણ પ્રકારો દર્શાવેલ છે. રૂઢ, યૌગિક અને મિશ્ર. (એટલે યોગરૂઢ).

જે શબ્દોની વ્યુત્પત્તિ ન થઈ શકે એવા શબ્દોની ગણતરી રૂઢમાં થાય છે.

ગુણ, ક્રિયા કે સંબંધથી જેનો વાચ્ચાર્થ પ્રગટ થાય છે તેને યૌગિક કહે છે. અને પર્યાયના કોઈપણ ફેરફાર વિના જે શબ્દો છે તેને મિશ્ર (યોગરૂઢ) જાણવા.

અહીં આપણે તેના વિશેષ વિવેચનમાં ન જઈએ પણ જિજ્ઞાસુને અભિધાન ચિંતામણિના ૧લા કાંડના ૧ થી ૨૦ શ્લોકો જોઈ જવા ભલામણ છે.

આટલી ભૂમિકા પછી હું મારા મુદ્દા ઉપર આવું છું.

શ્રાવણ માસને પવિત્ર માસ માનવામાં આવે છે – હિન્દુ અને જૈન ધર્મના પવિત્ર પર્વોનો આ મહિનો છે. સર્વત્ર 'ૐ નમો શિવાય'નો મંત્ર-ધ્વનિ સંભળાય છે. ૧૨ જ્યોતિર્લિંગોમાં રૂદ્રાભિષેક થાય છે તો જૈન પરંપરામાં વર્ધમાન શક્રસ્તવના પાઠથી જિનબિંબ ઉપર અભિષેકનો

મહિમા પણ છે.

વર્ધમાન શક્રસ્તવના પાઠ અંતર્ગત પ્રભુના ૨૭૩ વિશિષ્ટ વિશેષણોથી સ્તુતિસ્તવના કરવામાં આવી છે. તેમાં આલાપક ૭/ ક્રમાંક ૧૫૯નું વિશેષણ છે –

**'पञ्चमुखाय'।।**

આ શબ્દ પરત્વે ચિંતન-મનન કરવાનું છે. આજ સુધીમાં વર્ધમાન શક્રસ્તવના જેટલાં પણ પ્રકાશન-સંસ્કરણો છે. તે જોતાં સૌએ એક જ અર્થ કર્યો છે. જેમ કે – જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય સ્વરૂપ પાંચ મુખવાળા કહ્યાં છે, તે ઉપરાંત વર્તમાન ૨૪ તીર્થંકરોના શરીરના વર્ણ અનુસાર ભેદ કરીને પાંચ મુખવાળા કહ્યાં છે. પરંતુ 'पञ्चमुखाय'ની સ્પષ્ટતા થતી નથી એટલે તેનો આધાર શોધવો જોઈએ.

આ વિશેષણ કિંવા સંબોધન ઘણું જ અર્થસૂચક છે, માત્ર અનુકરણ નથી.

વર્ધમાન શક્રસ્તવમાં આવા એક નહીં અનેક વિશેષણો જોતાં એમ લાગે છે. કે રૂઢ, યૌગિક અને મિશ્ર એમ નામના ત્રણ વિભાગમાંથી કયો પ્રકાર છે તે નક્કી કરવું જોઈએ. દાખલા તરીકે,

પુરૂષોત્તમ, (આલાપ + ૩/૩૭.)

| | |
|---|---|
| સુગત | (આ. ૫/૯૧) |
| તથાગત | (આ. ૫/૯૨.) |
| મુકન્દ | (આ. ૬/૧૦૬) |
| ગોવિંદ | (આ. ૬/૧૦૭) |
| વિષ્ણુ | (આ. ૬/૧૦૮) |
| અચ્યુત | (આ. ૬/૧૧૧) |
| શ્રીપતિ | (આ. ૬/૧૧૨) |
| ઋષિકેશ | (આ. ૬/૧૧૪) |
| જગન્નાથ | (આ. ૬/૧૧૫) |
| મહાદેવ | (આ. ૭/૧૫૩) |
| શંકર | (આ. ૭/૧૫૪) |
| મહેશ્વર | (આ. ૭/૧૫૫) |
| પંચમુખ | (આ. ૭/૧૫૯.) |

ઉપર્યુક્ત નામો જોતાં કહી શકાય કે – નામ ઉપર કોઈની માલિકી, ઈજારો, એકાધિકાર Monopoly નથી. જૈન પરંપરા હોય કે પછી શૈવ પરંપરા બસ, ''પ્રભુ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી.'' એવી પંક્તિ સહજ યાદ આવી જાય છે.

આના સમર્થનમાં જાણવું રસપ્રદ થશે કે વર્ધમાન શક્રસ્તવની જેમ બીજા અનેક સ્તોત્રો છે જેમાં ૧૦૦૦ નામો સમાવિષ્ટ છે. જેમ કે • **જિનસહસ્ત્રનામ સ્તોત્ર.** (કર્તા-શ્રી વિનયવિજયજી ગણિ.,

• સહસ્ત્રનામ વર્ણન છંદ, ગુજરાતી), • પાર્શ્વનાથ સહસ્ત્રનામ

• પદ્માવતી સહસ્ત્રનામ • વિષ્ણુ સહસ્ત્રનામ • સૂર્યસહસ્ત્ર નામ સ્તોત્ર. (કર્તા – ભાનુચંદ્રગણિ, (સવોપજ્ઞ ટીકા સાથે.) • અકબર સહસ્ત્રનામ વગેરે નામો ઉપલબ્ધ છે.

શિવપુરાણમાં મહાદેવ-શિવ માટે પણ આ 'पञ्चमुखय શબ્દનો પ્રયોગ થયો છે – આ દષ્ટિકોણથી જો તપાસીએ તો''नमः शिवाय''આ પંચાક્ષરી મંત્ર મુજબ તેની સાથે જોડાયેલી પાંચ શક્તિનું વર્ણન મળે છે, તેના નામ આ પ્રમાણે છે.

૧. તત્પુરુષ (સર્જન.)

૨. અઘોર (પાલન.)

૩. અદ્યોજાત (સંહાર)

૪. વામદેવ (વિગ્રહ)

૫. ઈશાન (અનુગ્રહ) (કૃપા)

શિવના પાંચ મુખ સાથે તેના પાંચ ગુણો એટલે તેની શક્તિરૂપ આકૃતિ પણ જોડાઈ ગઈ. પાછળથી 'પંચમુખ' શબ્દ શિવ માટે રૂઢ થઈ ગયો. શિવના જ મુખ દિશા દર્શાવે છે અને પાંચમું મુખ કેન્દ્ર ઉર્ધ્વ સ્થાને છે.

આમ જુઓ તો શિવલિંગ નિરાકારનું જ પ્રતીક છે. તેની પ્રાર્થના પૂજા-પદ્ધતિ, માટે પંચમુખની કલ્પના અસ્તિત્ત્વમાં આવી હોય એમ બની શકે છે.

આ રૂપક જોતાં જૈન પરંપરામાં પણ 'પંચમુખ' શબ્દનો મેળ બેસાડવા આવું કાંઈક થયું હશે?

સમવસરણમાં ભગવાન જ્યારે દેવ નિર્મિતરૂપે પ્રતિછંદથી ચતુર્મુખે દેશના આપે છે તેથી चतुर्मुखाय વિશેષણ જાણીતું છે – પરંતુ તેટલી સ્પષ્ટતા 'पंचमुख'માં થતી નથી? એવું મારું અંગત માનવું છે, છતાં પણ એક વિકલ્પ સમાધાન માટે છે, તે છે જ્ઞાન.

ભગવાન માતાના ગર્ભમાં જ મતિશ્રુત અવધિ – એમ ત્રણ જ્ઞાનવાળા હતા. દીક્ષા સમયે ચોથું મનઃ પર્યવજ્ઞાન છે અને ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રગટ થાય છે.

આમ જ્ઞાનને મુખનું પ્રતીક બનાવીને વિચારીએ તો 'पंचमुख' શબ્દ સાર્થક લાગે છે કારણ જ્ઞાન પણ શબ્દ, ભાષા દ્વારા જ મુખથી પ્રગટ થાય છે એવું અર્થઘટન કરીએ તો पंचमुख શબ્દ ૧૦૦% યોગ્ય છે. બાકી પાંચ મુખ તો અસંભવિત જ છે, ક્યારેક રૂપક તરીકે, ક્યારેક અલંકારરૂપે, તો ક્યારેક પ્રભાવ માટે આવા શબ્દ

પ્રયોગો થતાં હોય છે, તે જોઈએ.

ઈન્દ્ર માટે 'સહસ્ત્રાક્ષ' (૧૦૦૦ આંખ.) શબ્દ પ્રયોગ આવે છે – પરંતુ ઈન્દ્રને ૫૦૦ મંત્રી – અમાત્ય સેવામાં હાજર હોઈ ૧૦૦૦ આંખ કહેવામાં ખોટું નથી.

રાવણને દશાનન પણ કહે છે, પણ તેના કંઠમાં પહેરેલો નવલખો હારમાં તેનું પ્રતિબિંબ ઝળકતું હોઈ દશાનન કહેવાય. હકીકતમાં મુખ તો એક જ થતું.

જૈન સાહિત્યમાં ભગવાનના બાલ્યકાળે જન્માભિષેક વખતે ઈન્દ્ર પોતાના પાંચ રૂપ વૈક્રિયલબ્ધિથી ધારણ કરીને પ્રભુનો મેરૂગિરિ પર જન્માભિષેક કરવાની વાત આવે છે. – અહીં પણ કહેવાય છે કે ''એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચરૂપે પ્રભુગ્રહી'' (સ્નાનપૂજા.) આ પણ ભક્તિનો પ્રકાર છે એટલે ઉચિત જ છે.

પાંચરૂપ કે પંચમુખ જેવાં શબ્દો ઘણું સામ્ય ધરાવે છે. ''પંચમુખાય'' શબ્દની સમીક્ષા કરવા જતાં કાંઈ ભૂલ હોય તો સુધારીને ક્ષમા કરશો.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૨૦૩ ૭૨૧૫૬

# જ્ઞાન–સંવાદ

## સુબોધી સતીશ મસાલિયા

**સવાલ : મહાઆરંભ અને મહાસમારંભ એટલે શું?**

**જવાબ :** આરંભ એટલે હિંસાની પ્રવૃત્તિ કરવી અને સમારંભ એટલે હિંસાને યોગ્ય સામગ્રી એકઠી કરવી. સામાન્ય રીતે આરંભ-સમારંભ શબ્દ સાથે જ વપરાય છે. કેમકે હિંસાની પ્રવૃત્તિ કરવા માટે હિંસાને યોગ્ય સામગ્રી એકઠી કરવી જ પડે. હવે આ આરંભ-સમારંભ મોટાપાયે થાય એને મહાઆરંભ મહાસમારંભ કહેવાય.

દાખલા તરીકે, ગૃહસ્થીને **આવશ્યક** સંસારી કાર્યોમાં હિંસા કરવી પડે. જેમકે ઘરમાં આહાર પાન તૈયાર કરવામાં – તે આરંભ અને મોટાપાયે એટલે કે ઉત્સવોમાં સામૂહિક ભોજની તૈયારી કરવી (મહાસમારંભ) રસોઈ વગેરે આગલી રાત્રિથી તૈયાર કરાવવી. તેમાં અભક્ષ્ય વસ્તુનો ઉપયોગ કરવો. આ બધું મહાઆરંભ-સમારંભમાં જાય. આ રીતના બીજા બધા આરંભ-સમારંભમાં જાય સમારંભ વિષે વિચારી લેવું. આજીવિકા-સાધન માટે. અસિકર્મ, મસિકર્મ, કૃષિકર્મ (અસિ એટલે શસ્ત્ર, માસ એટલે લેખન, કૃષિ એટલે ખેતી). આ બધા કર્મ કરતી વખતે હિંસા થાય તે આરંભ, શત્રુ દ્વારા અથવા તો દુષ્ટો દ્વારા આક્રમણ કરવામાં આવે ત્યારે પોતાની કે પોતાના કુટુંબની, માલની, દેશની રક્ષા કરતાં જે હિંસા થાય તે આરંભમાં જાય. આ બધી પશુને ધર્મને નામે કાપવા શિકાર કરવો. માંસાહાર માટે પશુઓને કાપવા તે મહાઆરંભમાં ગણાય તેના માટેનો સંકલ્પ, તેની માટે સામગ્રી ભેગી કરવી તે મહાસમારંભ-સમજણમાં આવે છે કે શું આરંભ-સમારંભ શું મહા આરંભ-સમારંભ. હવે થોડા સૂક્ષ્મમાં જઈએ. નિશ્ચય નયથી હિંસા કોને કહેવાય તે પણ જાણો. આજ ખાસ જાણવાની જરૂર છે ને આચરવાની જરૂર છે. આપણે આત્માનો ઘાત ક્ષણે ક્ષણે કરી રહ્યા છીએ. આપણા જ આત્માની હિંસા કરી રહ્યા છીએ. તો પ્રમાદને આધિન થઈ, પ્રમાદ એટલે ઉંઘી જવું નહીં, ઉપયોગ ન રહેવો. ધ્યાન ન રહેવું તો પ્રમાદને આધિન થઈ, બીજા પ્રાણીઓનો વધ કુલિષિત થાય, મન દુઃખી થાય, એની હિંસા હવે આપણે ધ્યાન ન રાખ્યું, ડફોળિયાં મારીને ચાલ્યાને આપણા પગ નીચે જીવો કચડાઈ ગયા, તો એ પ્રમાદને આધિન થઈને આપણે વધ કર્યો. આપણે વધ કરવો નથી, આપણી ભાવના નથી, આપણી ઇચ્છા નથી પણ આપણે ઉપયોગ ન રાખ્યો આપણે ડફોળિયા મારતા ચાલ્યાને એકલા પ્રાણીનો વધ થઈ ગયો. જીવાતથી અળસિયા, કેટલાય રસ્તા પથે ચાલતા જીવજંતુની હિંસા થઈ જાય તો શું કર્યું કહેવાય? એની હિંસા કરી પણ તમે ધ્યાન ન રાખ્યું તમે ઉપયોગ ચૂક્યા, તમે પ્રમાદને વશ થયા તો આપણે આપણા આત્માનો ઘાત કર્યો. હિંસા તો થઈ ગઈ જે પણ જીવજંતુ પ્રાણી પણ તમે ઉપયોગ ન રાખ્યો (પેલી હિંસા થઈ એ પ્રાણીની હિંસા) અને પ્રમાદને વશ થયા એટલે આપણા આત્માનો ઘાત થયો. આપણા જ આત્માની હિંસા થઈ. જ્ઞાનીઓએ કીધું છે ને 'ઉપયોગે ધર્મ' ઉપયોગ રાખો. ઉપયોગ રાખોને થાય તો એ હિંસા થાય છે.

◆ ◆ ◆

સંપર્કઃ ૮૮૫૦૦ ૮૮૫૬૭, મુંબઈ

# જ્ઞાન-સંવાદ - ૧૧

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**સુ**જ્ઞ વાચકગણ

ગયા અંકમાં ૧૦માં દ્વાર સંજ્ઞી અસંજ્ઞી વિશે જાણ્યું હવે આ અંકમાં અગિયારમાં વેદ દ્વાર વિશે વિગતવાર જાણીએ.

**વેદ :** વેદમોહનીય કર્મના ઉદયથી નવમા ગુણસ્થાન સુધીના સર્વ સંસારી જીવોને કોઈને કોઈ વેદનો ઉદય ચાલુ હોય છે. નવમાથી ૧૪મા ગુણસ્થાન સુધી કોઈ વેદ ન હોય અવેદી હોય છે.

**વેદની વ્યાખ્યા :** વેદ = વિકારભાવ, મૈથુનની અભિલાષા, વિષય અને વિકારનો ઉદય. આત્માની ચૈતન્યરૂપ પર્યાયમાં ચિત્તવિક્ષેપ ઉત્પન્ન થાય તે વેદ છે. વેદ ત્રણ પ્રકારના છે.

**(૧) પુરુષવેદ :** જેના ઉદયથી સ્ત્રીને સેવવાની ઇચ્છા થાય, જે સ્ત્રીના કામી હોય તેને પુરુષવેદ કહેવાય છે. આ વેદના કારણે સ્ત્રીને ભોગવવાની પ્રચંડ લાગણી ઉત્પન્ન થાય છે. તેમ જ આ વેદ એમાં જ આનંદ માણવાનું સંવેદન કરાવી આત્માને મૂંઝવે છે. સમ્યક્ ચારિત્રનું આવરણ કરે છે. નવા કર્મ બંધાવી સંસાર વધારે એ જાતનું કર્મ છે.

**(૨) સ્ત્રીવેદ :** જેના ઉદયથી પુરુષને સેવવાની ઇચ્છા થાય. જે પુરુષની કામી હોય તેને સ્ત્રીવેદ કહેવાય છે. પુરુષોમાં મોહ ઉત્પન્ન કરી તેને ભોગવવાની પ્રચંડ લાગણી ઉત્પન્ન કરી તેમાં આનંદ માણવાનું સંવેદન ઉત્પન્ન કરાવી આત્માને પોતાના ખરા માર્ગેથી ભૂલાવી સમ્યક્ ચારિત્રનું આવરણ કરે છે. નવા કર્મ બંધાવી સંસાર વધારે છે એ જાતનું આ કર્મ છે.

**(૩) નપુંસક વેદ :** જેના ઉદયથી ઉભયને એટલે પુરુષ તથા સ્ત્રીને સેવવાની ઇચ્છા થાય છે. તે સ્ત્રી-પુરુષ બન્નેના કામી હોય તેને નપુંસક વેદ કહેવાય છે.

સ્ત્રી-પુરુષ બન્ને તરફ મોહ ઉત્પન્ન કરાવી તેમાં આનંદ મનાવી આત્માને મૂંઝવણમાં મૂકી દે છે. સમ્યક્ ચારિત્રનું આવરણ કરે છે. નવા કર્મો બંધાવી સંસાર વધારે છે.

વિજય નરવાહન સૂરિ લખે છે કે વેદનો ઉદય લિંગાકારની અપેક્ષાએ જાણવો બાકી તો અંતર્મુહૂર્તે ત્રણ વેદમાંથી કોઈપણ વેદનો ઉદય હોય. લિંગાકાર એટલે શરીરની જે બાહ્ય આકૃતિ મળેલી હોય તે પ્રમાણે જ લિંગ હોય છે.

**(૧) પુરુષલિંગ :** જે ચિહ્નથી પુરુષની ઓળખાણ થાય.

**(૨) સ્ત્રીલિંગ :** જે ચિહ્નથી સ્ત્રીની ઓળખાણ થાય.

**(૩) નપુંસક લિંગ :** જેનામાં કાંઈક સ્ત્રીનું ચિહ્ન અને પુરુષનું ચિહ્ન હોય તે. આ ત્રણે લિંગ નામકર્મના ઉદયથી છે. જ્યારે વેદ મોહનીયકર્મના ઉદયથી હોય છે. માટે લિંગ અલગ છે અને વેદ અલગ છે.

કર્મગ્રંથ-૧માં બતાવ્યા પ્રમાણે ત્રણે વેદને અનુક્રમે બકરીની લીંડીના અગ્નિતુલ્ય, ઘાસના અગ્નિતુલ્ય અને નગરના અગ્નિતુલ્ય એવી ઉપમા આપવામાં આવી છે.

**(૧) પુરુષવેદ :** જે કર્મ ઉદયથી સ્ત્રી પ્રત્યે ભોગની અભિલાષા થાય તે વેદ તૃણના અગ્નિતુલ્ય છે જેમ તૃણ જલ્દી સળગે છે અને જલ્દી બુઝાય છે તેમ પુરુષનો જીવ સ્ત્રીના શરીરને જોતાં જ અથવા સ્પર્શ કરતાં જ ભોગની અભિલાષાવાળો બને છે અને ભોગ ભોગવતાં તરત જ અભિલાષા શાંત થઈ જાય તેથી આ વેદ તૃણના અગ્નિતુલ્ય છે.

**(૨) સ્ત્રીવેદ :** જે કર્મના ઉદયથી જીવને પુરુષના શરીર સાથે ભોગ ભોગવવાની અભિલાષા થાય તે વેદ છાણાના અગ્નિતુલ્ય એટલે બકરીની લીંડીઓના અગ્નિતુલ્ય જે મોડો સળગે છે પરંતુ સળગ્યા પછી તેનો તાપ વધે છે. જલ્દી શાંત થતો નથી. અગ્નિના ભાઠાને ઊંચો-નીચો કરવાથી આગ અને તાપ વધે છે. તેમ સ્ત્રીના જીવને પુરુષ પ્રત્યેની ભોગની અભિલાષા જલ્દી થતી નથી પરંતુ મોડી થાય છે. પુરુષના શરીરનો સ્પર્શ થવાથી તે અભિલાષા એકદમ વધે છે. જલ્દી તૃપ્ત થતી નથી.

**(૩) નપુંસકવેદ :** જે કર્મના ઉદયથી જીવને સ્ત્રી-પુરુષ બન્ને પ્રત્યે ભોગની અભિલાષા થાય તે નગરના અગ્નિસમાન છે. જેમ નગરમાં લાગેલી મોટી આગ કેમે કરીને બુઝાતી નથી તેમ આ અભિલાષા કોઈ ઉપાયોથી જલ્દી તૃપ્ત થતી નથી. માટે નગરદાહ તુલ્ય છે.

**દંડકમાં વેદ :**

**૧ નારકીના દંડકમાં** – નપુંસક વેદ

**૧૩ દેવતાના દંડકમાં** – ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ વૈમાનિકમાં પહેલું-બીજું દેવલોક અને પહેલા કિલ્વીષીમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ ત્રીજા દેવલોકથી ઉપરના બધામાં એક પુરુષ વેદ.

**૯ તિર્યંચના દંડકમાં** – પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં નપુંસકવેદ સંજ્ઞી તિર્યંચ પચેન્દ્રિયમાં ત્રણ વેદ.

૧/૨૪ **૧ – મનુષ્યના દંડકમાં** – ૧૫ કર્મભૂમિના મનુષ્યમાં

ત્રણ વેદ સંમૂર્ચ્છિમમાં નપુંસક, (જુગલિયામાં (૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપના મનુષ્ય)માં સ્ત્રી અને પુરુષ એ બે વેદ. સંજ્ઞી મનુષ્યમાં ૯મા ગુણસ્થાને ત્રણ વેદ અને છેડે અવેદી હોય છે. ૧૦ થી ૧૪ ગુણસ્થાનવાળા અવેદી હોય છે.

**સિદ્ધ :** અવેદી હોય છે.

**વેદની વિચારણાનું મહત્વ :**

આ ત્રણે વેદ હોય ત્યાં સુધી મુક્તિ પ્રાપ્ત થતી નથી. મોક્ષમાં જવા માટે અવેદીપણું જરૂરી છે. લિંગ કોઈ પણ હોય પણ વેદ એકેય ન હોવો જોઈએ તો જ સિદ્ધ થવાય છે. સાચું સુખ અવેદીપણામાં જ મળે છે.

વેદમાં જીવને ક્યારે કોને સેવવાનો વિચાર આવે તે કહી શકાય નહીં. જ્યાં સુધી જીવ બીજા ઉપયોગમાં રહેલો હોય ત્યાં સુધી જીવને તેનો અનુભવ થાય નહીં. તે વખતે ઉદયને નિષ્ફળ કરી નાશ કરે છે.

મનને જ્ઞાનના ઉપયોગમાં સ્થિર કરવાથી વેદના ઉદયને નાશ કરવાની ઉદય નિષ્ફળ કરવાની, શક્તિ પેદા થાય છે. માટે મનને નવરું ન પડવા દેતા જ્ઞાન ધ્યાનસ્થામાં રહેવું. જ્ઞાનના ઉપયોગમાં વિશેષ સમય પસાર કરવાથી નિર્વિકારી સુખની આંશિક અનુભૂતિ પણ થઈ શકે છે.

વેદ ઉદયના વિચારો નરક નિગોદ સુધી પહોંચાડે છે.

કુમારપાળ મહારાજ પોતાની પત્નીને જોતા વિકાર ઉદ્‌ભવે તો આયંબિલ કે ચૌવિહારો ઉપવાસ કરતા તેમ જ રોજ પાંચથી છ હજાર ગાથાનો સ્વાધ્યાય કરતા હતા.

માટે વેદના ઉદયને ટાળવા તપ, સ્વાધ્યાય આદિ કરવા જોઈએ.

મનુષ્યગતિ જ એક એવી ગતિ છે, જ્યાં વેદથી મુક્ત થઈ અવેદીપણું પ્રાપ્ત કરી શકાય છે. કર્મભૂમિના મનુષ્યો જ્ઞાન પ્રાપ્ત કરી આત્મરમણતા કરે છે ત્યારે વિકારભાવ વિરમવવા લાગે છે. આગળ વધતા અવેદી થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

## પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | મહેન્દ્રભાઈ એમ. ધ્રુવ |
| ૨૫,૦૦૦/- | સ્પેક્ટ્રા કનેક્ટ્રોનિક પ્રા. લિ. |
| **૫૦,૦૦૦/-** | |

## જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૫૫૫/- | ચંદુલાલ જી. ફ્રેમવાલા |
| ૩૦,૦૦૦/- | ઈન્દિરાબેન એન. શાહ ચેરિટી ટ્રસ્ટ |
| ૧,૦૦૦/- | ભારતીબેન હસમુખ ટિંબડિયા |
| **૩૬,૫૫૫/-** | |

## એજ્યુકેશન રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૦૦૦/- | ભારતીબેન હસમુખ ટિંબડિયા |
| **૧,૦૦૦/-** | |

## જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦૦/- | એલ. એન. કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ |
| ૨૦,૦૦૦/- | ગિરીશ શાંતિલાલ નાણાવટી |
| ૨૧,૦૦૦/- | વિનોદરાય ભાયાણી |
| ૫,૦૦૦/- | કાર્તિક ટિંબડીયા |
| ૨૫,૦૦૦/- | બી. કે. આર. જૈન ચેરિટી ટ્રસ્ટ |
| ૫,૦૦૦/- | કેશ ડિપોઝીટ ઈન બેંક |
| ૧૦,૦૦૦/- | યતીન કાંતિલાલ ઝવેરી |
| ૨,૦૦૦૦૦ | જ્વેલેક્ષ ફાઉન્ડેશન |
| ૧,૦૦૦૦૦/- | શ્રીમતી ચંદ્રાબેન પી. કોઠારી |
| ૨૫,૦૦૦/- | સ્પેક્ટ્રા કનેક્ટ્રોનિક પ્રા. લિ. |
| ૫.૦૦૦/- | નવીનચંદ્ર પી. ગાલા |
| ૧,૦૦૦/- | અશોક એન. શાહ |
| **૪,૨૮,૦૦૦/-** | |

**સુધારો :** ૧. અનાજ રાહતમાં અનસુયાબેન પટેલ ૨,૦૦૦ આવેલ પ્ર. જી. ઑક્ટોબર અંકમાં પ્રિન્ટીંગ ૧,૦૦૦ છપાયેલ છે.

૨. જનરલ ડોનેશનમાં પ્રેમકુમારી દેવચંદ ગાલા ૨૫,૦૦૦ આવેલ – પ્ર. જી. ઑક્ટોબર અંકમાં પ્રિન્ટીંગમાં ૨૧,૦૦૦ છપાયેલ છે.

૩. જનરલ ડોનેશનમાં અમોલ કેપીટલ માર્કેટીંગ ૨૧,૦૦૦ આવેલ – પ્ર. જી. ઑક્ટબર અંકમાં પ્રિન્ટીંગમાં ૨૫,૦૦૦ છપાયેલ છે.

# મનની નિર્મળતા : ધર્મ

**પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)**

## અંતરની વાત

"તિરૂકકુરળ" (તિરૂ = પૂજ્ય, પવિત્ર, કુરળ = શ્લોક)

*વિશ્વપ્રસિદ્ધ તિરૂકકુરળ મહાકાવ્ય તમિળભાષામાં છે. તેના ૧૦૮ પરિચ્છેદ છે. પ્રત્યેક પરિચ્છેદમાં દશ શ્લોકો છે.*

*તમિળ ભાષા બોલનાર તિરૂકકુરળને તમિળ વેદ, પંચમવેદ, ઈશ્વરીય ગ્રંથ – સર્વકેશીય વેદ નામથી પોકારે છે, પૂજે છે.*

*તિરૂકકુરળ તમિળભાષાનો એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગ્રંથ છે. યુરોપની અનેક ભાષામાં તેનો અનુવાદ છે. અંગ્રેજી ભાષામાં રેવરન્ડ જી. યુ. પોપ કવિ તથા બી. બી. એસ. અય્યર અને માનનીય રાજગોપાલાચારીએ અનુવાદ કર્યા છે. સંસ્કૃત ભાષા તથા હિન્દી ભાષામાં છે. તેના અનુવાદક વિદ્યાભૂષણ પં. ગોવિંદરાય જૈન શાસ્ત્રી છે. મૂળગ્રંથના કર્તા "એલાચાર્ય" કેટલાંક સ્થળે કુંદકુંદાચાર્યનો ઉલ્લેખ છે. તિરૂકકુરળ કાવ્યમાં છંદ કુરળવેળવા નામનો છે. ૨૦૦૦ વર્ષથી આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિની આલબેલ ઘોષિત કરે છે. આ ગ્રંથમાં દાન-શીલ-તપ-પ્રભુ-ગુરુ-અતિથિ સત્કાર-ક્રોધ-માન-માયા-લોભ-ત્યાગ-માનનીયના માન વગેરે અનેક ગુણો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.*

*કેટલાંક ચિંતકો કહે છે કે જૈનાચાર્યએ આ ગ્રંથ બનાવ્યો છે. કેટલાંકનું માનવું છે કે નિમ્ન જાતિના વિદ્વાને ચેન્નઈના ઉપનગર મૈલાપુરના દરિયા કિનારે રચેલું છે. ગ્રંથના વિષયો-રચનાની કૌશલતા નિહાળતાં લાગે છે ગ્રંથ મહાન વિદ્વાને રચેલ લોકભોગ્ય ગ્રંથ છે.*

*આ ગ્રંથમાંથી ૫૭ શ્લોક ચૂંટી તેનું ચિંતન ગુરુકૃપાએ 'શ્રી જૈનમ્ જયતિ શાસનમ્ તીર્થ-રાસ્કા'માં લખવા પ્રયત્ન કર્યો છે. મહાન તાર્કિક-વિદ્વાન શિરોમણિ પૂજ્ય ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની આંતરિક શુભ ભાવનાથી લખ્યો છે. લેખન માટે પ્રબળ આલંબન અમારા ગચ્છાધિપતિ પૂ. ગુરુદેવ રાજયશસૂરીશ્વરજી મ.સા. છે. તેમની પ્રેરણા-સહાયથી ચિંતન થયું છે.*

*લેખનમાં શ્રેષ્ઠ ગુરુજનોની કૃપાનું ફળ છે. ક્ષતિ મારા અજ્ઞાનના કારણે છે. સજ્જનોને નમ્રભાવે વિનંતી છે – ક્ષમસ્વ મે*

**– પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)**

**सर्वेषामेव धर्माणामेष,**
**सारो विनिश्चितः ।**
**मनःशुद्धिं, विहायान्यो,**
**वृथैवाडम्बरो महान ।।**

(परिच्छेदः ४, गाथा - ४)

વિશ્વમાં માનવ જ ધર્મ કરી શકે છે. ધર્મનો સંબંધ મન સાથે છે. મન જ મનુષ્યને ધર્મમાં પ્રેરક બને છે. આરાધક બનાવે છે. વ્યક્તિ માત્ર બે વર્ગમાં વહેંચાય છે. આસ્તિક અને નાસ્તિક. આસ્તિક ધર્મને માને છે અને નાસ્તિક ધર્મને માનતો નથી.

પ્રત્યેક ધર્મમાં બે ભેદ છે. બાહ્યધર્મ અને આંતર ધર્મ. બાહ્ય ક્રિયા દરેક ધર્મની અલગ હોય છે. ક્રિયાને જ ધર્મ માનનાર હંમેશા કલહ કરે છે. ઝઘડા કરે છે. ક્યારેક તો હિંસા-યુદ્ધ અને વિશ્વનો વિનાશ નોતરે છે. જે પોતે કરે છે તે જ શ્રેષ્ઠ અને સર્વોત્તમ. બીજા કરે છે તે હીન-હલકું-નીચ નિંદનીય અને અસહ્ય... બાહ્ય ધર્મમાં ઝગડા છે. અંતે એક વિચારધારા પ્રગટે છે કે અમે સાચા અને તમે ખોટા. સાચા-ખોટાનો વિવાદ માનવને કલહપ્રિય બનાવે છે.

આંતર ધર્મ માનનાર પ્રત્યેક વ્યક્તિ પ્રાજ્ઞ હોય છે. બુદ્ધિમાન હોય છે. ઋજુ હોય છે. સરળ હોય છે. જીવમાત્ર પ્રત્યે સ્નેહ-પ્રેમ રાખે છે. સૌને માન આપે છે. સન્માન આપે છે. આદર આપે છે.

બાહ્ય ધર્મીઓ ધર્મના વિભાગ કરાવે છે. પક્ષ-સંપ્રદાયની સ્થાપના કરે છે. મારો ધર્મ સાચો ધર્મ – તારો ધર્મ તે ખોટો ધર્મ.

પછી માનવી ધર્મ ભૂલી મારા-તારાની હૈયાહોળીમાં બળે છે અને સૌને બાળે છે.

બુદ્ધ-પ્રબુદ્ધ માનવનો મુખ્ય ધર્મ સૌનો એક જ ધર્મ હોય છે : આંતર ધર્મ. આંતર ધર્મી સદા શાંત-વિચારક અને સમજદાર હોય છે. તેઓ માને છે કે દરેક વ્યક્તિની પાત્રતા હોય છે. પાત્રતા મુજબ પોતે વિચારે છે. ચિંતન કરે છે. મનન કરે છે. સૌને પોતાના ચિંતન મુજબ ધર્મ કરવાનો ભાવ થાય છે. આપણે વ્યક્તિ ઉપર આગ્રહ-કદાગ્રહ કે હઠાગ્રહ કરવાનો નહીં. સદાગ્રહ તેને સન્માર્ગે પ્રેરે છે અને સદાગ્રહી વ્યક્તિ સન્માર્ગનો મુસાફર છે. કોઈ સદાગ્રહ પ્રમાણે ચાલવામાં બાળક છે. યુવાન છે. વૃદ્ધ છે. પરંતુ સૌની વૃત્તિ તો એક જ છે. જો ધર્મ વૃત્તિમાં હોય તો તે પ્રવૃત્તિમાં આવે છે. વૃત્તિથી પ્રેરિત થઈ ધર્મ કરનાર શાંત-પ્રશાંત અને ઉપશાંત થાય છે. પણ આંતર ધર્મ શું છે? કેવી રીતે પ્રાપ્ત થાય છે? આ મધ્યસ્થ વ્યક્તિના પ્રશ્નો છે.

ભલા માનવ! વિશ્વમાં વિદ્યમાન સર્વ ધર્મનું હાર્દ એક છે – રહસ્ય એક છે. ત્યાં, મત-મતાંતર નથી. એક છે. ઐક્ય છે.

તિરુકકુરળ – તિરુકકુરળના બીજા અધ્યાયમાં ફરમાવે છે, ''મનને પવિત્ર રાખવું'' એ જ ધર્મ છે, બાકી તો બાહ્ય આડંબર છે.''

સંબોધસિત્તરીમાં મહાત્મા ફરમાવે છે કે ''સમભાવ ભાવિઅપ્પા'', લહઈ મુખ્ખં ન સંદેહો''. મન પવિત્ર થાય તો જ સમભાવ-સમતા શાંતિ થાય.

ચિત્ત બુદ્ધિ નિરોધને પાતાંજલિ ઋષિએ ધર્મ કહ્યો છે.

મનની પવિત્રતા-નિર્મળતા જ આંતર ધર્મ છે. મનની નિર્મળતા વિશિષ્ટ આરાધના-સાધના છે. આત્મા સામે અનેક આકર્ષણો-રાગદ્વેષ-મારા-તારાના બંધનો આવે છે. પણ, મનની નિર્મળ વ્યક્તિ ક્યાંયે મુંઝાતી નથી, ફસાતી નથી, અટકતી નથી.

મનની નિર્મળ વ્યક્તિ વહેતી નદી જેવી નિર્મળ હોય છે. ભેદી ઘાટ આવે કે ઉત્તુંગ શિખર આવે, તેને પણ ઓળંગી જાય છે. જેનું મન નિર્મળ છે, તેને વિશ્વના આકર્ષણ બંધન હોતા નથી. ફક્ત તેની ઉપયોગીતા અને જરૂરિયાતના જ વિચાર હોય છે. ઉપયોગ પૂરતો તેનો સાથ-સહકાર લે છે. જનક વિદેહી રાજ્ય ચલાવે છે, પણ મનની નિર્મળતાના સાધક છે. રાજ્ય-પ્રજા-સત્તા-સંપત્તિ તેમને બાધક થતી નથી. સર્વ પ્રસંગે – સર્વ સમયમાં મનની નિર્મળતા-પવિત્રતા રહે છે.

આપણે સૌ મનની પવિત્રતા સિદ્ધ કરીએ, તેવો તિરુકકુરળનો પવિત્ર સંદેશ છે. સર્વ આધ્યાત્મિક ગ્રંથકારોનો પણ આ એક જ સંદેશ છે :

''મનને પવિત્ર કરો – નિર્મળ કરો.''

મનની પવિત્ર વ્યક્તિને પ્રત્યેક વ્યક્તિ સ્નેહી-સ્વજન છે.

સાધક-મહાસાધકને રૂપે વર્ણન કરે છે.

પ્રત્યેક વ્યક્તિને શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર-ભગવદ્ સ્વરૂપે નિહાળે છે.

આ પવિત્ર દર્શન જ મનની નિર્મળતા છે.

સંપર્ક : 9687626349
Email : zyash89@gmail.com

✦ ✦ ✦

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

**ગાથા - ૩૫**

**ઈતિ-ભીતિ નિવારક**

**સ્વર્ગાપવર્ગ - ગમમાર્ગ - વિમાર્ગણેષ્ટઃ**
**સધ્ધર્મ-તત્ત્વ કથનૈક પટુ સ્ત્રિલોક્યાઃ ।**
**દિવ્યધ્વનિ ર્ભવતિ તે વિશદાર્થ સર્વ -**
**ભાષા સ્વભાવ-પરિણામ-ગુણૈઃ પ્રયોજ્યઃ ॥૩૫॥**

ભાવાર્થ :–પ્રભુના સમવસરણમાં દિવ્યધ્વનિનો નિનાદ ગાજી રહ્યો છે. તે દિવ્યધ્વનિ સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઈષ્ટ, પરમમિત્ર સમ છે, અર્થાત્ સ્વર્ગ અને મોક્ષ બન્નેના માર્ગનો સ્પષ્ટ ઉપદેશ આપે છે. એટલું જ નહીં સદ્ધર્મ તથા તેના તત્ત્વમય ભાવોને પ્રગટ કરવામાં ત્રણે લોકમાં એકમાત્ર કુશળ તેમ જ અદ્વિતીય છે. તેમ જ સહુ પોત-પોતાની ભાષામાં સમજી શકે અર્થાત્ સમસ્ત ભાષાઓમાં પરિણમતી એવી નિર્મળ અને વિશદ અર્થથી પરિપૂર્ણ છે.

વિવેચન :– પૂર્વેના બધા પ્રાતિહાર્ય અવ્યક્તભાવે પ્રભુના મહિમાનું ઉદ્ગાન કરતા હતા. જ્યારે અંતિમ પ્રાતિહાર્ય દિવ્યધ્વનિરૂપે વ્યક્તભાવે પ્રભુનો મહિમા પ્રગટ કરે છે. આ અષ્ટમ પ્રાતિહાર્ય દિવ્યધ્વનિ પ્રમુખ સ્થાને ગણાય છે, કારણ કે તે સાક્ષાત્ પ્રભુની

વાણી છે. આ વાણી ફક્ત શ્રધ્ધાત્મક વાણી જ નથી, પરંતુ તેમાં કેટલાક વિલક્ષણ ગુણો રહેલાં છે. પ્રભુની વાણી દિવ્યધ્વનિરૂપે પ્રકાશિત થઈ મનુષ્યના મનનું પરિવર્તન કરાવવામાં સમર્થ છે તેવો આભાસ આપ્યો છે. આ સંપૂર્ણ શ્લોક પ્રાતિહાર્યના વિવરણરૂપે હોવા છતાં તેમાં સાધનાના બન્ને ફલ સ્તંભ-સ્વર્ગ અને મોક્ષ આ બન્નેની મીમાંસા કરવામાં આવી છે. શ્લોકના શબ્દો વર્ણનાત્મક હોવા છતાં આધ્યાત્મિકભાવોથી પરિપૂર્ણ છે, જે સાધકને આંતરજગતની યાત્રા માટે પ્રેરક બને છે. અંતિમ પ્રાતિહાર્યને દિવ્યધ્વનિ એવું સાર્થક નામ આપી કવિશ્રીએ તેની ગંભીરતા પણ પ્રગટ કરી કાવ્ય-કૌશલતા બતાવી છે.

ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિમાં જીવની ઊર્ધ્વગતિ થયા પછી કલ્યાણરૂપે બે સ્થાન માનવામાં આવે છે. એક તો જ્યાં જીવાત્મા પોતાના શુભ કર્મોનું ફળ ભોગવી લાંબા સમય સુધી સુખનો અનુભવ કરે છે. જ્યારે બીજુ સ્થાન સદાને માટે શાશ્વતભાવો તથા પરમ પદને પ્રાપ્ત કરી જીવ બ્રહ્મસ્વરૂપ પામે. પ્રથમ સ્થાનને સ્વર્ગ અથવા દેવગતિ માનવામાં આવે છે. અને બીજા સ્થાનને અપવર્ગ એટલે મુક્તિ માનવામાં આવે છે. સામાન્યરૂપે તેને મોક્ષ કહેવામાં આવે છે.

પ્રસ્તુત શ્લોકના પ્રથમ પદમાં સ્તુતિકારે પણ 'સ્વર્ગાપવર્ગ' શબ્દો વડે શ્લોકનો પ્રારંભ કરી જૈન સાધનાના ફલસ્તંભરૂપે રહેલ સ્વર્ગ અને મોક્ષ બંનેની વાત કરી છે. આમ તો મોક્ષને જ મુખ્ય લક્ષ્ય માનવામાં આવ્યું છે પરંતુ જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી જીવને સ્વર્ગનો પણ આશ્રય લેવો પડે છે. સુખ ભોગવવાની કામના વર્જ્ય છે, સ્વર્ગ વર્જ્ય નથી. હકીકતમાં સમગ્ર સાધના દ્વિધા કાર્ય કરે છે. (૧) પુણ્યનું ઉપાર્જન અને (૨) પાપક્ષય. આ બન્ને ફળને છૂટા પાડી શકાય નહીં. સંપૂર્ણ પાપ ક્ષય ન થાય ત્યાં સુધી પુણ્યનો સાથ રહે છે. અપકર્મનો ત્યાગ અને સત્કર્મનું આચરણ, આમ બન્ને સાથે જોડાયેલાં છે. અપકર્મનો ત્યાગ પાપનો ક્ષય કરે, તો સત્કર્મનું આચરણ પુણ્યનો સંચય કરે છે. એટલા માટે જ અહીં કવિશ્રીએ પ્રભુની વાણીને એક પ્રકારની સીડી બતાવી છે કે જે દેવલોક અને મોક્ષ સુધી લઈ જાય છે.

ત્યારબાદ સ્તુતિકારે બન્ને શબ્દની વચ્ચે 'વિમાર્ગણ' એવો ગૂઢ શબ્દ મૂકીને અધ્યાત્મ સાધનાનું એક વિશિષ્ટ અંગ પ્રગટ કર્યું છે. એટલે કે સ્વર્ગ અને મોક્ષમાં જવા માટે પ્રથમ ઉચ્ચકોટિના દર્શનની આવશ્યકતા છે. વિમાર્ગણનો અર્થ છે સંશોધન. સારી રીતે શોધન થયા પછી જ સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે. આમ અહીં કવિશ્રીએ પરોક્ષ ભાવે સમ્યક્ દર્શનનો ઉલ્લેખ કર્યો છે. વિશેષ પ્રકારે ઊર્ધ્વગતિમાં લઈ જનાર જે માર્ગ છે, વિશેષ પ્રકારની જ્ઞાનાત્મક સીડી છે, તે જ વિમાર્ગ છે. આચાર્યશ્રીએ અહીં જે પ્રમાણે શબ્દો મૂક્યા છે, તેમાં તે ક્રમનો ધ્વનિ પણ સમાયેલો છે. અર્થાત્ પ્રભુની વાણી સમ્યક્દૃષ્ટિ જીવોને પ્રથમ સ્વર્ગ અને પછી મોક્ષ અપાવે છે.

કવિશ્રીએ બીજા પદમાં ધર્મ સાથે 'સદ્' વિશેષણ દર્શાવી સદ્ધર્મનો ઉલ્લેખ કર્યો છે. કારણ કે ધર્મના ક્ષેત્રે ઘણાં અસત્ તત્ત્વો પણ જોવા મળે છે. અસત્‌નો પરિહાર કરવા માટે સદ્‌ધર્મનો પ્રયોગ કર્યો છે. અન્યથા ધર્મ સ્વયં પવિત્ર સિદ્ધાંત છે, તેમાં કોઈ વિશેષણની જરૂર નથી પરંતુ જેમ શુદ્ધ સોનું શુદ્ધ પાણી ઈત્યાદિમાં શુદ્ધ વિશેષણ હોય, તેમ દેવાધિદેવોએ જે અહિંસામય ક્રાંતિ કરી છે તેનો બોધક આ સદ્‌ધર્મ શબ્દ છે. એટલું જ નહીં. સદ્‌ધર્મ નીતિધર્મની સ્થાપના કરીને અટકી ગયો નથી પરંતુ આ લોકમાં દયા ધર્મના ઉપદેશ વડે પરલોકનો, સ્વર્ગનો માર્ગ બતાવી સાચી દિશાનો બોધ કરાવનાર છે. સ્તુતિકારે અહીં સદ્‌ધર્મને દિવ્યધ્વનિનો વિષય ગણીને ધ્વનિનું લક્ષ્ય પણ સ્પષ્ટ કર્યું છે કે ત્રણ જગતમાં ભાવોને સ્પષ્ટ કરનાર કોઈ હોય તો આ એક માત્ર દિવ્યધ્વનિ જ છે. ધ્વનિ માટે કવિશ્રીએ 'પટુ' શબ્દનો પ્રયોગ કરી ધ્વનિની લઘુતા, કોમળતા અને ચતુરાઈ, આ ત્રણે ગુણોનો બોધ કરાવી કાવ્યશક્તિનો પરિચય આપ્યો છે. કારણ કે આ દિવ્યધ્વનિ કોઈના મનન ઠેસ પહોંચાડ્યા વિના હળવેકથી ઉપદેશ આપે છે.

ત્યારબાદ ત્રીજા પદમાં કવિશ્રીએ દિવ્યધ્વનિના પ્રથમ ગુણ તરીકે 'વિશદાર્થ'નો ઉલ્લેખ કર્યો છે. બે પ્રકારના શાસ્ત્રસ્થ કથાનકો હોય છે. (૧) જેમાં લખાણ ઓછું અને અર્થબોધ વિશાળ હોય. (૨) તો કેટલાક શાસ્ત્રો વિશાળ હોય પરંતુ તેમાં સારભૂત તત્ત્વ ઘણું અલ્પ હોય છે. આ શ્લોકમાં દિવ્યધ્વનિને 'વિશદાર્થ'કહી છે. તેમાં ધ્વનિ અલ્પ અને ગુણ વિશાળ છે. એવી વિશેષતા કવિશ્રીએ અહીં પ્રગટ કરી છે.

આગળ વધતાં કવિશ્રી કહે છે કે આ દિવ્યધ્વનિ એક અલૌકિક વ્યાપકતા ધરાવે છે. તે માટે સ્તુતિકાર ધ્વનિ માટે સર્વ, ભાષા, ભાષાનો સ્વભાવ, ભાષાના ગુણ આ ચાર ગુણ વિશેષણનો આધાર લઈ તેની ફળશ્રુતિ પણ બતાવે છે. જૈન પરંપરામાં સુપ્રસિદ્ધ છે કે, પ્રભુની વાણી પ્રત્યેક પ્રાણી પોત-પોતાની ભાષામાં સમજી જાય છે. મનુષ્યની ભિન્ન ભિન્ન ભાષા તો સમજ્યા, તિર્યંચ આદિ પ્રાણીઓ

પણ પોતાની ભાષામાં પ્રભુના ઉપદેશને ગ્રહણ કરી શકે છે. પરોક્ષ રીતે આ ધ્વનિ બધા જીવોને માટે સહજ પ્રતિબોધક રૂપે રહે છે. પ્રભુ પોતાની ભાષામાં જ બોધ આપી રહ્યા હોય એવો અનુભવ સર્વ જીવોને થાય છે. આ જ દિવ્યધ્વનિની વિશેષતા છે.

ભાષાનો અર્થ ફક્ત શબ્દાવલી જ નથી પરંતુ બધા ભાવોનો તેમાં પ્રતિભાવ થાય છે. પ્રતિભાવ થાય છે એટલું જ નહીં પરંતુ તે પરિણામજનક પણ છે. આ દિવ્યધ્વનિ પણ બધા પરિણામજનક ગુણોથી સાપેક્ષ છે, તેથી જ આચાર્યશ્રીએ અંતિમ પદમાં 'પ્રયોજ્ય' કહીને દિવ્યધ્વનિ અને પ્રભુનો મહિમા પ્રગટ કર્યો છે. આ દિવ્યધ્વનિનો સહજ પ્રયોગ થઈ રહ્યો છે. તેના પ્રયોકતા સાક્ષાત્ પ્રભુ છે. તેથી આ દિવ્યધ્વનિ પણ સર્વ ગુણ સંપન્ન છે. અહીં કવિશ્રીએ દ્વયર્થક શબ્દોનો પ્રયોગ કરી આ પ્રાતિહાર્યની ગંભીરતા પણ પ્રગટ કરી છે.

પ્રસ્તુત શ્લોકના બધા શબ્દો આધ્યાત્મિક ભાવથી ભરેલા છે. જે સાધકને આંતર જગતની યાત્રા માટે પ્રેરિત કરે છે. આ શ્લોકમાંથી જેટલા તત્ત્વભાવોને શોધીએ તેટલા નીકળતા જ જાય તેમ છે. દિવ્યધ્વનિનું પ્રયોજન સ્વભાવમાં પરિણમન કરવા માટે છે. તેનું વિમાર્ગણ અર્થાત્ ચિંતન કરી વિશદ અર્થરૂપી પરમ સાધ્ય સુધી જીવને લઈ જાય છે.

હવે બધા જ પ્રાતિહાર્યોનું ઉદ્ગાન કરી કવિશ્રી પણ દેવાધિદેવના ચરણકમલમાં સમર્પણ ભાવ સાથે આગળ વધી રહ્યાં છે.

**ૠદ્ધિ :–** ૐ ह्रीं अर्हं णमो जल्लोसहि-पत्ताणं।

**મંત્ર :–** ૐ नमो जय विजय अपराजिते महालक्ष्मी अमृतवर्षिणी अमृतस्त्राविणी अमृतं भव भव वषट् सुधायै स्वाहा। ૐ नमो गजगमने सर्व कल्याण मूर्ते रक्ष रक्ष नमः स्वाहा।

**વિધિ-વિધાન :** પવિત્ર થઈ પીળા રંગનું વસ્ત્ર ધારણ કરી ઉત્તર દિશા તરફ મુખ રાખી યંત્ર સ્થાપિત કરવું. યંત્રની પૂજા કરવી. ત્યારબાદ પીળા રંગની માળા દ્વારા ચાર હજારવાર ૠદ્ધિ પ્રાપ્ત કરવી. પછી પ્રતિ દિવસ એકસો આઠવાર જાપ કરવા.

**ફલાગમ :** યંત્ર પાસ રાખવાથી, તેમજ ૩૪ અને ૩૫મી ગાથા ૠદ્ધિ તથા મંત્રની આરાધના કરવાથી ચોરી, દુર્ભિક્ષ, રાજ્ય ભય વગેરે દૂર થાય છે. વ્યાપારમાં લાભ થાય, રાજ્યમાં માન મળે તેમ જ તેનાં વચન પ્રમાણિક માનવામાં આવે.

શ્રી ભક્તામર સ્તોત્રની ૩૪-૩૫ યુગલ ગાથાના આરાધનથી શું ફળ મળે છે, તેનું મહાત્મ્ય દર્શાવતી એક પ્રાચીન કથા.

**રાજા ભીમસેનની કથા :**

ઘણાં વર્ષો પૂર્વેની આ કથા છે. જગત પ્રસિદ્ધ બનારસી નગરીમાં રાજા ભીમસેન રાજ્ય કરતા હતા. તેઓ ઘણા જ ન્યાયશીલ રાજવી હતા. રૂપમાં તો રતિપતિ અર્થાત્ કામદેવને ભૂલાવે તેવા હતા. એટલું જ નહીં જ્ઞાન, કલા વગેરેમાં પણ નિપુણ, રાજનીતિમાં પણ પારંગત હતા. ચારે તરફ તેમની તેમ જ રાજ્યની કીર્તિ ફેલાઈ ગઈ હતી. આમ બધી રીતે રાજાભીમસેન સુખપૂર્વક રાજ્ય વહીવટ કરી રહ્યા હતા.

સુખ અને દુઃખ એ તો નિયતીનો ક્રમ છે. સુખ અને દુઃખ એ તો જીવનની ઘટમાળ છે. રાજા ભીમસેનના જીવનમાં પણ કાંઈક એવું જ બન્યું. પૂર્વે કરેલ અશાતા વેદનીય કર્મનો ઉદય થતાં તેઓ એક ભયંકર રોગથી પીડિત બન્યા. જેનાથી તેમનું શરીર એકદમ દૂબળું થઈ ગયું, ક્રાંતિ તેજ ઊડી ગયું. અસ્થિ-ચર્મ વગેરે સૂકાઈ ગયા, જેના કારણે દેખાવમાં બિહામણા લાગવા લાગ્યા. ખાવા-પીવાનું તો જાણે ભૂલી જ ગયા હતા. રાજાની આવી હાલત જોઈને રાજપરિવારે ઘણા પ્રયત્નો - ઈલાજ વગેરે કર્યા. પરંતુ રાજાની પરિસ્થિતિમાં કોઈ ફરક પડ્યો નહીં.

દિવસો વીતવા લાગ્યા અને રાજાની હાલત વધારે ખરાબ થતી ગઈ. ત્યારે રાજાની આવી દશા જોઈ, રાણી અધીરી થઈ ગઈ. એમનાથી રાજાનું દુઃખ જોવાતું ન હતુ, આકુળવ્યાકુળ બની ને કલ્પાંત કરવા લાગી. તે ધીરજ ખોઈ બેઠી હતી, ત્યારે રાણીની પણ આવી દશા જોઈ, મંત્રીવર્ગ દોડી આવ્યો અને રાણીને દિલાસો આપ્યો કે, ગમે તેમ કરી અમે રાજાજીને ફરીથી સ્વસ્થ કરી આપશું. મંત્ર, જંત્ર, ઔષધ કોઈ પણ ઉપાય શોધી લાવશું અને રાજાને રોગમુક્ત કરી આપશું, હે રાણીમા! આપ હવે કોઈ જાતની ચિંતા કરશો નહીં.

એક દિવસ સંયોગવશ બનારસી નગરીમાં ફરતાં ફરતાં બુદ્ધિકીર્તિ નામના મુનિરાજ પધાર્યા. મંત્રીને આ વાતની ખબર પડી. તેઓ તરત જ રાજાને મુનિરાજના વંદન દર્શનાર્થે લઈ ગયા. ત્યાં જઈને મુનિરાજને રાજાએ પોતાના દુર્ભાગ્યની સારી કથની કહી સંભળાવી. અને મુનિરાજને આજીજીપૂર્વક વિનંતી કરતાં બોલ્યા, 'હે દીનદયાળુ! આપ એવી કૃપા કરો કે જેનાથી મારી આ વ્યથા દૂર થાય. ત્યારે મુનિરાજે પણ રાજાને ધર્મોપદેશ આપી, ભક્તામર સ્તોત્રની ૩૪-૩૫મી યુગલ ગાથા વિધિપૂર્વક ૠદ્ધિ, મંત્ર સાથે શીખવાડી દીધી. અને રાજા પણ શ્રદ્ધાપૂર્વક સર્વ કથનને એક ચિત્તે ગ્રહણ કરી ઘરે પાછા ફર્યા.'

રાજા મહેલમાં આવી, મુનિરાજના કથનાનુસાર ત્રણ દિવસ સુધી ભક્તામર સ્તોત્રની ૩૪-૩૫મી યુગલ ગાથાનું ૠદ્ધિમંત્ર વિધિવિધાન સાથે આરાધન કર્યું. રાજાની આવી ભક્તિ જોઈને

ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થઈ, અને પ્રગટ થઈ બોલી, હે રાજન! માંગ, માંગ, જે ઇચ્છા હોય તે. તારી ઇચ્છાને પૂર્ણ કરીશ. ત્યારે રાજા બોલ્યા, ''હે માતા! મને સહાયતા કરો. મારું સારું દુઃખ દર્દ દૂર થઈ જાય.''

ત્યારે દેવી બોલી, હે રાજન! ''શ્રીજિન ચૈત્યાલયમાં જઈને શ્રી આદિનાથ ભગવાનને સ્નાન કરાવેલ ગન્ધોદક લઈને નવણજલ તારા અંગ ઉપર લગાવજે. જેનાથી તારું સ્વરૂપ પહેલા જેવું સુંદર બની જશે.'' આટલું કહીને દેવી રાજાને આશીર્વાદ આપી નિજસ્થાનમાં આવી ગઈ.

રાજાએ પણ દેવીના કથન અનુસાર કર્યું. જેનાથી તેઓ પહેલા જેવા જ સ્વરૂપવાન થઈ ગયા. ત્યારે રાજા દોડીને પેલા મુનિવર પાસે ગયા અને તેમના ચરણોમાં નમ્યા. અને બોલ્યા, હે મુનિવર! તમે ખરા વૈરાગી છો, અને મને પણ હવે આ સંસાર અસાર લાગ્યો છે, તમારી પાસે દીક્ષા ગ્રહણ કરવા માંગું છું. આમ બોલીને તેઓ મુનિવર પાસેથી દીક્ષાગ્રહણ કરી અને અંતકાળ સુધી સમ્યક્ રીતે સંયમ પાળી દેવગતિને પામ્યા.

ખરેખર! જૈન ધર્મ પરમપદ પ્રાપ્ત કરાવે તેવો છે. ફક્ત શ્રી ભક્તામર સ્તોત્રની બે ગાથાને ગ્રહણ કરી સંયમ અંગીકાર કરનાર રાજા ઉચ્ચગતિને પામ્યા. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
૯૮૯૨૮ ૨૮૧૯૬

# Acarya Amrtacandra

**Dr. Kamini Gogri**

**I. Life :**

Amrtacandra was a great mystic scholar of the Nandi Sangha tradition of Mula Sangha of the Digambara sect. He gives no information about his worldly life - neither about his parents, family, birthplace, relatives etc. nor about his Guru, Sangha and religious lineage. He performed no miracles. He was neither after name and fame; nor after siddhis (supernatural powers) but a sincere traveller on the path to moksa.

On the basis of references to Amrtacandra and his writings found in the works of other authors like Pt. Asadharaji - the author of 'Anagara Dharmamrta' and his own commentary 'Bhavyakumudacandrika' on it, Acarya Jayasena, Acarya Ramasena and many others - Amrtacandra is said to belong to the 10th century A.D. and his date is agreed to be 962 to 1015 V.S.

In all his works, he has mentioned his name as Amrtacandra Suri. Pt. Asadharaji in his book 'Bhavyakumudacandrika' refers to him as Thakkuramrtacandrasuri'. This suggests that Amrtacandrasuri belonged to Thakur family. But beyond this, we do not know anything about his worldly life. Dr. Uttamacandra Jain, in his doctored thesis "Acarya Amrtacandra - Vyaktitva evam Kartutva" published by Pt. Todaramala Smaraka Trust, Jainpur, in 1988, gives a long list of names by which, he was referred to by other authors.He was an Acarya - a position higher than Upadhyaya.

**III. Personality :**

Though he has mentioned his name at the end of each of his work, according to the established convention of that time, he does not claim authorship. He does not claim any credit of composing the work. On the contrary, he normally disclaims any credit for composing a work. His humility is due to his form conviction that he is pure consciousness by nature and hence cannot bring about any change in the Ajiva Tattva. That shows that he lived on the highest spiritual level of Niscaya Naya, far above Vyavahara Naya. This can be seen from what he says at the end of a book.

i. At the end of Atmakhyati, his commentary of Samayasara, he says,

"The true import of Samayasara is explained or brought out by words having the power to illumine the reality. There is nothing of Amrtacandrasuri, who is engrossed in his own nature".

ii. In his commentary of Pravacanasara called Tattvapradipika, he says,

"The universe and the self are really the objects

worth knowing/describing; the description is expressed through speech, and the knower/ describer is Amrtacandrasuri – Oh men! Don't say so from delusion. Rather with the help of pure knowledge arising from the strength of the knowledge of Syadavada realize the eternal true nature of the elf and live in the bliss free from all disturbances".

**iii. He concludes his 'Purusarthasidhyupaya' with the following Gatha:**

"Words are made by different letters; sentences are made of words; sentences make up this sacred treatise / science. It is not done by me."

All these quotations express the spiritual level of Amrtacandra. If we ask, "Is Amrtacandra really the author of these books?' The answer is that from the practical point of view, he has authored the books but from the transcendental point of view, he, as the pure soul, does not bring about transformation in alien substance. Which Naya is to be accepted? Amrtacandra says in Samayasarakalasa.

"One has to keep in mind constantly that Vyavahara Naya is to accept bondage but acceptance of Niscaya Naya does not cause bondage. It rejection, on the contrary, leads to bondage. The final truth has to transcend these two Nayas. Gathas 142 and 143 explain the one-sidedness of each Naya and the necessity to transcend them both. Amrtacandra lived on the spiritual Everest the supreme level transcending both the Niscaya and Vyavahra.

**IV. Amrtacandra's Contribution to the Jaina Thought:**

- Dr. Hukumchanda Bharill, in his introduction to Dr. Uttamacanda Jain's book, points out that Amrtacandra has contributed to the spiritual tradition of Kundakunda by writing commentaries on Samayasara, Pravacanasara and Pancastikaya; the theoretical tradition of Umaswami by writing Tattvarthasara and Samantabhadra's tradition of writing on Sriivakaciira by writing Purusarthasiddhyupaya.

- Between Kundakunda and Amrtacandra, there were great scholars like Samantabhadra, Pujyapada, Akalanka, Vidyanandi. But none of them has written commentaries on the Prakrt works of Acarya Kundakunda. Amrtacandra is the first scholar to write Sanskrt commentaries on the three principal Prakrt works of Acarya Kundakunda.

- The uniqueness of Amrtacandra's commentary lies in treating Samayasara, as a Drama. Science or scientific or logical, theoretical discourse is the most effective medium for giving accurate information, for arguments and for justifying a theory. But when a philosopher wants to bring about a change in the attitude, in the perspective or outlook of a person, then poetry, rather than logic, becomes more effective. Poetry being a delightful sentence appeals not only to human intellect or thought, but also to human heart, feelings, emotions, will, attitudes and thus b1ings about attitudinal changes. Among poetic literature, drama is the most delightful because 'Drama' is not only read and heard but also seen. (It is an audio-visual medium). It includes stage, costumes, acting, music, dance, dialogues etc. Amrtacandra treatsitas a drama in which the chief Hero – 'Self" (Jiva) – appears on the stage (this world or cosmos) in different characters and in association with different actors and finally the drama ends with liberation. It is a very beautiful metaphor depicting the spiritual career of a Jiva. The nine topics of are treated as 'acts' in a drama.

**ACT I – Scene 1** (1-38):

The first act of the drama is divided into two scenes. The first scene is called. The first 38 Gathas are devoted to introducing the stage, the theme, the drama to the audience. The place is stage. the spectator is a person with enlightened worldview and the gathering is of persons with deluded worldview. Both Jiva & Ajiva are dancing and they identify with each other as the agent and the act. They are of different forms. The dance manifests 8 kinds of - Love, Laughter, Pity, Anger, Heroism, Terror, Disgust, Wonder etc. The deluded cannot discriminate between Jiva & Ajiva, but the person with the enlightened worldview knows the

difference between them and is engrossed in peace – mom. He tries to convince people of the true nature of the soul by removing their delusion and wants them to enjoy peace. With this prelude, the drama begins.

**ACT I – Scene 2** (39-68):

It begins with the entry of Jiva & Ajiva on the stage as one. Jiva considers itself to be identical with body, karma, bhavas, etc. which are all transformations of pudgala / matter. Jiva thinks about its own nature and realizes that it is different from pudgala. The act ends with separation of Jiva & Ajiva and they leave the stage.

**ACT II** (69 – 144):

They enter again in the form of iva reflects over the question as to whether it is - efficient cause of pudgala, karma, bhava, and realizes that it is only the knower. It cannot transform itself into what it is not. It is neither nor. To think that it is and is it is and is is. It is neither nor. Realizing this, Jiva & Ajiva give up their roles of  and and quit the stage

**ACT III** (145 – 163):

Now karma takes two forms of merit and sin and enters the stage. But both merit and sin are the causes of bondage and transmigration and thus, obstruction to moksa. They enter as distinct but realize their oneness and leave the stage.

**ACT IV** (164 – 180): The influx enters the stage, which is shown as a battleground and self-conceited conqueror of the whole world . But the soul with its knowledge remains unattached and unbound. Thus, Asrava is turned into Nirasrava. The true influx is ignorance (Ajnana or Mithyatva), which thinks that one substance can affect the essential nature of another substance. With the Suddha Naya, there is Bhavasrava and not Dravyasrava. Amrtacandra says that, "this is the essence of truth that Suddha Naya is never to be abandoned. If abandoned, there is bondage; if not abandoned, there is no bondage". Thus, in the face of Suddha Naya, influx leaves the stage.

**ACT V** (181 – 192):

Influx is absence of discriminatory knowledge about distinction between Jiva & Ajiva. When it leaves the stage, the discriminatory knowledge, which is 'Stoppage of flux" enters the stage. The Jiva now reflects over one's true nature – pure consciousness and hence distinct and unrelated to passions, karma and no-karma. This is how the true knower of Self knows the Self. The ignorant, who lacks 'the discriminate knowledge' regards the Self as impure, passionate, bound etc. With the firm establishment of the dancing with enjoyment leaves the scene.

**ACT VI** (193 – 236):

The new inflow of karma stops because of the firm 'discriminative knowledge' which is 'Right Knowledge' Now Nirjara enters the stage . But what about the Asrava prior to 'discriminative knowledge'? All enjoyments and suffering due to the arising of karma is looked at by such a detached person as Nirjara - i.e. 'as purging of past karma'. So he is not bound by those enjoyments. Such a person has only Knower-consciousness', neither agent-conscious nor 'enjoyer-consciousness' Nirjara quits the stage like a character cured of its infatuation and filled with peace.

**ACT VII** (237 – 287):

Bandha – Bondage enters the stage . What is the cause of bondage? i) Not the existence of particles capable of being karma; ii) not the action of body, speech and mind; iii) nor again destruction of living and non-living. It is the identity of the soul with passions or attachment to passions that is the cause of bondage. But the Right Knowledge that no one kills another; one dies because Ayu-karma is exhausted; no one can give misery or happiness to another; it is because of Karmodaya that one suffers or enjoys. The Muni who is absorbed into self-contemplation and does not identify himself with good or bad thought or action is not besmeared or bound by good or bad karma. This way, Bandha leaves the stage.

**ACT VIII** (288 – 307):

Moksa enters the stage.

✦ ✦ ✦

Contact: 96193 7958

## Samvar Bhavna :

# Interception of Inflow of Karma

**Prachi Dhanvant Shah**

If you have a goal in life that is worth achieving, it is worthwhile and indigenous to block the inflow that obstructs this goal in our day-to-day life, because the goal is more important to achieve than being neglectful about the obstruction. To achieve a goal of seeking liberation and attaining moksha, it is very much essential to protect your soul from the inflow of Karma in our day-to-day life, by blocking them. Samvar means blockage and hence, contemplation of Samvar Bhavna stimulates one's consciousness forming a protective shield of blockage, and thus prevents the influx of karma. In other words, Samvar Bhavna articulates protection around the soul as a result, the soul remains protected and binds less karma. Samvar Bhavna is considered to be the first significant factor in the process of liberation of the soul from karmic matters. Samvara is the opposite and antagonistic counter-force to Ashrava (which refers to the inflow of karma into the soul) since it prevents the incoming of new karma into the soul. When Ashrav Bhavna refers to the state of soul which attracts karmic matters, i.e the cause of the bondage of karma, Samvar Bhavna refers to blockage of those karmic matters which is attracted by the soul. Thus if the inflow itself is blocked, the state of the soul will be like an empty pond without any attached karmic matters. For instance, if there is a hole in the wall of a room(soul), all the dirt, dust, and insects (Karmic particles) will keep flowing in (Ashrav), but if that hole itself is blocked( Samvar), then there is no question of anything flowing in.

Jain philosophy has precisely elaborated how one can practice Blockage of Karma through contemplation of Samvar Bhavna. Samvar Bhavna can be practiced in two ways one is Physical or objective manners where you can restrict your physical activities that cause violence and prevent the inflow of Karma. The second way which can be more defying is Psychic or Subjective wherein one consciously strives to stop all the possible passions through mental activities and which eventually leads to stoppage of physical and verbal destructive activities causing direct inflow of karma. This can be done by practicing five types of Samvar :

- Samyaktva Samvara (right faith)

When your faith is stern your belief becomes stronger and when your belief is stronger, it would grip you enough to achieve something bigger in life. Strong spiritual beliefs and faith in religious philosophy, along with the urge to practice the same is an indicator of Samyaktva Samvar. "Right faith sees the imperceptible, believes the implausible, and receives the impossible." Although, Samyaktva Samvara cannot be achieved overnight and it is possible to attain the same only in the fourth Gunasthana (Stage) of spiritual development.

- **Vrat Samvara (Self-restraint)**

Restraining oneself from desires and sinful activities certainly accelerates one's spiritual growth. Controlling urges and renunciation sinful propensities are challenging to enforce in this worldly life. But if one's goal in life is to seek Spiritual growth and attain liberation, leading the right path with the right faith and self-restraint is essential. Although, practicing and attaining Vrat Samvar is possible only partially, in the fifth gunasthan ( stage) of spiritual development, while it can be achieved fully only in the higher gunasthans (Stages) beginning with the sixth gunasthan.

- **Apramada Samvara (Consciousness or Spiritual alertness)**

Every moment in life that we spend in consciousness, we become alert of our unconscious behavior, and would naturally accelerate our higher consciousness to uplift our soul towards spiritual

growth. Apramad Samvar contemplates awareness to fully engage and involve oneself in the activities of renunciation. This is possible only at the seventh gunsthan (stage) of spiritual development and persists in the higher stages.

- **Akasaya Samvara (absence of passion)**

Being passionate towards worldly desires is the cause of anger, pride, greed & deceit. All these passions lead to the indulgence of Karma and the soul that thrives these passions attracts Karmic matters. Hence serenity and contemplation of Akasaya Samvara avail diminishing of these passions. Eradicating passions from oneself purifies the soul blocking karmic inflow. Although, this is only possible at the stage of being vitrag (dispassionate) at the thirteenth gunsthan (stage) of spiritual development.

- **Ayoga Samvara (calmness of Mental, verbal & physical activities)**

Serenity and calmness of mental, verbal & physical activities enhance the tranquility of the soul as a result of which the soul will be void of fluctuation & quivering. The soul would be undisturbed leading to spiritual growth. This occurs in the fourteenth gunsthana (stage) of spiritual development.

Further, Samvar Bhavna can be practiced by some practical approaches. This is explained & classified in a simplified manner by Jain philosophy. To be precise, as per Jain literature, there are fifty-seven practical ways that one can implement in their daily life to block the inflow of Karma and attachment of karmic particles. Although this is more applicable and practical to be implemented by monks who have renounced worldly life, it is not impossible to be followed by shravakas and shravikaas in their day-to-day life as well. Though living in worldly life, it could be very challenging to completely practice Samvar Bhavna and block all possible Karmas, but here, the purpose is to block as much inflow of Karma as possible, rather than just closing the door of possibilities. This would lead to a minimal inflow of karma. Hence, one can follow and implement these ways as much as one can living in worldly life. These practical approaches as described in Jain literature are, 5 Samitis, 3 Guptis, 10 Yati Dharma, 12 Bhavnas, 22 Parishahajaya, & 5 Charitra.

- **Five Samitis**

Samitis can be explained in common words as Carefulness or continued awareness in our day-to-day activities especially in reference to non-violence. There are five ways one can be aware of their actions.

**1) Irya Samiti -** Be conscious of practicing non-violence while walking such that you do not harm any visible living being. This also refers to minimizing movements and performing religious duties such that unknowingly also you do not harm invisible living beings in your surroundings.

**2) Bhasa Samiti -** Be mindful of your speech such that you do not cause any violence through your speech and deliver a sinful utterance.

**3) Esana Samiti -** Be alert and apprehensive while receiving food and water from others such that it is free from blemishes and free of religious restrictions.

4) Adhana nikshep samiti - Be careful in receiving and keeping things after examining the place in which they are to be placed.

**5) Utsarga samiti -** Be meticulous and attentive in choosing a place of disposal.

- **Three Guptis**

Practicing Samitis is not possible without understanding and in support of Guptis. Guptis is the first way of inhibiting the influx of karmic matter (samvara). It is explained as control and calmness towards non-virtuous activities by disciplining our mind ( Mano Gupti ), body ( Kaaya Gupti ), and speech (Vachan Gupti).

- **Ten Yati Dharma**

This is the third way of inhibiting karmic inflow. There are ten types of dharma which are passionless modes of conduct :

1) Forgiveness; 2) Release from greed; 3) Straightforwardness; 4) Gentleness; 5) Lightness;

6) Truthfulness; 7) Self-restraint; 8) Penance; 9) Renunciation ; 10) Celibacy

Practicing these dharmas in one's day-to-day life controls one's passions and stops the unnecessary activities of mind, speech, and body. It leads a person to emancipation.

- **Twelve Bhavnas, Anupreksha (Contemplation)**

Anupreksha is a kind of meditation. Reminding oneself of bhavnas accelerates practicing the same in our daily life. There are twelve types of anupreksha, Bhavnas i.e. concepts to meditate upon namely; impermanence, helplessness, transmigration, loneliness, distinctness of soul from the body, the impurity of the body, an influx of karmas, inhibition of karmas, shedding of karma, righteousness, the cosmos, and the difficulty of attaining enlightenment. By practicing contemplation one becomes thoroughly detached and is able to attain the highest form of liberation.

- **Twenty two Parisahajaya**

This requires enduring twenty-two parisaha (hardships). These endurances as described in scriptures are by controlling hunger, thirst, cold, heat, resisting insect bites, nudity, boredom, women, travel, sitting and the posture for practicing austerities, the sleeping place, indignation for reproach, injury caused by others, seeking alms, lack of gain, physical ailment, the touch of thorny grass, dirt, honor and reward, lack of intelligence and loss of faith. These are arbitrated in order to facilitate the strict observance of the vows and the weakening of karmic bondage. One should endure all these hardships with an approach to inhibit the inflow of karma.

- **Five Chaaritra (right conduct)**

Your conduct exhilarates your character and being in the state of equanimity through spirituality is the right conduct. Your right conduct contours your Chaaritra. In order to explain this in detail, Jain scriptures have classified right conduct into five categories of Chaaritra. Of these, the first one is applicable to common people and the remaining four are meant to be followed by Monks - those who have renounced worldly life.

**1) Samayik Chaartira -** Applicable to common people, explains the right form of conduct by remaining in equanimity for a certain period of time, minimum 48 minutes

**2) Chhedo-Pasthaapana Charitra -** To live a life of an ascetic

**3) Parihaara -** Vishuddhi Charitra - To follow a distinctive type of penance to be conducted by an ascetic to be conducted in a remote place away from worldly life.

**4) Sukshma Samparaaya Chaaritra -** To live a life of an ascetic free of any kind of Kashaayas

(Deceit, ego, anger, greed ) and with only one desire to attain Moksha.

**5) Yathaakhyaata or Vitaraaga Charitra -** Living a life of Kevali. One who has attained the highest peak of spirituality & attained liberation. Living life in serenity free of any form of passion.

Consider any object in your house that is very precious to you such that you want to preserve that for a long time. We implement all the possible ways to protect it from dirt and wear off. Either we wrap it with a protective plastic case or we keep it safe in a box or whatever way it be. Then, even if we pour water or throw dirt over this protective box or plastic case, the object will remain unaffected and will be just as safe. On the other hand, forgetting about these worldly materialistic greeds and attachments, have we ever thought that our Soul is the most precious gift we have in this life? To protect our soul from all forms of impurities, karmic particles ought to be our priority and endeavor of this human life. We need to have a protective case around our soul such that whatever soever, our soul will remain unaffected by any forms of Karamas. This protective case that would block the inflow of Karama is through Samvar Bhavna. Contemplation of Samvar Bhavna would accelerate evil thoughts, and one would become absorbed in achieving spiritual knowledge, meditation, etc.

Our soul is prone to wander in the worldly affairs living in this worldly life. So many delusions and false distractions around us would certainly attract

karmic particles and cause an inflow of Karma. But it is up to us and our choice if we wish to block this inflow or just ignore the inflow and keep welcoming Karmic particles to get easily attached to our soul. We do not acumen the existence of us through our soul but we identify ourselves with the outer physical body that we represent ourselves with. First, you need to interrogate who you are. Your existence is through your soul which resides in this body of yours. Your responsibility is to purify your soul and keep it protected from any form of inflow of Karma so as to break the cycle of death and birth, so as to overcome sufferings so as to achieve liberation and justify this human birth through spirituality.

One who is adamant and desirous for salvation must make arduous efforts to progressively stop the influx of new karmic particles to the soul.

Mahatma Gandhi once said, *"Non-violence is not to be used ever as the shield of the coward but it is the weapon of the brave".* So let us use this weapon to protect our soul and block the influx of karma, to seek serenity and liberation. Let us practice spirituality through mind, speech, and action and conquer the goal of this human life.

✦ ✦ ✦

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

---

# સત્ય

**મહેશ પઢારિયા**

**''હિરણ્યમયેન પાત્રેણ**
**સત્યસ્યાપિહિતમ્ મુખમ્;**
**તત્ ત્વં પુષન્નપાવૃણુમ્**
**સત્યધર્માય દષ્ટયે.''**
**– ઈશોપનિષદ**

ઈશોપનિષદના ઋષિ દીર્ઘતમસ સૂર્યની પ્રાર્થના કરતાં કહે છે : ''હે દેવ! જે સોનાના પાત્ર દ્વારા ઢંકાયેલ છે, એવા હિરણ્યગર્ભ 'પરમ સત્ય'નાં દર્શન અમને કરાવો.'' ઋષિને સત્યથી ઊતરતી કશી ચીજ ન ખપે, પણ સત્યને પામવામાં જે ખરી મુશ્કેલી, ભયસ્થાન જે છે, એ પણ ઋષિ આપણને બતાવતાં કહે છે, કે આ સત્ય સુવર્ણનાં પાત્ર દ્વારા ઢંકાયેલું છે. અર્થાત્ જે સાધક સુવર્ણના પાત્રમાં ન લોપાય એ પરમ સત્યનાં દર્શન કરી શકે એમ છે.

આપણે ત્યાં એક માન્યતા છે કે નાગણી જ્યારે ઈંડાં મૂકે ત્યારે એક કૂંડાળું કરે છે. એ કૂંડાળા બહાર જાય એ ઈંડામાંથી ફણીધર નાગ જન્મે. કૂંડાળામાં રહેલાં ઈંડાં નાગણી પોતે જ સ્વાહા કરી જાય! બસ આ બાબત જ સત્ય-પરમસત્યનાં દર્શન માટે લાગુ પડે એમ છે.

જે સાધક સુવર્ણના પાત્ર, માયાના આવરણમાં ન લોપાય તે સત્ય પામી શકે. આ સુવર્ણપાત્ર અને પરમસત્ય વચ્ચેનો સંબંધ સમજાવતાં ભગવાન શ્રીકૃષ્ણ ભગવદ્ગીતામાં 'યોગભ્રષ્ટ' શબ્દનો વિનિયોગ કરે છે.

કોઈ સાધક સાધનાપથ પર આગળ વધે અને સત્યે ન પામી શકે તો તે કોઈ ગર્ભશ્રીમંતના ઘેર જન્મે છે અને રિદ્ધિ-સિદ્ધિ એને સહજ રીતે પ્રાપ્ત થાય છે. છતાં તેમાં ન લોપાય અને શાધનાપથ પર આગળ ચાલે તો તે પરમ સત્ય-મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે.

ગીતાની આ વાત આબાદ રીતે સમજવા, સમજાવવા માટે આપણે આપણા અવતારી મહાપુરુષો રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, વિવેકાનંદ, ગાંધી વગેરેનાં જીવન તપાસીએ તો ખબર પડશે કે બધા જ રાજપરિવાર કે ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મેલા હતા. આપણે જેને દુઃખ ગણીએ છીએ, એવું એક પણ દુઃખ એમને નહોતું અને છતાં તેઓ સાધનાના પથ પર ચાલીને સત્યનો સાક્ષાત્કાર કરી શક્યા. ભગવદ્ગીતા મુજબ કદાચ અગાઉની અધૂરી સાધના જ આ વખતે પૂરી કરી હોય એવું ન બને?

જો ઉપરનાં ઉદાહરણો અને ઋષિ દીર્ઘતમસની વાતને આપણે શ્રદ્ધાપૂર્વક સાચી માનીએ તો એ વાત સાથે સંમત થવું ફરજિયાત બનશે. સત્યને પામવા સાધનાની સાથે સુવર્ણપાત્ર એટલે કે જેને આપણાં શાસ્ત્રો માત્ર ભૌતિકસુખનાં સાધનો ગણે છે એમાં ન લોપાવું એ પણ જરૂરી ગણાય.

અગાઉ જે મહાપુરુષોના નામનો ઉલ્લેખ કર્યો એ તમામે આવી સાવધાની રાખેલી અને એ આપણે એમનાં જીવનમાં જોઈ

શકીએ છીએ.

મહાત્મા ગાંધીએ પોતાને સત્ય અને અહિંસાના પૂજારી ગણાવેલા અને એમના જીવનમાં ભારતીય સંસ્કૃતિનાં આ બે શાશ્વત મૂલ્યો સત્ય અને અહિંસાનું કેટલું મહત્ત્વનું સ્થાન હતું એ દુનિયાએ જોયું છે. એમણે પ્રબોધેલાં અગિયાર મહાવ્રતોમાં પ્રથમ સ્થાન 'સત્ય'ને મળ્યું એ ખૂબ સૂચક ગણાય!

બાપુના સત્યપણા પર એમના ચાહકોને જ નહીં, પણ એમના અદના દુશ્મનોને પણ કેવો સો ટચનો ભરોસો હતો એ સમજવા એક જ પ્રસંગ પૂરતો થશે. દક્ષિણ આફ્રિકાની ધરતી પર એમની સત્યસાધના ચરમસીમાએ જોઈ શકાય છે. (મારી આ વાતની ખાતરી કરવા વાચકો ઇચ્છે તો પ્રભુદાસ ગાંધીનું 'જીવનનું પરોઢ' પુસ્તક જુએ, તો ખરા અર્થમાં ગાંધીને પામી શકે.)

દક્ષિણ અફ્રિકાના સત્યાગ્રહ વખતે અંગ્રેજ અધિકારી જનરલ સ્મટ્સનો ગાંધીદ્વેષ જાણીતો અને જાહેર હતો. સરકાર અને ગાંધીજી વચ્ચે સમાધાન થતાં સત્યાગ્રહ સફળ થયો. સમાધાનનો મુસદ્દો લખાઈ પણ ગયેલો પણ, જનરલના હસ્તાક્ષર હજી નહોતા થયા. એવામાં ભારતમાં રહેલાં કસ્તૂરબાની તબિયત એટલી હદે બગડી કે 'બચવાની કોઈ શક્યતા નથી' એમ કહીને ડૉક્ટરોએ હાથ ઊંચા કરી લીધેલા. ટૂંકમાં ગાંધીજીનું તાબડતોબ ભારત આવવું અનિવાર્ય બની ગયું હતું. પરંતુ સમાધાન પર જનરલના હસ્તાક્ષર થાય અને એ કાયદેસરનું બને ત્યાં સુધી ગાંધીજી ત્યાંથી ન ખસવા મક્કમ હતા.

ગાંધીજીના શુભચિંતકોએ જનરક સ્મટ્સને હકીકત બતાવી. જનરલે વાંચ્યા વિના – 'ગાંધીએ સમાધાન વખતે વાત ન થઈ હોય એવો એક પણ મુદ્દો આ લખાણમાં નહીં જ મૂક્યો હોય' એવી શ્રદ્ધા સાથે હસ્તાક્ષર કરેલા. સત્યના આગ્રહને સમજતાં ગાંધીજી કહેતાઃ ''સત્યનો રસ્તો લાગે લાંબો પણ છે ટૂંકામાં ટૂંકો.''

વકીલાતના ટૂંકા વ્યવસાયમાં પણ એમણે આ વાત સિદ્ધ કરેલી. આફ્રિકામાં તમામ જજને ખાતરી થઈ ગયેલી કે ગાંધીની વાત ખોટી ન જ હોય! અને એમને અન્ય વકીલો કરતાં વધુ કેસો મળતા લાગેલા.

સત્ય સ્વયં એટલું મજબૂત મૂલ્ય છે કે અન્યના ટેકાની એને જરૂર નથી પડતી. સત્યવક્તા પટાવાળાનો પ્રભાવ જુઠ્ઠાબોલા બૉસ ઉપર પડે એ અશક્ય વાત નથી!

અરે એક પ્રયોગ કરવા જેવો છે; જે ઘડીએ આપણે ખોટું બોલીએ કે કરીએ તે જ ક્ષણે આપણો ચહેરો અરીસામાં જોવો જોઈએ. આપણો ચહેરો આપણને જ પ્રભાવહીન લાગશે!

નાના નાના જૂઠ આપણા અસ્તિત્વને ખંડિત કરતાં રહે છે અને આપણે એનાથી થતા ટૂકાં-તકલાદી લાભ (કે લોભ?)ને પંપાળતા રહીએ છીએ. ''ગઢ આલા પણ સિંહ ગેલા'' જેવો ઘાટ આપણા જીવનમાં રોજ ઘટતો રહે છે અને આપણો તકવાદી આનંદ ઉછાળા મારતો રહે છે.

ગાંધીની આંગળી પકડીને વિચારીએ તો ખરા કે સત્યના પાયા પર આજના વિશ્વની કેટલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે એમ છે.

સત્યને છેહ આપ્યા વિના તમે અન્યને છેતરી શકો? કામચોરી કરી શકો? હક્ક કરતા વધારે લઈ શકો? અન્યનું શોષણ કરી શકો?

અને આવું બધું ન કરી શકો તો ગરીબી, બેકારી, ભૂખમરો, ભ્રષ્ટાચાર, સામ્રાજ્યવાદ, ગુલામીપ્રથા, ઊંચ-નીચના ભેદો, સરહદી તણાવો વગેરેની ઔકાત ખરી કે દુનિયામાં ટકે? તો પછી યુદ્ધવિહીન દુનિયામાં. ઉપર ક્યાંક સ્વર્ગ હશે એવી કલ્પનાની જરૂર ખરી?

જવાબ સ્પષ્ટ 'ના' છે.

''સત્યમ્ શરણમ્ ગચ્છામિ...''

જય જગત!

✦ ✦ ✦

(લેખકના પુસ્તક : **બાપુનાં ૧૧ મહાવ્રત સુધીમાંથી સાભાર**)

## આચમન

**હિંદી : આચાર્ય પદ્મસાગરસૂરી • ગુજરાતી : પુષ્પા પરીખ**

હિન્દુ સાચો હિન્દુ બને અને ગીતાના આદર્શોને પોતાના જીવનમાં ચરિતાર્થ કરે, મુસલમાન પાકો મુસલમાન બને અને કુરાનની આયાતોને જીવનમાં ઉતારે, જૈન સાચો જૈન બને અને આગમ પ્રમાણે જીવન જીવે, ઈસાઈ વાસ્તવિક ઈસાઈ બને અને બાઈબલમાં બતાવ્યા પ્રમાણે ચીંધેલા પથ પર ચાલે – આ પ્રમાણે દરેક વ્યક્તિ પોતાના ધર્મગ્રંથો અનુસાર જીવન વીતાવે તો દેશની અર્ધાઉપરાંતની સમસ્યાઓનો અંત બહુ જલ્દી આવી જાય. પછી તો આપણો દેશ રામરાજ્ય નહીં પણ સ્વર્ગ જ બની જાય.

✦ ✦ ✦

# જો હોય મારો અંતિમ પત્ર તો...

(અનુસંધાન કવર પાનું ૪૮થી)

કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરું એ દરેક પરિવારજનો, શિક્ષકો અને મિત્રો પરત્વે, જેઓની હૂંફ, શિક્ષા અને દોસ્તીએ અનેક જાતની આંતરિક પ્રતીતિએ કરાવી, જીવનનો અર્થ સમજાવી એના અર્કનો આસવ પીવડાવવામાં ય મણા ન રાખી! અસ્તિત્વનું ઉખાણું ઉકેલવામાં સહાય કરી છે અનેક ઉચ્ચાત્માઓએ, જેઓએ નાદબ્રહ્મની ઓળખ કરાવી, તેની પડખે મૂકી! કહે છે : ચોથા માર્ગની તળેટીમાં આવતાં પૂર્વે મનુષ્ય પાસે અમુક ચોક્કસ વજનની આધ્યાત્મિક સજ્જતા હોવી અનિવાર્ય છે, કિન્તુ ગુરુકૃપાએ ક્યારેક ગૂઢ ખજાનાનું અજવાળું અનાયાસે જ આંખો સામે પથરાઈ જતું હોય છે! તેવા ખોજી બનાવવા પ્રેરક ગુર્જીએફ, અખો, કબીર, જિબ્રાન, તુલસીદાસ, ગંગાસતી, મીરાંબાઈ કે આનંદઘનજી જેવા અનેક ભદ્રંકર સૂફી ખોજીઓએ દર્શન કરાવ્યું અસ્તિત્વના સુંદર સત્યનું! એ દરેકને ભાવભરી કરવી છે વંદના!

પાવન તીર્થધામોના ગર્ભદ્વારે ઊભા રહીને જ્યારે ભાવાશ્રુ સર્યા છે અને આત્મખોજના મનોરથ ઝર્યા છે, ત્યારે ત્યારે જીવન સાર્થક લાગ્યું છે, તે તમામ તીર્થદ્રષ્ટા-સૃષ્ટાનો ય ઉપકાર સ્વીકારવો છે! વળી માનવજન્મ સ્વયં જ એવી તીર્થયાત્રા છે કે જેમાં પોતાને મળવાના પરમ ધર્મ સાથે પરચેતનની નિસબત અને સાતત્યની પહેચાન કરાવનાર પ્રત્યેક શિષ્ટ સાહિત્યને ય થેન્ક યુ, જ્ઞાનાનંદની દિશા દર્શાવવા માટે!

જગતને હજુ તો જાણવા માંડીએ, ત્યાં જ ખબર પડે કે લે બોલ! જાતને તો હજુ જાણી જ નહીં ને વિદાયની વેળા આવી યે ગઈ! એવું તો જન્મોજન્મની ક્ષિતિજે કેટલાંયે જન્મોથી ચાલતું આવતું હશે કે જીવનઝરૂખે ઉભીને એ સબ્લાઈમ ક્ષણોને ડૂબતાં સૂરજ સાથે માણતાં જ આવી ગયો હશે જીવનાન્ત!

આ જન્મે ફરીથી આવીને ઊભી રહી ગયેલી એવી જ આ ક્ષણે, જેના એક જ અસ્તિત્વમાં ઉર્જાનો પ્રચંડ ધોધ અને મૈત્રીનું કલકલ નિનાદ ઝરણું પણ વહેતું, એવા આપણા પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ખૂબ જ આવે છે યાદ! તેમની ગેરહાજરીમાં તેમના જ શબ્દો ઘડી રહ્યાં છે ભાવવિશ્વને, ત્યારે તેમની પત્રગંગા તથા હસ્તાક્ષરના અક્ષયપાત્રોની અધ્યાત્મશ્રેણીને સલામોસલામ કરી કહેવું છે : 'સાહેબજી!' ભાવિમાં આ દેહનું ટાઈટલ કવરપેજ ભલે અલગ અલગ હોય, જીવનગ્રંથની અનુક્રમણિકામાં તો તમે જ રહેજો. પ્રથમથી અંતિમ પ્રકરણના કેન્દ્રબિંદુમાં, જે અહંથી અર્હંની યાત્રા કરાવી સિદ્ધશિલા પર્યંત લઈ જાય, કેમકે આ સ્ટાર્ટ-સ્ટોપ-ઓબ્ઝર્વ-કન્ટિન્યૂ-ઈમ્પ્રુવની કથાનો થાક લાગે છે! તેથી હવે એસ્ટાબ્લીસ્ડ કરજો પરમ ભદ્રંકર નમસ્કાર મંત્રના શરણે રાખી!

આયુની સાંધ્યઝાલર સુણાય છે, તેથી વારેવારે આંખોમાં ભેજ બાઝી જાય છે! જીવનાન્તે સરવૈયું તપાસું છું તો મળે છે એવાં ઘણાં સમયખંડો પણ, જેના થકી સાર્થકતા અને સભરતા ય અનુભવી હોય! Something really fulfilling! જેને યાદ કરતાં અંતરકટોરી છલકાઈને વધુ મૂલ્યવાન થઈ ઉઠે છે! તેથી જ મૃત્યુ પામું, તે પૂર્વે શું કરવું છે અને શેમાંથી બાકાત રહેવું છે, તેની મથામણ હવે બૂઝાઈ ગઈ છે! એક કલેરીટી આવી છે કે હવે ઈમોશન્સ સાથે કમ્પેટિબીલીટી વધારવી છે, રીવીઝનની હિસ્ટ્રી ડિલિટ કરીને સૌ સાથે સ્નેહશેરિંગનું કોલાબોરેશન કરવા ઑનલાઈન ઉપરાંત વિચારોમાં ઑફલાઈનમાં પણ સૌ જીવો સંગે ગ્રુપકોલિંગમાં જોડાઈ રહીને ઈન્ટિગ્રેશન વધારવું છે. આ ટેક્નોવર્લ્ડમાં વર્ડ સાથે તો ઘણી કમ્પેટિબલ રહી, હવે મનનાં કલાઉડ સ્ટોરેજમાં માત્ર પંચપરમેષ્ઠીને રાખીને તેને ગમતા પ્રોફાઈલમાં લિંકડઈન રહેવું છે! વિઝિબિલિટી ઓછી રાખી હવે આત્મા માટે અવેલેબીલીટી વધારવી છે!

પત્રાન્તે તમને બંનેને એક જ વાત કહીશ :

આ સૃષ્ટિ એ સમયથી પર એક એવું સ્વયંસંચાલિત યંત્ર છે કે જેના આપણે નાના-મોટા પૂર્જા છીએ. તે યંત્ર નિર્વિઘ્ને ચાલે માટે આપણે માત્ર એ role અદા કરવાનો છે કે : 'જે કર્તવ્ય આપણી સમક્ષ ઉપસ્થિત થાય, તેને વર્તમાન ક્ષણમાં રહી પૂર્ણ નિષ્ઠાપૂર્વક બજાવવું! ખુદના અસ્તિત્વનો કોઈ પણ ઉંમરે થતો પ્રથમ અહેસાસ, એ જ આપણી જન્મતારીખ અને મૃત્યુ માટે અંતર્મુખ રીતે તૈયાર થવું, તે જ આપણી સિદ્ધિ, પછી મરણતિથિ ભલે હો કોઈપણ!'

અને હા... પ્રાંતે માનવો છે આકાશ ઉભરાય તેટલો આભાર તમારા બંનેનો અને પ્રેમનો જ પ્રકાશ રેલાવતાં મુજ જીવનસખાનો કરવો છે ઋણસ્વીકાર, જેનાથી ઉઋષર્ણ થવાનું હાલ તો કોઈ જ આયોજન નથી, કેમકે આપણે બંદા તો મોક્ષપર્યંત તમો ત્રણેને છોડવાના જ નથી! અસ્તુ.

તમારા બંનેનું વ્હાલ પામ્યાં જ કરતી મમ્મીનું વ્હાલ!


✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૨ ૧૫૫૦૦, રાજકોટ

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : અણદીઠેલી ભોમ**
**સંપાદન : કિશોરસિંહ સોલંકી**
**પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, ૧૦૨, નંદન કૉમ્પ્લેક્સ મીઠાખળી અમદાવાદ - ૩૮૦ ૦૦૬**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૭૬, મૂલ્ય : રૂા. ૨૨૦/-**




અજાણ્યા મૂલકને ખૂંદવા સદાય તત્પર, પ્રકૃતિ અને સંસ્કૃતિના નાવીન્ય પ્રત્યે આકર્ષાતા સૌંદર્યમુગ્ધ લેખકના આ પ્રવાસવર્ણનો છે.

અરવલ્લીના ખોળામાં જેમનું શૈશવ પાંગર્યું છે, જેમને મન પ્રવાસ એ 'પંચેન્દ્રિયનું પર્વ' રહ્યું છે તેવા લેખકે ગામના સ્થળે, ગમતા લોકોની સાથે રહી જે સુખદ અનુભૂતિ કરી છે, તે અહીં પ્રગટ કરી છે.

નોર્વેની રાજધાની ઓસ્લો સ્થાપત્યવાળા અદ્‌ભૂત નમૂના સમી, વિશ્વની અજાયબીઓમાં સ્થાન પામેલી ૧૦ હજાર માઈલ લાંબી ચાઈનાની દીવાલ, સમગ્ર વિશ્વમાં બૌદ્ધ પૂજાનું સહુથી પવિત્ર સ્થળ 'ટેમ્પલ ઑફ ટૂથ રેલીક'નું ઘર – શ્રીલંકાનું કેન્ડી, સાત ટેકરીઓ પર વસેલું પોર્ટુગલની રાજધાનીનું શહેર લિસ્બન, રાજધાની મેડ્રિદ અને ગ્રામ્ય પરિવેશ ધરાવતું વિલેના આ બધા વિશે લખ્યું છે.

લેખકે પ્રત્યેક સ્થળવિશેષના સૌંદર્યની સાથે એનો ઐતિહાસિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક પરિચય આપ્યો છે. એ સ્થળની સાથે જોડાયેલી કેટલીય ઘટનાઓને વર્ણવી છે, એ નિહાળતી વખતે લેખકના ચિત્તમાં થતી સ્મૃતિઓનું અનુસંધાન અને સર્જાતો ભાવલોક આસ્વાદ્ય બની રહે છે.


ઓસ્લોનો ૧૧૦ એકરમાં ફેલાયેલો, વૃક્ષો અને શિલ્પોથી ખચિત ફ્રોગ્નર પાર્ક, આકાશમાંથી પણ દેખાતી ચાઈનાની દીવાલ, બૌદ્ધ લોકોની આસ્થા અને ભક્તિનો મહિમા પ્રગટ કરતું કેન્ડી, લિસ્બનનો બેલીમ ટાવર, ટાગુસ નદી, સાગરખેડૂ પોર્ટુગલવાસીઓના અપ્રતીમ શૌર્યને પ્રગટ કરતું 'મૉન્યુમેન્ટ ટુ ધ ડિસ્કવરીઝ,' મેદ્રિદનું સ્પેનના ચિત્રકારો, શિલ્પકારોની કળાકૃતિઓમાં સંગ્રહ ધરાવતું પ્રાડો મ્યુઝિયમ અને વિલેનાના સહજ સૌંદર્યને ઝીણવટભરી નજરે લેખકે વર્ણવ્યું છે. લેખકની સાથે ભ્રમણ કરતો વાચક પોતીકા પ્રવાસની સ્મૃતિઓને પણ સાથે જોડી દે છે.

વિશ્વ પ્રવાસની સાથે લેખકે યાત્રાની અનુભૂતિ પણ આલેખી છે. નદીઓ આપણા દેશમાં 'પુણ્યસલિલા' કહેવાય છે. જેના દર્શન માત્રથી પુણ્ય મળે છે તેવી 'સૌંદર્યની નદી' નર્મદાનું ઉદ્‌ગમ સ્થાન અમરકંટક, ગૌરવવંતી મહારાણી અહલ્યાબાઈ હોળકરની રાજધાની મહેશ્વર, જૈનોની પવિત્ર ભૂમિ શત્રુંજય તીર્થની યાત્રાનો આધ્યાત્મિક આનંદ પણ અહીં શબ્દસ્થ થયો છે.

વરસાદની અનવરત ધારાથી ભીંજાતું ચેરાપુંજી, મેઘાલય, દાવડી અને સાતપુડાના ગાઢ જંગલોનો પ્રવાસ પણ વાચકોને અજાણ્યા સ્થળે મહાલવાનો અદ્‌ભૂત આનંદ આપે છે. અણદીઠેલી ભોમ પર પગલા પાડવાનો રોમાંચ જેટલો લેખકને છે તેટલો જ ભાવકને પણ. દેશવિદેશની ભૂમિના અજાણ્યા સ્થળોની રંગીન તસવીરો જોવાની વાચકની ઝંખના મુખપૃષ્ઠ થકી થોડેક અંશે તૃપ્ત થાય છે.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : પ્રસન્નતાનો પ્રસાદ**
**સંપાદન : ચંદ્રકાંત શેઠ**
**પ્રકાશક : આર. આર. શેઠની કંપની, દ્વારકેશ, રોયલ અપાર્ટમેન્ટની બાજુમાં ખાનપુર અમદાવાદ - ૩૮૦૦૦૧**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, પૃષ્ઠ : ૧૧૨ મૂલ્ય : રૂા. ૧૨૫/-**




માનવ જીવનને સુંદરતમ બનાવવાના શુભ સંકલ્પે લખાયેલા, સાર્થકતાનો સંદેશો આપતા લેખ અહીં 'પ્રસન્નતાનો પ્રસાદ' બન્યા છે.

કવિતા, નિબંધો, ચરિત્ર ચિહ્ન, વિવેચન, સંશોધન અને સંપાદનના ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કરનારા ચંદ્રકાંત શેઠના અત્યંત પ્રસાદિક

શૈલીએ લખાયેલા, આપણા માંહ્યલાને મજબૂત કરતા, જીવનની હકારાત્મકતાને અજવાળતા, શુભનું સંવર્ધન કરતા પ્રસ્તુત શબ્દસંદેશાઓ વર્ષોથી 'અખંડ આનંદ'ના પ્રથમ પૃષ્ઠ પર પ્રગટ થતા રહ્યાં છે. વાચકોએ ખૂબ વહાલથી તેને વધાવ્યા છે.

જીવનદેવતાને જ ઈષ્ટદેવતા ગણાવતા સર્જક કહે છે, ''આપણી સમગ્ર ઉર્જા, આપણું સર્વસ્વ જીવનદેવતાને અર્પણ કરીએ તો જ ધન્યતા અને પ્રસન્નતાનો ભાવ પ્રગટે, તો જ આપણી જીવવાની પ્રક્રિયા ફળવતી-અર્થવતીને રસવતી હોવાનો અહેસાસ થાય – જીવતરની સભરતાનો આહ્લાદક અનુભવ થાય ને આપણું આયુષ્ય આપણને ઉત્સવ જેવું લાગે''. દેહરૂપી આલય, દેવાલય બને તેને કાજે સાચી જાગૃતિ કેળવીએ, પરમ ચેતના સાથે અંતરતમ સાયુજ્ય કેળવીએ – બાહ્ય જગતની ધાંધલ ધમાલમાં ભીતરના ઝીણા અવાજની અગણના ન થાય તેની કાળજી કરીએ. જ્યાં ભલાઈ ત્યાં ભગવાનની અનુભૂતિ કરીએ અને આ મહામૂલા મનુષ્ય અવતારમાં આપણી ગતિ સતત પવિત્રતા બની રહે.

પૃથ્વી, જળ, વાયુ, આકાશ અને અગ્નિ. પંચતત્ત્વોથી સજાર્યેલા માનવદેહને પરમાત્માનો પ્રસાદ સમજીને તે જરાય દૂષિત ન થાય તેની જવાબદારી સમજાવતા આ ઓજસવંતા સૂકિત સંદેશાઓ વારંવાર વાંચવા ગમે તેવા અર્થસભર છે.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : હાસ્યાખ્યાન**

**સંપાદન : સુકેતુ પટેલ**




**પ્રકાશકઃ સુકેતુ પટેલ, સી-૮, રાજહંસ સોસાયટી, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦,**

**પૃષ્ઠ : ૧૨૫, મૂલ્ય : રૂા. ૧૩૫/-**

આપણા સહુના રોજિંદા જીવનમાં કેટલાયે પ્રસંગોએ આપણી સ્વયંની કે અન્યની બેવકૂફીને કારણે સર્જાતા, ગોટાળા હાસ્યનું કારણ બનતા હોય છે.

સુકેતુભાઈએ નિવૃત્તિના સમય આવા, અનાયાસે આસપાસ સર્જાતા ગોટાળાઓને 'હાસ્યખ્યાન'માં નિરુપ્યા છે. દાદી સ્વ. ગંગાબેન પટેલ અને ફોઈ ધીરુબેન પટેલ પાસેથી સાહિત્ય પ્રીતિનો વારસામાં જ ગ્રહણ કરી હોવાથી, આવા પુસ્તકો તેઓ લખી શકે છે.

મુલ્લા નસરુદ્દીનની જેમ સુકેતુભાઈએ દોલતરામ ખોજીના પાત્રને માધ્યમે હળવું હાસ્ય પીરસ્યું છે. રોંગ નંબરની રામાયણ, વોટ્સએપ સંદેશાઓની ભરમાર અને તેની પ્રકાર, OTPની રામાયણ, રામદેવબાબાની રેસીપી મુજબ રસોઈ બનાવવાની માથાકૂટ, કારણ વગર અડ્ડો જમાવી દેતા પાડોશીઓ, જેની ભાગ્યે જ જરૂર હોય તેવી મિટીંગો, રસોડામાં દર વખતે બદલાઈ જતા ડબ્બાઓના સ્થાન, પત્નીના હિંદી ભાષા બોલવામાં થતા છબરડા, ખબર પૂછવાને બદલે બિમારીમાં ગભરાવી દેતા લોકો, પત્નીની સામે ભારે પડતી શરતો જેવા લઘુ હાસ્ય લેખો વાચકનાં મુખ પર મલકાટ લાવે છે.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : કોમા એટલે અલ્પવિરામ કે પૂર્ણવિરામ**

**સંપાદન : આરતી વિવેક શાહ**

**અનુવાદ : જિતેન્દ્ર શાહ**

**પ્રકાશક : પ્રાર્થના પબ્લિકેશન, ૧૯, પ્રિયદર્શિની ટાવર, જજીસ બંગલો રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫**




**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧,**

**પૃષ્ઠ : ૧૨૪, મૂલ્ય : રૂા. ૧૨૦/-**

પ્રિયજન જીવન મરણના ઝોલા ખાતું હોય, ત્યારે એના પોતીકા સ્વજનોની ચિંતા, પીડા, વિષાદ, વિવશતા – ઈશ્વરને કાકલૂદી અને એ બધાથી ઉપર ઉઠીને પ્રતિપળ સજાગ રહીને હાર્યા વગર, તૂટ્યા વગર, ઝઝૂમીને મૃત્યુના મુખમાંથી એને પાછા લાવવાની કથા એટલે 'We fall to rise' – આરતી શાહના આ પુસ્તકનો સમસંવેદના થકી જિતેન્દ્ર શાહે અનુવાદ કર્યો છે. એક સત્ય ઘટનાત્મક કૃતિ છે. સાચૂકલા સંવેદનોને શબ્દોના શણગારની આવશ્યકતા નથી રહી.

કોમ્યુનિકેશન મેનેજમેન્ટના કન્સલ્ટન્ટ, રાજકારણ અને રમતગમતના રસિયા, અચ્છા લેખક વિવેક શાહ, પોતાની શાળા ચલાવતી શિક્ષિકા પત્ની આરતી અને ૧૭ વર્ષીય પુત્રી પ્રાર્થનાના પ્રસન્ન જીવનમાં અચાનક એક તોફાન આવ્યું. વિવેકભાઈને પેટના દર્દની તકલીફ શરૂ થઈ, એન્જ્યોગ્રાફી, બાયપાસ સર્જરી અને પછીથી કોમામાં સરી પડેલા કથાનાયકને મૃત્યુની મુખમાંથી પાછા લાવવા માતા-પુત્રીએ રીતસરનો જંગ આદર્યો. ડૉક્ટરો જેટલું જ સમજીને, તેમની પાસેથી શીખીને, રાત-દિવસ ઉજાગરા વેઠીને, પળે પળે ઊભી થતી નવી નવી શારીરિક પીડામાંથી વિવેકભાઈને જે રીતે

બેઠા કર્યા તે નવ વર્ષની ઘટનાઓનું આંતરિક વ્યથા સમેતનું વર્ણન લેખિકાએ ખૂબ સ્વસ્થતાથી કર્યુ છે. અખંડ ચાલતા રહેલા શ્રધ્ધા અને સમર્પણના દીપકે જીવનના અંધકારમાં પાવન ઉજાસ પાથર્યો, પ્રિયજનની તંદુરસ્તીની સાથે તેનો આત્મિવિશ્વાસ પાછો લાવવા માટે અપાર ધૈર્ય અને ઉત્સાહ સાથે રોજ નવા આયામ આદર્શોની આવશ્યકતા છે. લોકોની બિલકુલ પરવા કર્યા વગર પથારીવશ રહેલા વિવેકભાઈને બેઠા કરી, બેડરૂમમાંથી બહાર લાવી કારમાં બેસાડી અને બે વર્ષને આઠ મહિનાનના અંતે પોતાની ઓફિસ સુધી પહોંચાડવાનો અદ્ભૂત પ્રયત્ન પ્રસન્નતામાં પરિણમ્યો.

લેખિકાની ડાયરીના પૃષ્ઠો, પતિ-પત્ની અને પુત્રીની સુંદર તસવીરો, સ્નેહીસ્વજનોનો, મિત્રોનો સાથ, ડૉક્ટરોની સરાવ અને અપાર આત્મશ્રધ્ધા આ કથાને એકી બેઠકે વાંચી જવા મજબૂર કરે છે. લેખિકાએ ક્યાંક વાંચેલી તો ક્યાંક સ્વરચિત કવિતાની પંક્તિઓએ પીડાની આ પળોને ધાર બની છે. પુત્રી પ્રાર્થનાએ શક્તિનો પુંજ બનીને પ્રતિપળ વહાલા ફાઈટર પપ્પાને ઉગારવાનો એકમેવ ઉદ્દેશ પરિપૂર્ણ કર્યો છે. ૧૭ વર્ષની દીકરીએ જે આસાધારણ પરિપક્વતા દર્શાવી છે, તે ખરેખર ગર્વ થાય તેવી, ગૌરવ પાત્ર તેવી છે. લેખિકા સાચું જ કહે છે,

'You are music to the house, you add colour to our world. you made a laugh and have taught us to live... proud of our moral support pillar of strength.'

વિવેકભાઈની 'ઘરવાપસી'ની આ કથા, બીમારીમાંથી બહાર આવવાની આ કથા ત્રણ વર્ષની નિતાંત સંઘર્ષ, પીડા, હતાશા ને શ્રધ્ધાની આ કથા લેખિકા કહે છે તેમ આવા કપરા અનુભવોમાંથી પસાર થતા સહુ કોઈને માટે પ્રેરણા આપનારી બની રહેશે.

પુસ્તક વાંચ્યા પછી આ ત્રણેય પાત્રો આપણા પોતીકા સ્વજન બની જાય છે. અસ્તુ.

✦ ✦ ✦

## ભાવ – પ્રતિભાવ

**સ**પ્ટેમ્બર-૨૦૨૧ના ''પ્રબુદ્ધ જીવન''માં ભાણદેવજીનો લખેલ ''સત્યનો વિજય કેમ થતો નથી'' લેખ વાંચ્યો. જેમાં સત્યના પરાજયના કારણોની સુંદર છણાવટ કરી છે.

એ માટેના જે પાંચ કારણો જણાવ્યા છે (૧) સામર્થ્યનો અભાવ (૨) શાણપણનો અભાવ (૩) સંગઠનનો અભાવ (૪) સક્રિયતાનો અભાવ તથા (૫) પ્રતિકારનો અભાવ. આ પાંચે કારણોનું સચોટ રીતે વિશ્લેષણ કરેલ છે એ બદલ અભિનંદન અને ધન્યવાદ.

મારા મત મુજબ આમાં આપણે એક છઠ્ઠું કારણ જોડવું જોઈએ. જે અત્યારના યુગમાં બહુ જ મહત્ત્વનું અને જરૂરી છે. એ છે ''પ્રચાર''. આજના સમયમાં પ્રચાર તંત્રનો ઉપયોગ, ખાસ કરીને અસત્યના પ્રચાર કરવામાં એટલા મોટા પ્રમાણમાં કરવામાં આવે છે, કે સત્ય સંપૂર્ણપણે ઢંકાઈ જાય છે અને ઉપર દર્શાવેલ પરિબળો પણ પાંગળા બની જાય છે.

હિટલરના સેનાપતિ ગોબેલ્સે આનો ઉપયોગ એટલી સફળતાપૂર્વક કર્યો હતો કે આવા પ્રકારના પ્રચારનું નામ જ ગોબેલ્સનો પ્રચાર એમ પડી ગયું છે અસત્યને વારંવાર જુદા જુદા પ્લેટફોર્મથી રિપીટ કર્યા કરશો, તો મોટેભાગે લોકો એને જ સત્ય માનવા માંડશે, અને સાચું સત્ય સંપૂર્ણ ઢંકાઈ જશે. એમાં પણ આજના યુગમાં what's up, Youtube, Face book વગેરે જુદા જુદા સોશિયલ મિડીયાના માધ્યમો દ્વારા અસત્યને વધુ ઝડપથી ફેલાવી શકાય છે.

આથી જ હવે લોકો ગાંધી કરતાં, ગોડસેની વાતને વધુ સત્ય માનતા થઈ ગયા છે. એટલે મને લાગે છે કે ઉપરના પાંચ કારણો સાથે આ છઠ્ઠું મહત્ત્વનું કારણ પણ જોડવું જરૂરી છે.

✦ ✦ ✦

**– મણિલાલના વંદન**

## ગાંધી બોલે છે...

**અનુવાદ : હેમંતકુમાર શાહ**

☛ સાચી લોકશાહીમાં દરેક સ્ત્રી અને પુરુષને તેના પોતાના માટે વિચારવા શીખવવામાં આવે છે.

☛ જ્યાં કરોડો માણસો કામ વિના બેસી રહ્યા છે ત્યાં મજૂરી બચાવનારાં યંત્રોનો વિચાર કરવાથી કશો લાભ થતો નથી.

# અપીલ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના ઈ. સ. ૧૯૨૯માં થઈ છે. હાલમાં ૯૨ વર્ષ પૂરા કરી સંસ્થાએ ૯૩માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ સંસ્થાની યશસ્વી પ્રવૃત્તિઓમાં સંઘનું વિવિધ નામે પ્રકાશિત થતું મુખપત્ર એટલે વર્તમાનનનું ''પ્રબુદ્ધ જીવન''નું નિયમિત પ્રકાશન, આ મુખપત્રની સમગ્ર ૯૨ વર્ષના પ્રકાશનની ઓનલાઈન ડિજીટલ લાયબ્રેરી ૯૦ વર્ષથી આયોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા અને ૩૬ વર્ષથી ગરીબ, પછાત આદિવાસી પ્રજાના ઉત્થાન અને વિકાસ માટે કાર્યરત સંસ્થાઓ માટે માતબર ફંડફાળો ઉપલબ્ધ કરાવવો.

''પ્રબુદ્ધ જીવન'' ગંભીર કોટિનું મુખપત્ર છે. તે કોઈ રાજકીય કે સાંપ્રદાયિક પક્ષનું મુખપત્ર નથી. દેશમાં-સમાજમાં બનતી ઘટનાઓ વિષે, વહેતાં વિચાર પ્રવાહો વિષે, માનવજીવની અનેક સમસ્યાઓ અંગે તટસ્થ માર્ગદર્શન આપવું, એ લક્ષ્યથી આ સામાયિકનું સંપાદન કરવામાં આવે છે. આ સામાયિકમાં જાહેરખબરને કોઈ સ્થાન ન આપવું, એ નીતિનો પ્રારંભથી જ સ્વીકાર કરવામાં આવ્યો છે અને તેને આજ સુધી આ સંસ્થાએ જાળવ્યો છે. જાણીતા વિદ્વાનો સાધુ-સંતો પ્રબુદ્ધ જીવનમાં આધ્યાત્મિક, સાહિત્ય અને સામાજિક વિષયો ઉપર લેખ લખીને નિયમિત યોગદાન આપતા રહ્યા છે. સામાયિક વિશિષ્ટ વિષયો પર નિયમિત રીતે વિશેષાંકો પ્રકાશિત કરતું રહ્યું છે. ભારત, અમેરિકા, બ્રિટન અને અન્ય પરદેશોમાં ૩૫૦૦ કોપીઓ સાધુ સંતો, સંશોધકો, અભ્યાસુઓ, સુશ્રાવકો નિયમિત વાચકોને ઉપલબ્ધ થઈ રહી છે. ''પ્રબુદ્ધ જીવનને'' સંઘના સભ્યો અને વાચકોની સતત ત્રણ પેઢીનું સંસ્કાર ઘડતર કર્યું છે. આ સત્ય વિશે અમને નિયમિત વાચકોના યશ પત્રો મળતા રહે છે. ''પ્રબુદ્ધ જીવન'' સામાયિકને શ્રી સી. કે. મહેતાનો આર્થિક સહકાર પ્રાપ્ત રહ્યો છે.

પર્યુષણના દિવસોમાં મોટા શહેરોમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજવાને અને એ રીતે આઠ દિવસને સાચા અર્થમાં એક સંસ્કાર પર્વ બનાવવાની પરંપરા લગભગ ૯૦ વર્ષ પૂર્વે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે શરૂ કરેલ. પર્વના આઠેય દિવસે સંબંધિત સમયના પ્રખર વિદ્વાન વ્યક્તિત્વ ધરાવનાર સાધુ-સંત-મહાપુરુષોએ આધ્યાત્મિક અને સામાજિક વિષયો પર પ્રવચનો આપતા આવ્યા છે. પંડિત સુખલાલજી, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, માર્ટીન લ્યુથર કીંગ, અટલ બિહારી વાજપેયી, સ્વામી આનંદ, પાંડુરંગ શાસ્ત્રી, કાકાસાહેબ કાલેલકર, શ્રી ઉમાશંકર જોષી, વાડીલાલ ડગલી, જ્યોતીન્દ્ર દવે, ડૉ. પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, મોરારીબાપુ, ફાધર વાલેસ, હરિભાઈ કોઠારી, નરેન્દ્ર મોદી, વિમલાતાઈ, પંડિત બેચરદાસ... આ વ્યાખ્યાનો જૈન તત્ત્વવિચારના પાયાને સુદૃઢ કરવા અને માનવતાની મહેક ફેલાવવા માટે આયોજતા. વર્ષ ૨૦૦૮ થી તમામ સંપૂર્ણ વ્યાખ્યાનોનું ઓડિયો રેકોર્ડિંગ સંસ્થાની સાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ વ્યાખ્યાનમાળા સંપન્ન થઈ રહી છે.

આપણી સંસ્થા દ્વારા શ્રુતજ્ઞાનની આ બે ઉત્કૃષ્ટ આરાધના સમજીએ તો તે સુશ્રાવકો અને આરાધકો માટે ''ઉત્તરાધ્યયન'' સૂત્રમાં જણાવેલ છે કે જેમ દોરો પરોવાયેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી તેમ શાસ્ત્રજ્ઞાન સહિત જીવ સંસારમાં વિનિષ્ટ થતો નથી. તે જીવ જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના યોગોની અધિક, અધિકત્તમ ઉપલબ્ધિ છે. તે સ્વ સિદ્ધાંત અને પરિસિદ્ધાંતમાં વિશારદ થઈને સર્વને માટે સન્માનીય થઈ જાય છે. જ્ઞાન સંપન્ન આત્મા સંસારમાં રખડતો નથી. જ્ઞાન પ્રકાશરૂપે છે. સાધક તમે ત્યાં હોય પરંતુ જ્ઞાન પ્રકાશમાં પોતાનો માર્ગ શોધી લે છે.

સંસ્થાની આ પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહે એ માટે શ્રાવક ધર્મના ચાર સ્તંભ છે – દાન, શીલ, તપ અને ભાવ, તેમાંનો શ્રાવકનો સર્વપ્રથમ ધર્મ અને સર્વ પ્રથમ કર્તવ્ય દાન છે તેને કર્મ નિર્જરા અર્થે અમલમાં મૂકવા. આવો સંગમથી શાલિભદ્ર, ભામાશા અને જગડુશાની દાન ભાવનામાંથી પ્રેરણા લઈ આપણા જીવનમાં ઉતારીએ. જૈન ધર્મના પાયામાં અપરિગ્રહનો સિદ્ધાંત છે. પરિગ્રહની વિષમતા ઓછી કરવા પરિગ્રહ પરિણામ વ્રત આદરવું મુશ્કેલ લાગતું હોય ત્યારે દાન સરળ રહે છે.

પ્રત્યેક માનવના હૃદયમાં જગડુશા અને ભામાશા બિરાજમાન છે, આપના હૃદયમાં પણ બિરાજમાન છે, એ પ્રગટ થાવ અને અને સંસ્થાની આ પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહે એ માટે આ દાનની યાત્રામાં સહભાગી થાવ અને જ્ઞાન યજ્ઞમાં આપને પણ સમધિ અર્પણ કરવાની ભાવના પ્રગટો, પ્રગટશે જ.

**પ્રમુખશ્રી, મુંબઈ જૈન યુવક સંઘ**

તમારો આર્થિક સહકાર નોંધાવા માટે બેંકની વિગત નીચે મુજબ છે :

**Shri Mumbai Jain Yuvak Sangh,**
Bank of India,
Prathana Samaj Branch,
Current Account No. 003920100020260
IFSC BKID 000039
PAN AAATM2526P

આપનું દાન ૮૦-Gના નિયમ મુજબ કર માફીને પાત્ર રહેશે.
પેમેન્ટ બાદ સંઘના મેલ પર વિગત મોકલવાનું ચૂકશો નહીં.

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

ભારતી દિપક મહેતા

પ્રિય દીકરી અદિતિ તથા લિપિ,

પ્રેમ.

અમેરિકાના ન્યૂ ઑરલીન્સમાં અર્બન ટાઉનપ્લનાર તરીકે કાર્યાન્વિત કેન્ડીચાન્ગ નામે ૩૨ વર્ષના તાઈવાનીઝ અમેરિકન મહિલાને એકદા પ્રશ્ન થયો કે : 'લોકોને પોતાના જીવન સાથે નિસબત છે કે નહીં? તેઓ જીવનનો અર્થ અને હેતુ શોધવાની મથામણ કરે છે ખરાં?' અને એ તપાસવા નગરના એક અવાવરૂ મકાનની વિશાળ દિવાલને બ્લેક બોર્ડ બનાવીને લખ્યું : 'હું મૃત્યુ પામું તે પહેલાં...' અને નીચે કોરી જગ્યામાં નાગરિકોને લખવાર્થે પુષ્કળ ચૉક રાખ્યા! થોડા દિવસોમાં જ લોકોના અંતરંગ મનોરથોથી તે જગ્યા ભરાઈ ગઈ અને એ પછી તો વિશ્વના ૭૫ દેશોમાં ૫૦૦૦થી અધિક આવા બ્લેક બોર્ડ્ઝ નિર્માયાં પણ ખરાં અને ભરાઈ પણ ગયાં!

આજે એવું જ એક વ્હાઈટ બોર્ડ જ્યારે મારી સમક્ષ ખુલ્લું થયું છે, ત્યારે જો હોય મારો અંતિમ પત્ર, તો... મારે આ પત્રમાં સમગ્રતાથી જીવાયેલાં જીવનમાંથી ફરી ફરી પસાર થવું છે!

તમે બંને જાણો છો તેમ હું રહી લાગણીની માણસ એટલે યાત્રા મધ્યે મળ્યાં નર્યા સૌંદર્યભર્યા નિસર્ગના રંગોને જીવનનો અર્થ સમજાવે તેવા શબ્દો, જેની પરિક્રમાએ અદ્‌ભૂત અનુભૂતિઓ આપી, જેમાં સત્ય આપણી શરતે નહીં, તેની પોતાની શરતે આપણી પાસે આવી પહોંચે છે, તે ય અનુભવાયું!

મારે કહેવું છે કે : તમે બંનેએ ખળખળ વહેતી જીવનનદીનો અવાજ સાંભળવાનું પણ શીખ્યું છે, તેથી આજે જ્યારે તમારી જીવનનાવ તમે જ ચલાવો છો, ત્યારે આ નદીને જેમ વધુ સાંભળતાં જશો, તેમ સમજાશે કે આખી નદીમાં એકેય બિંદુ એવું નથી કે જ્યાં જલ કે તેનો કલકલ નિનાદ ન હોય! તમે ય નદીની જેમ વર્તમાનમાં જ રહી કોઈ resistance વગર ખળખળ વહેજો, રસ્તે મળે, તે સૌ જીવોને સ્નેહે સ્વીકારી તેમની પીડાને પણ અનુભવજો! અર્બન-પ્રોગેસ્ડ વિચારધારામાં એ વિસારે પાડતાં નહીં કે Giving is living! It is nice to be important, but it's more important to be nice!

જો હોય મારો અંતિમ પત્ર, તો... સૌ પ્રથમ તો મને નિગોદમાંથી બહાર આણવા સ્વયં સિદ્ધશિલા જઈ વસનાર તે સિદ્ધાત્માને સહસ્ત્ર વંદન કરવા છે! તે ઋણ ચૂકવવા મારે ય હવે મોક્ષગામી થઈ એક અન્ય જીવને નિગોદથી બહાર આણવો જ રહ્યો, જે માટે આ કાળે મને જેમાં રહેવા મળ્યું, તે શરીર જેમાંથી બન્યું, તે પંચમહાભૂત તત્ત્વોનો માનવો છે આભાર, કેમકે નાશવંત એવા આ શરીરના માધ્યમે જ પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થકી અક્ષયપદ પામવા મોક્ષમાર્ગે પ્રગતિ કરી શકુ એમ છું! એ જ પંચતત્ત્વોમાંથી સર્જાયેલ સૃષ્ટિનાં ૫૬૩ ભેદે દરેક જીવોનો ઋણસ્વીકાર પણ કરવો છે, કેમકે परस्परोपग्रह जीवानां! વળી ૧૮ લાખ, ૨૪ હજાર, ૧૨૦ પ્રકારે આજ પર્યંત જે જે હિંસા થઈ હશે, તે માટે દેવ-ગુરુ-આત્મસાક્ષીએ તે સર્વ જીવોની ક્ષમા ય માંગવી છે!

આ ખોળિયું આપનાર માત-પિતાના ઉપકારોથી તો ઉત્ઋર્ણ થવાનું શક્ય જ નથી... અને એટલું જ અશક્ય છે પૂજ્ય ગુરુમહારાજે કૃપાપાત્ર ગણીને આશીષ વરસાવી પંચપરમેષ્ઠી-નવપદજી-તત્ત્વત્રયી-રત્નત્રયી વગેરેને સેવવાથી ખુલ્લો થતો મોક્ષમાર્ગ દેખાડ્યો, તેના ઋણમાંથી મુક્ત થવાનું!

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૩)*

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra,
Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415
**Editor : Dr. Sejal M. Shah**
Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.